# ઈશ્વરના શબ્દ–
# ચમત્કારિક બીજ



ઈશ્વરના શબ્દ દ્વારા અલૌકિક સામર્થ્યનો અનુભવ

**આશિષ રાયચૂર**

**ફક્ત મફત વહેચણી માટે**
ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરિચ, બેંગ્લોર, ઈંડિયા દ્વારા છાપણી અને વહેંચણી
અત્યારની પ્રત: 2026

**માહિતી માટે સંપર્ક કરો**

All Peoples Church & World Outreach
#319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, INDIA

ફોન: +91-80-25452617
ઈમેલ: **bookrequest@apcwo.org**
વેબસાઈટ: **apcwo.org**

પ્રત્યેક વચન એ પવિત્ર બાઇબલ O. V Reference માથી લીઘેલ છે. Copyright @ The Bible Society Of India (BSI). બાઇબલની વ્યાખ્યાઓ, હિબ્રૂ અને યુનાની શબ્દો અને તેના અર્થ પવિત્ર શાસ્ત્રમાંથી લીઘેલા છે.

**આર્થિક ભાગીદારી માટે**

આ પ્રકાશનોની મફત વહેંચણી ઓલ પીપલ્સ ચર્ચ ના સદસ્યો, મિત્રો અને ઉદાર દાનવીરો દ્વારા આપવામાં આવેલા દાનો દ્વારા શક્ય બનેલું છે. જો તમે આ મફત પ્રકાશનથી આશીર્વાદ પામ્યા છો તો અમે તમને ઓલ પીપલ્સ ચર્ચ દ્વારા મફત પ્રકાશનોને છાપવામાં અને વહેંચણી કરવામાં તમારા આર્થિક સહયોગને આપવામાટે નિમંત્રણ આપીએ છીએ. મહેરબાની કરીને તમે **apcwo.org/give** ની મુલાકાત કરો અને "ઓલ પીપલ્સ ચર્ચની સાથે પાર્ટનર" ઉપર ક્લિક કરો. આ પુસ્તકના પાછળના પાન ઉપર તમે તમારો આર્થિક સહયોગ કેવી રીતે કરી શકો તે લખેલું છે. તમારો આભાર!

**મફત સામગ્રી અને તેના અનુસંધાનમાં વેબસાઇટ**

**સંદેશાઓને માટે**: apcwo.org/sermons | **પુસ્તકો**: apcwo.org/books
**ચર્ચની એપ**: apcwo.org/app | **બાઇબલ કોલેજ**: apcbiblecollege.org
**ઈ-લર્નિંગ**: apcbiblecollege.org/elearn | **કાઉન્સીલિંગ**: chrysalislife.org
**સંગીત**: apcmusic.org | **સેવકોની સંગતી**: pamfi.org
**એપીસી જાગતિક મિશન**: apcworldmissions.org
**બીલિવર્સ બાઇબલ કોમેન્ટ્રી**: believersbiblecommentary.com

(Gujarati–God's Word–The Miracle Seed)

# ઈશ્વરના શબ્દ– ચમત્કારિક બીજ

ઈશ્વરના શબ્દ દ્વારા અલૌકિક સામર્થ્યનો અનુભવ

# અનુક્રમણિકા


પ્રસ્તાવના

1. ઈશ્વરના શબ્દ: આપણાં વિશ્વાસનો આધાર 1

2. ઈશ્વરના શબ્દ: તેની શુદ્ધતા અને સામર્થ્ય છે 9

3. ઈશ્વરના શબ્દ: ચમત્કારિક બીજ 20

4. ઈશ્વરના શબ્દ બીજ છે 24

5. હ્રદયમાં બીજની વાવણી થવી જરૂરી છે 30

6. ઈશ્વરના શબ્દનું મનન કરવું 36

7. બીનું રક્ષણ અને પોષણ આવશ્યક છે 62

8. પ્રકટીકરણ: આત્મિક સમજણ પ્રાપ્ત કરવી 67

9. કાપણી ના અવરોધકો: વચનનો વિરોધ 72

10. કાપણી ના અવરોધકો: કાંટા જે વચનને ગૂંગળાવે છે 75

11. ત્રણ ચાવીઓ: સમજો, મેળવો, જાળવી રાખો 78

12. વચન બીજ 84

# પ્રસ્તાવના

આપણે દરેક આપણાં જીવનોમાં ઈશ્વરના કાર્યના અનુભવની ઈચ્છા રાખીએ છીએ. આપણે ઈચ્છીએ છીએ કે ઈશ્વરના સામર્થ્યથી આપણું વ્યક્તિગત અને બીજાઓનું પણ તારણ થાય, સાજાપણું મળે, છુટકારો મળે અને ચમત્કારિક કાર્યોનો અનુભવ કરી શકીએ. ઘણીવાર, આપણે અપેક્ષા રાખીએ છીએ કે ઈશ્વરના સામર્થ્યનું અદભૂત પ્રગટીકરણ થાય કે જે આપણને "આશ્ચર્યચકિત" કરી દે. જો કે તે સત્ય છે કે ઈશ્વર પવિત્ર આત્માના સામર્થ્યથી પોતાના અદભૂત કૃત્યો, ચિન્હો અને અજાયબીઓને પ્રગટ કરે છે, પરંતુ આપણે એ ભૂલવું ન જોઈએ કે પોતાના શબ્દથી પણ અજાયબ કૃત્યો કરે છે. ઈશ્વરનો આત્મા તેમના શબ્દથી પોતાનું સામર્થ્ય પ્રકાશિત કરે છે. આપણે જ્યારે ઈશ્વરના વચન વાંચતા હોઈએ, તેનું મનન કરતાં હોઈએ કે તેને પ્રાપ્ત કરતાં હોઈએ ત્યારે કદાચ તેની વિશેષતા આપણને ન દેખાય, પરંતુ તે અલૌકિકતાથી જરાપણ ઓછું નથી હોતું કેમ કે ઈશ્વર પોતાનું કાર્ય કરતાં જ હોય છે. ઈશ્વર વિશ્વાસીઓના દરરોજના જીવનમાં પોતાના શબ્દદ્વારા જે કાર્ય કરવાની ઈચ્છા રાખે છે તેને ઘણાં વિશ્વાસીઓ અદભૂત બાબતો જોવાના મોહમાં ઈશ્વરના અલૌકિક કાર્યનો અનુભવ પામવાનું ચૂકી જાય છે.

બીજો જે સામાન્ય પ્રશ્ન છે તે એ કે ઈશ્વરના સામર્થ્યને પામવા માટે ઘણાં વિશ્વાસીઓ ઈશ્વરના અભિષિક્ત પુરુષો અને સ્ત્રીઓ પાસેથી અપેક્ષા રાખે છે કે તેઓ ઈશ્વરનું આ કાર્ય કરે. જો કે ઈશ્વરે લોકોની સેવા કરવા માટે તેમના આત્માના સામર્થ્યથી સેવકોને અભિષિક્ત કર્યા છે, પરંતુ આખરે તો દરેક વિશ્વાસીએ જ એ કક્ષાએ પહોંચવાનું શીખવું પડશે કે તેઓ વચન અને આત્મા દ્વારા ઈશ્વરના સામર્થ્યને પ્રાપ્ત કરે. ઈસુએ આપણને દરેકને પ્રત્યક્ષ તેમની પાસે જવા માટે, તેમનો આત્મિક ખોરાક ખાવા અને આત્મિક પીણું પીવા માટે આમંત્રણ આપ્યું છે કે જેથી આપણે દરેક બીજાઓને ઈસુ પાસે લાવવા માટે ઈશ્વરની કૃપાના વાહક બની શકીએ કે જેથી તેઓ પણ ઈસુનો આત્મિક

ખોરાક ખાઈ શકે અને આત્મિક પીણું પી શકે. આપણે કોઈ મધ્યસ્થીઓ પર આધારિત રહેવું જોઈએ નહીં.

આપણે જાણીએ છીએ કે ઈશ્વર તેમના શબ્દ દ્વારા કાર્ય કરે છે. શબ્દ દ્વારા જ તો, શબ્દના સામર્થ્યને પ્રકાશિત કરીને, તેમણે સઘળાનું સર્જન કર્યું. ઈશ્વરના શબદ જીવન અને સામર્થ્યના વાહક છે જે આપણાં જીવનનાં દરેક પાસાઓને અસર કરે છે. ઈશ્વરે તેમના શબ્દ આપણને આપ્યાં છે અને તે વચનનાં સામર્થ્ય થકી આપણામાં કાર્ય કરવા ઈચ્છે છે. તેમના શબ્દ કેવી રીતે પ્રાપ્ત કરવા તે પણ તેમણે આપણને પ્રગટ કર્યું છે કે જેથી તેમના શબ્દમાં જે સામર્થ્ય અને જીવન છે તે આપણામાં પ્રકાશિત થાય અને તેમનું અલૌકિક કાર્ય આપણામાં સ્થાપિત થાય.

ઈશ્વરનાં વચનનું મનન એ એવી પ્રક્રિયા છે જેના થકી ઈશ્વરનાં શબ્દનું આપણાં હ્રદયમાં રોપાણ થાય છે. ઈશ્વરનાં વચનનાં મનનમાં ચિંતન, કલ્પનાચિત્ર અને કબૂલાત સમાયેલા છે. ઈશ્વરનાં વચનનાં મનનનો મહાવરો કેવી રીતે કરવો તે શીખવાથી ઈશ્વરનાં શબ્દના ચમત્કારિક બીજ તમારામાં ઉત્પન્ન થઈ શકે છે. આ પુસ્તક સરળ સત્યને ઉજાગર કરે છે જે ઈશ્વરનાં અલૌકિક સામર્થ્યને પ્રાપ્ત કરવામાં અને તેનો અનુભવ કરવામાં આપણને મદદ કરશે જે ઈશ્વરનાં શબ્દ, ચમત્કારિક બીજ દ્વારા આપણામાં પ્રકાશિત થાય છે.

ઈશ્વર તમને આશિષ આપો!
આશિષ રાયચૂર

# 1
# ઈશ્વરના શબ્દ: આપણાં વિશ્વાસનો આધાર

આપણી ખ્રિસ્તી જીવનયાત્રાનું એક અતિમહત્વનુ, ખૂબ જરૂરી તત્વ જે સમગ્ર ખ્રિસ્તી જીવનના અનુભવની ગુણવત્તાને સુનિશ્ચિત કરે છે. એ તો ઈશ્વરનાં વચન છે. આપણાં જીવનોમાં ઈશ્વરનાં શબ્દને જે સ્થાન આપીએ છીએ તે બાબત આપણી પરિપકવતા, વૃદ્ધિ અને ઈશ્વર સાથેના આપણા અનુભવમાં આપણી ઊંડાઈનું ધોરણ નક્કી કરે છે. આપણે વિજયવંત જીવન જીવીએ છીએ કે નહીં અને આશીર્વાદની માત્રાનો અનુભવ કરીએ છીએ કે નહીં તે આપણાં રોજબરોજના જીવનોમાં ઈશ્વરના વચનોની પ્રાપ્તિ અને તેને કેવી રીતે આપણા જીવનમાં નિરંતર ઉપયોગમાં લાવીએ છીએ તેનાથી પ્રભાવિત થાય છે.

જો કે જગતમાં "અસાધારણ ઘટના"માં અદભૂત બાબતો જોવા ટેવાયેલા ઘણાં લોકો "પ્રાચીન પુસ્તક"ની સામગ્રી તરફ ધ્યાન આપતા નથી. જેમ થોડા લોકો દાવો કરે છે તે પ્રમાણે સામાજિક, સાંસ્કૃતિક અને નૈતિક રીતે જે અસંગત છે તેવા એક ધાર્મિક પુસ્તકના કેવળ શબ્દોને વાંચવામાં અને સમજવામાં પોતાનો સમય શા માટે બગાડવો જોઈએ? કમનસીબે, વિશ્વાસીઓમાં પણ, "શાંત મનન"ની એક ફરજ પૂરી કરવાના ભાગ રૂપે, એવા બહુ ઓછા લોકો છે જેઓ માનવ જીવન પર શાસ્ત્રના પ્રભાવ અને તેની ઊંડી અસરની સમજણ પ્રાપ્ત કરે છે. એ સત્ય છે કે પ્રથમ દ્રષ્ટિએ શાસ્ત્રના વચનો નિર્જીવ લાગે, અને કદાચ ક્યારેક વાંચનારને કંટાળાજનક પણ લાગે. પરંતુ જેઓએ વચનના સહજ સામર્થ્ય અને સ્થાન કે જે ઈશ્વરે પોતે પોતાના શબ્દને તેમના લોકોના જીવન માટે સોંપેલ છે તેવી સમજણ પ્રાપ્ત કરી છે તેવા લોકો માટે શાસ્ત્રના વચન જીવંત

છે! તેઓ માટે વચન બળ, વિશ્રામ, આશા, વિશ્વાસ, સૂચન અને જ્ઞાનનો સ્રોત છે. તેઓએ પોતાનું સમગ્ર વર્તમાન અને ભવિષ્ય શાસ્ત્રના શબ્દ શું કહે છે તે પર નિલંબિત કર્યું છે. તેઓ જાણે છે કે જીવનના ઝંઝાવાતોમાં શાસ્ત્રના વચનો જ તેમને ટકાવી રાખશે અને પકડી રાખશે. તેઓ જાણે છે કે માંદગી મધ્યે શાસ્ત્રના વચનો તેમને સાજાપણું અને છુટકારો અપાવશે. શાસ્ત્રમાં જે ખાતરી આપવામાં આવી છે તેના થકી પડકારો અને દબાણો મધ્યે તેઓ શાસ્ત્રના વચન પર આત્મવિશ્વાસપૂર્વક ઉભા રહે છે. શબ્દમાં શક્યતાઓનું સામર્થ્ય નિહાળીને તેઓ અશક્યતાઓ સામે ઉભા રહી શકે છે. શબ્દને તેઓ જોઈ શકતા નથી, સ્પર્શી શકતા નથી, સાંભળી શકતા નથી, સૂંઘી શકતા નથી કે ચાખી શકતા નથી છતાં પણ તેઓ જાણે છે કેમ કે શબ્દએ તેમના જીવનમાં મજબૂત આત્મવિશ્વાસની ખાતરી અને અવિશ્વસનીય પ્રતીતિ ઉત્પન્ન કર્યા છે.

અમારા હૃદયની ઈચ્છા છે કે જેઓ પણ આ પુસ્તક વાંચે તેઓ દરેક ઈશ્વર સાથેના તેમના સબંધમાં આત્મવિશ્વાસની ખાતરી પ્રાપ્ત કરે. અમુક અંશે જો તમે વચનને સમજ્યા છો તો અમારી ઈચ્છા છે કે તમે તે વચનમાં વધુ દ્રઢ બનો અને ઉત્તેજન પ્રાપ્ત કરો.

## અનંત વચન, દેહધારી વચન, લેખિત વચન

**લૂક 24:27**

**પછી મૂસાથી તથા બધા પ્રબોધકોથી માંડીને તેમણે બધા ધર્મલેખોમાંથી પોતાના સંબંધની વાતોનો ખુલાસો કરી બતાવ્યો.**

ઈસુ, ઈશ્વરનો દીકરો, અનંત શબ્દ (યોહાન 1:1-4), શબ્દ સદેહ થઈને (યોહાન 1:14), શાસ્ત્ર, જે લખાયેલા વચનો છે, તે પ્રબોધ કરીને અને શિક્ષણ આપીને આપણામાં વસ્યો. ખૂબ નાની ઉંમરથી જ, ઈસુએ શાસ્ત્રનો અભ્યાસ કરવાનું અને શાસ્ત્રનું શિક્ષણ પ્રાપ્ત કરવાનું શરૂ કરી દીધું હતું (લૂક 2:46). ઈસુએ શાસ્ત્રમાં લખેલા વચનો દ્વારા જ પરીક્ષણનો સામનો કર્યો (માથ્થી 4:1-10). સદેહ થયેલા શબ્દને આત્મા દ્વારા

અભિષિક્ત કરાયો કે જે શાસ્ત્રના વચનો પરિપૂર્ણ કરવા માટે જીવ્યા (લૂક 4:21; માર્ક 14:49; લૂક 24:44). કેટલો અદભૂત વિચાર છે–અનંત શબ્દ જે દેહરૂપ ધારણ કરીને શાસ્ત્રમાં લખાયેલા વચનોને મહિમાસહિત પરિપૂર્ણ કર્યા. આપણે કેટલું વધારે કરવું જોઈએ?

## ઉપદેશની મૂર્ખતા દ્વારા ...

**1 કરિંથીઓને પત્ર 1:21**

**કેમ કે જ્યારે (ઈશ્વરે પોતાના જ્ઞાન પ્રમાણે [નિર્માણ કર્યું હતું તેમ]) જગતે પોતાના જ્ઞાન વડે ઈશ્વરને ઓળખ્યા નહિ, ત્યારે સુવાર્તા પ્રગટ કરવાની મૂર્ખતા દ્વારા વિશ્વાસ કરનારાઓનું તારણ કરવાનું ઈશ્વરને પસંદ પડયું.**

ઈશ્વરે પોતાના જ્ઞાનમાં નિર્ધારિત કર્યું કે માણસનું અનંત જીવન એ સુસમાચારના સરળ સંદેશ દ્વારા નક્કી થાય. વિચાર કરો! ઈશ્વરે સ્વર્ગદૂતોની સેનાને પસંદ નહોતી કરી કે તેઓ ખ્રિસ્તના સુસમાચાર કે જે *"ઈશ્વરનું તારણ પમાડનારું પરાક્રમ છે "* (રોમનોને પત્ર 1:16) મનુષ્ય સુધી લઈ જાય. તેને બદલે, ઈશ્વરે નાશ પામનાર, અયોગ્ય પાત્રોને, સુવાર્તાપ્રચારના લગભગ "મૂર્ખ" લાગતા ઉપદેશની કવાયત દ્વારા, ખોવાયેલાઓને જીતવા માટે પસંદ કર્યા. તેથી સુવાર્તાપ્રચાર કરવો કે ઉપદેશ કરવો અગત્યનો છે. જે રીતે પ્રેરિત પાઉલ સમજાવે છે, તેમ કેટલાએક સુવાર્તા અને તેના સંદેશ બંનેને મૂર્ખતા માનતા હશે. પરંતુ જેઓને તેડવામાં આવ્યા છે તેઓ માટે, સુવાર્તાપ્રચાર અને તેનો સંદેશ ખ્રિસ્તને પ્રગટ કરે છે જે ઈશ્વરનું સામર્થ્ય અને જ્ઞાન છે (1 કરિંથીઓને પત્ર 1:24). એવી જ રીતે, ઈશ્વરે નિર્ધારિત કર્યું છે કે શાસ્ત્રના લખેલા વચનો એક સાધન બને કે જે દ્વારા આપણાં જીવનોમાં સામર્થ્ય અને જ્ઞાનને પ્રસારવામાં આવે. આ બાબત કોઈ ગૂઢ રહસ્ય જેવી લાગે કે એક પુસ્તક જેને આપણે "બાઇબલ" કહીએ છીએ તેના પાનાંઓ પર લખવામાં આવેલા શબ્દ આપણાં જીવનોમાં સામર્થ્ય અને જ્ઞાન પ્રસારિત કરે છે. સામાન્ય શબ્દ, રોજબરોજના જીવનમાં વપરાતા શબ્દ, કેમ કે તે બાઈબલના પાનાઓ પર છાપવામાં આવ્યાં છે તેથી અચાનક કેવી રીતે ઈશ્વરીય મૂલ્ય ધારણ કરી લે છે? જો કે

શબ્દ સામાન્ય છે પરંતુ તેના દ્વારા રજૂ થતું સત્ય ઈશ્વરીય છે. અલબત્ત, તે શબ્દોની ગોઠવણી મનુષ્યો દ્વારા થઈ, પરંતુ તે દ્વારા જે સત્ય રજૂ કરવામાં આવ્યું છે તે ઈશ્વર દ્વારા પ્રેરિત છે. શાસ્ત્રના વચનોમાં જે સત્ય અને તથ્યો જણાવવામાં આવ્યાં છે તેની સમજણ અને સ્વીકાર દ્વારા જ આપણે ઈશ્વરના સામર્થ્ય અને જ્ઞાનના અનુભવમાં પ્રવેશ કરીએ છીએ.

## સર્વ શાસ્ત્ર "ઈશ્વર પ્રેરિત" છે

**2 તિમોથીને પત્ર 3:15,16**

**15 અને વળી તું બાળપણથી પવિત્ર શાસ્ત્ર જાણે છે, તે [પવિત્ર શાસ્ત્ર] ઈસુ ખ્રિસ્ત પરના વિશ્વાસ દ્વારા તારણને માટે તને જ્ઞાન આપી શકે છે, તે પણ તું જાણે છે.**

**16 દરેક શાસ્ત્ર ઈશ્વરપ્રેરિત છે, તે બોધ, નિષેધ, સુધારા અને ન્યાયીપણાના શિક્ષણને અર્થે ઉપયોગી છે.**

પ્રેરિત પાઉલ જ્યારે "પવિત્ર શાસ્ત્ર"ની વાત કરે છે ત્યારે તે લેખિત વચનની વાત કરે છે. જ્યારે તે ઈશ્વરીય લેખકત્વનું વર્ણન કરે છે ત્યારે તે કહે છે કે, *"દરેક શાસ્ત્ર ઈશ્વરપ્રેરિત છે."* (2 તિમોથીને પત્ર 3:16) જોકે મનુષ્યો દ્વારા તેને લખવામાં આવ્યું હોવા છતાં, ઈશ્વર જ તેના સંદેશના સ્રોત અને પ્રેરણા છે. પ્રેરિત પિતર આજ બાબતને જણાવતા થોડી અલગ રીતે કહે છે કે, *"પ્રથમ તમારે એ જાણવું કે, પવિત્ર લેખમાંનું કોઈ પણ ભવિષ્યવચન મનુષ્યપ્રેરિત નથી. કેમ કે તે ભવિષ્યવચન માણસની ઇચ્છા પ્રમાણે કદી આવ્યું નથી; પણ પવિત્ર આત્માની પ્રેરણાથી માણસો ઈશ્વરનાં વચનો બોલ્યાં"* (2 પિતરનો પત્ર 1:20,21). દરેક વચન એક અર્થમાં ભવિષ્યવચન છે કેમ કે તે ઈશ્વરનાં આત્માની પ્રેરણાથી જન્મેલું છે. લખાયેલાં વચન ઈશ્વરીય પ્રેરણાથી છે. તમારા અસ્તિત્વના મૂળમાંથી આ તથ્યનો વિશ્વાસ કરવાથી વચન વિષેનો તમારો દ્રષ્ટિકોણ સંપૂર્ણપણે બદલાઈ જશે. જો ખરેખર તમે માનો છો કે દરેક વચન ઈશ્વર પ્રેરિત છે, તો તમે ઈશ્વરનાં વચનને તમારા જીવનમાં સર્વોચ્ચ પ્રાથમિક્તા આપશો. તમે એ બાબત સમજીને તમારું બાઇબલ ખોલશો કે

આ દુનિયાના ઈશ્વર પોતાના વિચારો તમને જણાવી રહ્યાં છે. ઈશ્વરે પોતાના અનંત જ્ઞાનદ્વારા, પૃથ્વી પરના આપણાં જીવનો માટે જરૂરી અને પૂરતા વચનો સમજી વિચારીને બાઇબલના પાનાઓ પર મૂકવાનું પસંદ કર્યું છે. પવિત્ર શાસ્ત્રના વચન બોધ (સિંદ્ધાંત), પ્રતીતિ, સુધારણા (ઠપકો), અને સૂચના પૂરા પાડે છે.

## શાસ્ત્ર—ઈશ્વર તરફનું આપણુ બારણું

**ગીતશાસ્ત્ર 119:18**

**તમારા નિયમશાસ્ત્રમાંની આશ્ચર્યકારક વાતોનું અવલોકન કરવા માટે મારી આંખો ઉઘાડો.**

પવિત્ર શાસ્ત્ર આપણને જીવતા ઈશ્વરની સમજણ પૂરી પાડે છે. આ વચનો ઈશ્વરનાં સ્વભાવ, ચારિત્ર્ય, લક્ષણો અને તેમનું હૃદય પ્રગટ કરે છે. પવિત્ર શાસ્ત્રના પાનાઓ ઈશ્વર કોણ છે, ઈશ્વર શું કરે છે, ઈશ્વરની લાગણીઓ અને ઈચ્છાઓ અંગેની સમજણ પૂરી પાડે છે. પરિણામે શાસ્ત્રના વચનો દ્વારા જ આપણે ઈશ્વરને જાણીએ છીએ અને તેમની સાથે વ્યક્તિગત સબંધ બાંધીએ છીએ. સબંધનો આધાર જ્ઞાન ઉપર આધારિત છે. જ્યાં વ્યક્તિગત જ્ઞાન નથી ત્યાં સબંધ બનાવી શકતા નથી. વધુમાં, જ્ઞાનની ઊંડાઈ અથવા કેળવાયેલી આત્મીયતા સબંધની ઘનિષ્ઠતાને નિશ્ચિત કરે છે. તેથી, જીવતા ઈશ્વર સાથે ગાઢ અને ઘનિષ્ઠ સબંધ જાળવી રાખવા માટે, શાસ્ત્રમાં પ્રગટ થયેલા ઈશ્વરને ખૂબ જ નજદીકથી અને ગાઢ રીતે જાણવા પડશે. બાઈબલના પાનાઓ ખોલવા આપણે માટે ખૂબ જ ઉત્સાહભર્યું છે કેમ કે તે આપણે માટે ઈશ્વરને નિહાળવાની બારી છે. જ્યારે આપણી આંખો શાસ્ત્રની લીટીઓની “પાછળ” લખાયેલા લખાણને વાંચવા માટે ખુલ્લી રાખીએ, ત્યારે જ આપણે આપણાં ઈશ્વરનાં વૈભવ અને મહિમાની સમજણ મેળવીએ. આપણો અનુભવ, બીજાનું મંતવ્ય કે અન્ય બાબત પર, ઈશ્વર વિષેની આપણી સમજણનો આધાર ચોક્કસ ન હોઈ શકે. એ સત્ય છે કે ઈશ્વરે પોતાને અન્ય જગ્યાઓએ પણ પ્રગટ કર્યા છે, જેમ કે, સૃષ્ટિના

સર્જનમાં. જોકે, અન્ય સ્રોતોમાંથી માહિતી પ્રાપ્ત કરીને આપણે જે તે નિષ્કર્ષ પર પહોંચીએ તે પહેલા આપણે શાસ્ત્રના વચન સાથે તેની તપાસ કરી જ લેવી જોઈએ.

## શાસ્ત્ર—આપણું ધોરણ, આપણું માપદંડ

**ગીતશાસ્ત્ર 119:133**

**તમારા વચન પ્રમાણે મારી પાસે ડગલાં ભરાવો; અને કોઈ પણ અન્યાયને મારા પર ધણીપણું કરવા ન દો.**

જગતમાં લોકો પાસે શું સાચું અને શું ખોટું છે તે અંગેનું કોઈ ચોક્કસ ધોરણ ન હોવાથી, ઈશ્વરના વચનને આપણે ધોરણ બનાવવાનું પસંદ કરીએ. આપણે દ્રઢતાથી માનીએ કે પવિત્ર શાસ્ત્રમાં આપણાં જીવન સબંધી જે કઈ લખેલું છે તે બધુ સત્ય છે. ઈશ્વરનાં શબ્દ જે કહે છે તે યોગ્ય અને ઉમદા છે, આપણે માનીએ કે તે યોગ્ય અને ઉમદા છે. શાસ્ત્રના શબ્દ જેને ખોટું અને અયોગ્ય કહે છે, તેને આપણે ખોટું અને અયોગ્ય જ માનીએ. પવિત્ર શાસ્ત્રના વચનોએ જે નૈતિક માપદંડ સ્થાપિત કર્યા છે તેને કોઈપણ સંજોગોમાં આપણે બહાના કાઢીને “તર્કસંગત” (કારણ), “ઉદારમતવાદી” (બહોળી માનસિકતા ધરાવીએ છીએ), “સંદર્ભિત” (સામાજિક અને સાંસ્કૃતિક) ન બનાવીએ. પવિત્ર શાસ્ત્રના સ્થાપિત માપદંડને અન્ય કોઈ બાબત સાથે નિર્ધારિત કરવાની આપણે પસંદગી ના કરીએ.

ઈશ્વરનાં શબ્દ આપણાં માર્ગદર્શક છે. પવિત્ર શાસ્ત્રની સૂચનાઓ મુજબ આપણે આપણાં જીવનના માપદંડોને ઘડીએ. પવિત્ર શાસ્ત્રમાં પતિઓના, પત્નીઓના, માતા-પિતાના, બાળકોના, નોકરો અને માલિકો, તથા પ્રભુના સેવકો અને તમામ વિશ્વાસીઓના વર્તન બાબતે નમૂનાઓ સ્થાપિત કરવામાં આવ્યાં છે. આપણે આપણી વર્તણૂક, જીવનશેલી, મૂલ્યો, માન્યતાઓ, ધ્યેય, અપેક્ષાઓને પવિત્ર શાસ્ત્રના સિદ્ધાંતો પ્રમાણે અને પવિત્ર આત્માના સામર્થ્ય દ્વારા ઘડવાના છે. ઈશ્વરનાં વચન મુજબ આપણે આપણાં સમગ્ર જીવનને દોરવાનું છે.

## શાસ્ત્ર—આપણો અધિકાર

**ગીતશાસ્ત્ર 119:101**

**હું તમારું વચન પાળું માટે મેં મારા પગ સર્વ ભૂંડા માર્ગથી પાછા હઠાવ્યા છે.**

આપણે આપણાં જીવનોમાં શાસ્ત્રના વચનોને સર્વોચ્ચ અધિકાર આપતા આધીન થઈએ છીએ. માનવરચિત માળખું કે કાયદો આપણને ન રોકે કે ટોકે છતાં આપણે શાસ્ત્રમાના સુધારણાને આધીન થઈએ છીએ. કોઈ આપણી ભૂલ તરફ આંગળી ચીંધે, જોકે ક્યારેક તે જરૂરી પણ છે, ત્યાં સુધી આપણે રાહ ન જોવી. આપણને લાગે કે કોઈ બાબત આપણે કરીએ છીએ તે શાસ્ત્રના વચન પ્રમાણે ખોટી કે અયોગ્ય છે, તો આપણે જાતે જ તેને સુધારી લેવા માટે તૈયાર થઈ જઈએ કેમ કે આપણે વચનને આધીન છીએ. આપણે આપણાં જીવનોને શિસ્તબદ્ધ રાખવાનું પસંદ કરીએ કે જેથી આપણે વચન સાથે સુમેળથી ચાલી શકીએ. હકીકતમાં, ઈશ્વરના વચનની આધીનતા એટલે ઈશ્વરને આધીનતા. શાસ્ત્રના વચનની સલાહ વિરુદ્ધ બળવો એટલે ઈશ્વર વિરુદ્ધ બળવો કરવા બરાબર છે. પ્રભુ ઈસુ કહે છે કે, *"જે મારો અસ્વીકાર કરે છે અને મારી વાતો માનતો નથી, તેનો ન્યાય કરનાર એક જ છે; જે વાત મેં કહી, તે જ છેલ્લે દિવસે તેનો ન્યાય કરશે."* (યોહાન 12:48). ઈશ્વરના વચન જ કાયદો છે કે જે મુજબ દરેકનો ન્યાય થશે.

ઈશ્વરના લોકો માટે ઈશ્વરના લખાયેલા વચનપ્રતિ આદરણીય ભય વિકસિત કરવાનો આ સમય છે. આપણાં જીવનોમાં ઈશ્વરના વચનોના અધિકારની આધીનતા સિવાય આપણે ઈશ્વરના અનુયાયીઓ બની શકતા નથી. કેમ કે અમુક બાબતો આપણાં શરીરોને આનંદદાયક છે અને તાર્કિક રીતે સ્વીકાર્ય છે તેથી શાસ્ત્રના વચનની વિરુદ્ધ કાર્ય કરવાનું ચાલુ રાખીને આપણે "મજબૂત વિશ્વાસીઓ" બની શકીએ નહીં. વિશ્વાસીઓ તરીકે, આપણે આપણી લાગણીઓ અને તર્કને વચનની આધીનતામાં લાવવા જ પડશે. આપણે દરેક દુષ્ટતાથી દૂર રહીને આપણી જાતોને ઈશ્વરના વચનને સુસંગત બનાવીએ

કારણ કે ઈશ્વરના વચન જ આખરી અધિકાર છે.

## વચનને તમારામાં સમૃદ્ધપણે વસવા દો

**કલોસીઓને પત્ર 3:16**

**ખ્રિસ્તની વાત સર્વ જ્ઞાનમાં પુષ્કળતાથી તમારામાં રહે; ગીતો, સ્તોત્રો તથા આત્મિક ગાયનોથી એકબીજાને શીખવો તથા બોધ કરો, અને કૃપાસહિત તમારાં હૃદયોમાં પ્રભુની આગળ ગાઓ.**

ઈશ્વરના વચન આપણાં વિશ્વાસનો આધાર(પાયો) છે. આત્મિક વૃદ્ધિ અને પરિપકવતા માટે ઈશ્વરના વચન અતિજરૂરી ઘટક છે. આપણે ખ્રિસ્તમાં રહીએ અને ખ્રિસ્ત આપણામાં રહે (યોહાન 15:7).અમારો આગ્રહ છે કે ખ્રિસ્તના વચનને તમારામાં ભરપુરીપણામાં રહેવા દો. શાસ્ત્રના વચનના સંશોધનમાં, અભ્યાસમાં અને મનનમાં પુષ્કળ સમય વિતાવો. સમજણ અને પ્રકટીકરણ માટે પવિત્ર આત્માની મદદ માંગો. પ્રકટીકરણના એ સમૃદ્ધ જ્ઞાનને તમારાં હૃદયોમાં ઉતરી આવવા દો. તમે જે શિખ્યાં અને સમજ્યાં છો તેની વારંવાર સમીક્ષા કરો. પવિત્ર આત્મા દ્વારા આત્મિક સત્ય વિષેની જે સમજણ તમારામાં સ્થાપિત કરવામાં આવી છે તેને વારંવાર યાદ કરો. વ્યક્તિગત આત્મિક ગાયનો, સ્તોત્રો અને ગીતો ગાવા માટે વચનનો ઉપયોગ કરો. અન્ય વિશ્વાસીઓને વચનનું શિક્ષણ આપીને ઉત્તેજન પૂરું પાડો. જે પ્રકટીકરણનું જ્ઞાન તમને આપવામાં આવ્યું છે તેને રોજબરોજના જીવનમાં વ્યવહારમાં મૂકો. આ મુજબ કરવાથી તમે એક મજબૂત પાયો સ્થાપિત કરશો કે જેના પર તમે તમારા ખ્રિસ્તી જીવનના અનુભવને બાંધી શકો છો.

જે વ્યક્તિ ઈશ્વરના વચન સાંભળે છે અને તેને વ્યવહારમાં મૂકે છે તે ડાહ્યા માણસ જેવો છે જેણે પોતાનું ઘર ખડકવાળી જગ્યા ઉપર બાંધ્યું (માથ્થી 7:24,25).

તમે કયા પ્રકારના પાયા ઉપર તમારું જીવન બાંધી રહ્યાં છો?

# 2
# ઈશ્વરના શબ્દ: તેની શુદ્ધતા અને સામર્થ્ય છે

મનીપાલ, ભારત ખાતેની કોલેજના ઉત્સાહજનક ચાર વર્ષોના અંતિમ દિવસોમાં, ઘણીબધી અદભૂત બાબતો બની હતી. જે પૈકી સૌથી નોંધપાત્ર બાબત એ હતી કે ઈશ્વરે અમારામાથી કેટલાએક જુવાનો–જેઓ કોલેજના સામાન્ય વિદ્યાર્થી હતા–તેઓને સાથે મળીને એવા કાર્યનો પાયો નાંખવા માટે સક્ષમ કર્યા જે કાર્ય આખરે વૃદ્ધિ પામીને જુવાનો માટેની એક મજબૂત ખ્રિસ્તી સંગત બનવા પામી. શૈક્ષણિક વર્ષનો અંત થવા આવ્યો હતો અને મારા ઘણાં મિત્રો તેમના વતન ચાલ્યા ગયા હતા. આ સમયે હોસ્ટેલ ખાલી અને શાંત હોય છે તે જાણીને, મેં થોડા દિવસ રોકાઈ જઈને એકાંતમાં પ્રભુ સાથે સમય વિતાવવાનું નક્કી કર્યું. હું વિશેષ કરીને મારા ભવિષ્ય અંગે અને મારી સમક્ષ જે બાબતો હતી તેને માટે પ્રાર્થના કરવા માંગતો હતો, જોકે ઘણુબધું હું જાણતો પણ ન હતો. પ્રાર્થનાના આ સમય દરમ્યાન યશાયા 45:1-3 ના વચનોએ મારા આત્મા પર ઊંડો પ્રભાવ પાડ્યો. આ વચને મારા હ્રદયમાં વિશેષ સ્થાન પ્રાપ્ત કર્યું અને તે વચન મારા માટે ખૂણાનો મુખ્ય પત્થર બની ગયા. હું તેનો અર્થ સમજુ છું અને મારા જીવનમાં તે કેવી રીતે અમલમાં આવશે તે હું સમજી શક્યો.

આ વચનની ખાતરીના ભાગરૂપે, ઈશ્વરે કહ્યું કે તેઓ અમારી આગળ ચાલશે અને દ્વાર ખોલશે, જે દ્વાર બંધ નહીં થાય. ત્યારથી આજ સુધી, ઘણી બધીવાર એવા અસંખ્ય પ્રસંગો બન્યાં કે જ્યારે મેં અશક્યતા અને બંધ દ્વારોનો મોંઢામોઢ સામનો કર્યો છે. અભ્યાસ માટે વિદેશની કોલેજમાં પ્રવેશથી લઈને આર્થિક મદદ હોય કે વ્યક્તિગત નાણાંકીય કટોકટીમાથી

બહાર નીકળવાની વાત હોય કે બીજી ઘણીબધી બાબતોમાં, હું આ વચન લઈને ઈશ્વરની આગળ ઊભો રહ્યો એ જાણીને કે જે ઈશ્વરે ખાતરી આપી છે તે ઈશ્વર અચૂક પૂરું પાડશે. ખ્રિસ્તમાં આપણને જે અધિકાર આપવામાં આવ્યો છે તે દ્વારા શાસ્ત્રના આ વચનને મેં પકડી રાખ્યા અને મારી સ્થિતિ અને સંજોગોની સામે અમલ કરવા સારું ધરી દીધાં અને મેં જોયું કે તે સ્થિતિ અને સંજોગો બદલાઈ ગયા. તર્કસંગત મગજને ગેરવ્યાજબી લાગે કે કદાચ મૂર્ખતાભર્યું લાગે એટલી હદ સુધી મેં આ વચનની શુદ્ધતા અને સામર્થ્ય પર ભરોસો રાખ્યો. હું અત્યંત હર્ષથી સાક્ષી આપું છું કે ઈશ્વરના વચન ક્યારેય નિષ્ફળ જતાં નથી! મારી જેમ જ વિશ્વભરમાં ઘણાબધાં હશે કે જેઓ સાક્ષી આપી શકે કે તેઓએ કેવા પડકારોનો સામનો કર્યો અને તે દરમ્યાન તેઓએ ઈશ્વરના સચોટ વચન પર ભરોસો મૂક્યો અને ઈશ્વરે પોતાના વચનના સામર્થ્ય દ્વારા કેવી રીતે તેઓને વિજય અપાવ્યો!

એક એવી જગ્યા જ્યાં આપણે આવી શકીએ છીએ—એવી જગ્યા જ્યાં આપણે ઈશ્વરના વચનને પ્રેમ અને આદર આપીએ, એવી જગ્યા જ્યાં આપણાં હૃદયો ઈશ્વરના વચનની અખંડિતતા અને સામર્થ્યમાં અવિશ્વાસનીય આત્મવિશ્વાસ સાથે જોડે છે, એવી જગ્યા જ્યાં આપણે બીજી કોઈપણ બાબત કરતાં ઈશ્વરના શબ્દને જ સન્માન આપીએ છીએ, એવી જગ્યા જ્યાં ઈશ્વરના શબ્દ આપણાં ચારિત્ર્યને બદલી નાંખે છે, આપણાં વિચારોને પ્રભાવિત કરે છે, અને આપણાં કાર્યોને માર્ગદર્શન આપે છે; એવી જગ્યા જ્યાં આપણાં હૃદયો ઈશ્વરના શબ્દ થકી આત્મિક સમજણ માટે ઝંખના અને ભૂખ રાખે છે; એવી જગ્યા જ્યાં આપણે શાસ્ત્રમાં પ્રગટ થયેલ ઈશ્વરના ગૌરવને જોવાની ઉત્કંઠા રાખીએ છીએ; એક એવી જગ્યા જ્યાં ઈશ્વરના શબ્દનો શુદ્ધ આનંદ મળે છે.

અમારી પ્રાર્થના છે કે આપણે દરેક આ જગ્યાએ સતત રહેવાના આનંદનો અનુભવ કરીએ.

## ઈશ્વરનો સર્વોચ્ચ હાથ

**રોમનોને પત્ર 11:33**
**આહા! ઈશ્વરની બુદ્ધિની તથા જ્ઞાનની સંપત્તિ કેવી અગાધ છે! તેમના ઠરાવો કેવા ગૂઢ, ને તેમના માર્ગો કેવા અગમ્ય છે!**

ઈશ્વરના માર્ગો *“ગૂઢ અને અગમ્ય”* છે અથવા તો મનુષ્યની સમજશક્તિથી ઉપર છે. ઈશ્વરનો સર્વોચ્ચ હાથ માનવ ઇતિહાસમા પોતાનો માર્ગ બનાવે છે અને તે સતત ચાલુ રાખે છે જે ઘણીવાર નકામું અને સામાન્ય લાગે. ઘણીવાર, ઈશ્વરનું કાર્ય ખૂબ ભૌતિક અને સામાન્ય લાગે, અને છતાં, તે કાર્યો અદભૂત ચમત્કારો કરતાં કે ઈશ્વરના હાથનાં કાર્યો કરતાં જરાપણ ઉતરતા નથી. મૂસાએ તેની લાકડીનો પ્રહાર કર્યો ત્યારે ખડકમાથી ક્ષણમાં પાણી બહાર લાવનાર ઈશ્વર બસાલેલ અને તેના સાથીઓને અરણ્યમાં કરારકોશ બાંધવાનાં કામમાં દિવસોનાં દિવસો સુધી મહેનત કરાવે છે (નિર્ગમન 31:1-11). માનવ મગજને માટે એ સ્વીકારવું મુશ્કેલ લાગે કે બસાલેલ અને તેના કૌશલબાજ ટીમનું કાર્ય પણ ઈશ્વરનું પોતાનું જ કાર્ય હતું. છતાં, એ તો ઈશ્વરનો આત્મા હતો જેણે કારીગરોને બુદ્ધિ તથા સમજણ, જ્ઞાન અને સર્વ પ્રકારની કળા અને કૌશલ્યથી ભરપૂર કરીને સોના તથા રૂપા અને પિત્તળની કારીગરી કરાવીને કરારકોશ બનાવ્યો.

આ એક સરળ ઉદાહરણ પરથી, આપણે આત્મવિશ્વાસથી કહી શકીએ છીએ કે ઈશ્વર સામાન્ય લોકો દ્વારા પોતાના અલૌકિક હેતુઓની પરિપૂર્ણતા કરે છે. એ જ રીતે પવિત્ર બાઇબલ 66 પુસ્તકોનું સંકલન છે. પુસ્તકોના સંકલન અને શાસ્ત્રના સંતોની શ્રેણીમાં દાખલ કરવાની આ પ્રક્રિયામાં ઈશ્વરનો સર્વોપરિતાનો હાથ કાર્યરત હતો. મનુષ્યના વિચારોમાં આ દાવાને લઈને કદાચ પ્રશ્ન થાય. પરંતુ જેમ માણસ પોતાના રોજિંદા કામમાં દરરોજ વ્યસ્ત હોય છે તે પ્રમાણે ઈશ્વર પોતાનું કાર્ય શાંત રીતે કર્યા કરે છે તે એક નક્કી હકીકત છે!

## તેના નામથી પણ ઉપર

**ગીતશાસ્ત્ર 138:2**
**હું તમારા પવિત્ર મંદિર તરફ ફરીને ભજન કરીશ, તમારી કૃપા તથા સત્યતાને લીધે હું તમારું નામ વખાણીશ;**
**કેમ કે સર્વ કરતાં તમે તમારા નામનું માહાત્મ્ય વધાર્યું છે.**

ઈશ્વરે પોતાના નામ કરતાં પણ પોતાના શબ્દને અનેકધણું સ્થાન આપ્યું છે. તેમણે પોતાના શબ્દને પોતાના નામ કરતાં ઉંચા કર્યા છે. ઈશ્વરને માટે, પોતાના શબ્દ જે તેઓ બોલ્યાં છે, પોતાની પ્રતિષ્ઠા કરતાં વધુ મહત્વના છે. કારણ કે તેમના શબ્દ, તેમના નામ અને પ્રતિષ્ઠા જેટલા જ અગત્યના છે! આપણે આ સમજવાની જરુર છે. ઈશ્વરની પ્રતિષ્ઠા ઈશ્વરના શબ્દ પર નિર્ભર કરે છે. ઈશ્વરનાં નામને મહિમા અને ગૌરવ ઈશ્વરના શબ્દથી મળે છે.

બે મહત્વપૂર્ણ અર્થઘટન છે.

### *1) ઈશ્વરના ભાગે*

જે રીતે ઈશ્વરે પોતાના શબ્દને પોતાના નામથી ઉપર ગણ્યા છે, તે રીતે ઈશ્વર પોતે જે છે તે પ્રમાણે પોતાના શબ્દને સમર્થન આપે છે. ઈશ્વરની સર્વવ્યાપકતા, સર્વજ્ઞતા અને સર્વશક્તિ ઈશ્વરના શબ્દને સમર્થન પૂરું પાડે છે. તેઓએ કહ્યું છે, *"...કેમકે મારું વચન સંપૂર્ણ સરવા સંબંધી હું જાગૃત છું."* (યર્મિયા 1:12).

### *2) આપણા ભાગે*

આપણે માત્ર ઈશ્વરનું નામ જાણીએ એટલું જ નહીં પણ ઈશ્વરના શબ્દને જાણીએ તે મહત્વનુ છે તે બાબતનું ધ્યાન રાખવાની જરૂર છે. આપણે તેમના નામને જ વિનંતી કરીને તારણ પામ્યા છીએ (રોમનોને પત્ર 10:13). હવે, આપણે ઈશ્વરના શબ્દને જાણવાનું ચાલુ રાખવાનું છે કારણ કે ઈશ્વરે પોતે જ પોતાના શબ્દને પોતાના નામથી ઉપર ગણ્યા છે.

## ઈશ્વરના શબ્દ તેમના ચારિત્ર્ય જેટલાં જ મજબૂત છે

**હિબ્રૂઓને પત્ર 6:11-18**

**11 અને અમે અંત:કરણપૂર્વક ઇચ્છા રાખીએ છીએ કે તમારામાંનો દરેક**
**[તમારી] આશા પરિપૂર્ણ થવાને માટે, એવો જ ઉત્સાહ અંત સુધી બતાવે.**
**12 માટે તમે મંદ ન પડો, પણ જેઓ વિશ્વાસ તથા ધીરજથી વચનોના વારસ**
**છે તેઓનું અનુકરણ કરો.**
**13 કેમ કે ઈશ્વરે ઇબ્રાહિમને વચન આપ્યું, ત્યારે પોતાના કરતાં કોઈ શ્રેષ્ઠ**
**નહોતો કે જેના સમ તે ખાય, માટે તેમણે પોતાના જ સમ ખાઈને કહ્યું,**
**14 "ખરેખર હું તને નક્કી આશીર્વાદ દઈશ, અને તારો વિસ્તાર નિશ્ચે**
**વધારીશ."**
**15 એ પ્રમાણે, ધીરજ રાખ્યા પછી તેને વચનનું ફળ મળ્યું.**
**16 માણસો, પોતાના કરતાં જેઓ શ્રેષ્ઠ હોય તેના સમ ખાય છે; અને સોગનથી**
**તેઓની સર્વ તકરારોનો અંત આવે છે.**
**17 તે પ્રમાણે ઈશ્વરના પોતના સંકલ્પની નિશ્ચયતા વચનના વારસોને**
**બતાવવાની ઇચ્છા રાખીને સમ ખાઈને વચ્ચે પડ્યા, એ માટે કે,**
**18 [એ વચન તથા સમ] જેમાં ઈશ્વરથી જૂઠું બોલી શકાતું નથી, એવી**
**બે નિશ્ચળ વાતોથી આપણને, એટલે આગળ મૂકેલી આશા પકડવા માટે**
**આશ્રયને માટે દોડનારાને, ઘણું ઉત્તેજન મળે.**

જ્યારે ઈશ્વરે ઇબ્રાહિમને વચન આપ્યું ત્યારે, ઈશ્વરે પોતાની શપથ લઈને પોતાના  વચનને સમર્થન આપ્યું. તેઓએ કહ્યું, *"હું તને આશીર્વાદ આપીશ"* અને *"હું તારો વિસ્તાર વધારીશ"* (હિબ્રૂઓને પત્ર 6:14). ઈશ્વરે ઇબ્રાહિમને *"બે નિશ્ચળ બાબતો"* આપી (હિબ્રૂઓને પત્ર 6:18)–પોતાનો શબ્દ (વચન) અને પોતાની શપથ. જ્યારે પણ ઈશ્વર કહે છે, *"હું આપીશ ..."* ત્યારે તેઓ પોતાના વચનની પરિપૂર્ણતા માટે ઈશ્વર આપણને બે ન બદલનાર બાબતો આપે છે–પોતાનો શબ્દ (વચન) અને પોતાની શપથ (ખાતરી, પ્રતિજ્ઞા). ઈશ્વરના દરેક શબ્દ (વચન) શપથ ખાઈને અને પૂરી સભાનતાથી આપવામાં આવ્યા છે કારણ કે તે શબ્દ ખાતરી (વચન) અને શપથ બંને છે. *"પોતાના જ સમ ખાઈને કહ્યું"* (હિબ્રૂઓને પત્ર 6:13) ઈશ્વર પોતાની જાતે જ પ્રતિજ્ઞા લઈને ખાતરી આપે છે. ઈશ્વરની પોતાની જાત સરખું બીજું કશું જ નિશ્ચળ નથી કારણ કે ઈશ્વરનું ચારિત્ર્ય

અપરિવર્તનશીલ છે. ઈશ્વરે કહ્યું છે, *"કેમ કે હું યહોવા અવિકારી છું;"* (માલાખી 3:6). તેથી ઈશ્વરના દરેક શબ્દને તેઓના અવિકારી અને નિશ્ચળ ચારિત્ર્યને સમર્થન આપે છે. અને ઈશ્વરના ચારિત્ર્યનું એક મહત્વનુ પાસું એ છે કે ઈશ્વર ક્યારેય જૂઠું બોલતા નથી.

તેઓ તો *"જે ઈશ્વર કદી જૂઠું બોલી શકતા નથી"* (તિતસને પત્ર 1:2) ઈશ્વર દ્વારા બોલાયેલાં દરેક શબ્દ સત્ય છે. જેમ ઈસુએ કહ્યું કે, *"તમારું વચન સત્ય છે"* (યોહાન 17:17બ). આપણે એ સ્થાન પર આવવાની જરૂર છે જ્યાં આપણે ઈશ્વરના આ અવિકારી લક્ષણ પર ભરોસો કરી શકીએ. આપણે જાણીએ છીએ કે ઈશ્વર ક્યારેય જૂઠું બોલતા નથી અને તેથી દરેક શબ્દ જે ઈશ્વર બોલે છે તે નક્કર સત્ય છે. *"ઈશ્વર માણસ નથી કે તે જૂઠું બોલે. તે માણસનો પુત્ર નથી કે તે પોતાનો વિચાર બદલે. શું પોતાનું કહેવું તે નહિ કરે? અથવા પોતાનું બોલવું તે પૂરું નહિ કરે?"* (ગણના 23:19). આપણે જ્યારે આ વાતથી નીઃશંક છીએ, જેમ શાસ્ત્ર કહે છે તેમ,*"મજબૂત આશ્વાસન"* અથવા જેમ એમ્પલીફાઇડ બાઇબલ ક્લાસિક જણાવે છે, આપણી પાસે *"એક મજબૂત ગઢ અને મજબૂત પ્રોત્સાહન"* છે (હિબ્રૂઓને પત્ર 6:18 એમ્પ્લિફાઇડ બાઇબલ, ક્લાસિક એડિશન, અંગ્રેજી બાઇબલ).

## શુદ્ધ શબ્દ

**ગીતશાસ્ત્ર 12:6**

**યહોવાના શબ્દો શુદ્ધ છે. જમીન પરની ભઠ્ઠીમાં પરખેલું રૂપું, જે સાત વાર નિર્મળ કરેલું હોય તેના જેવા [તેઓ નિર્મળ છે].**

આપણાં ઈશ્વર સત્યના ઈશ્વર છે. તેઓના શબ્દો સત્ય શબ્દો છે, શુદ્ધ શબ્દો છે. ઈશ્વરના શબ્દ ભૂલચૂક વિનાના છે. *"તમારું વચન અથથી તે ઇતિ સુધી સત્ય છે;"* (ગીતશાસ્ત્ર 119:160). *"... તેમાંનો એક પણ શબ્દ વ્યર્થ ગયો નથી."* (1 રાજાઓ 8:56). ઈશ્વરના શબ્દો પર મજબૂત આત્મવિશ્વાસથી ભરોસો કરી શકાય છે, તેની ખાતરી પર વિશ્વાસ કરી શકાય છે અને તેની સૂચનાઓને પૂર્ણ હ્રદયથી પાળી શકાય છે. યહોવાનું

વચન આકાશમાં સદા સ્થિર છે (ગીતશાસ્ત્ર 119:89). ઈશ્વરના વચનમાં ફેરફાર થતો નથી કે બદલાતાં નથી, કેમ કે ઈશ્વર તેમનો કરાર તોડતા નથી કે તેમના હોઠોથી નીકળેલા શબ્દો ફેરવાતા નથી (ગીતશાસ્ત્ર 89:34). ઈશ્વરના શબ્દ સદાકાળના છે (1 પિતરનો પત્ર 1:23). ઈશ્વરના વચન મજબૂત સલામતીનું સ્થાન છે કારણ કે તે (વચન) પૂર્ણપણે શુદ્ધ, નિશ્ચિત અને સદાકાળના છે.

## ઈશ્વરના શબ્દ ઈશ્વરના સામર્થ્યના વાહક છે

**હિબ્રૂઓને પત્ર 11:3**
**વિશ્વાસથી આપણે સમજીએ છીએ કે, ઈશ્વરના શબ્દથી સૃષ્ટિનું સર્જન કર્યું, એટલે જે જે દશ્ય છે તે તે દશ્યમાન વસ્તુઓથી ઉત્પન્ન થયા નથી.**

**હિબ્રૂઓને પત્ર 1:3અ**
**તે ઈશ્વરના ગૌરવનું તેજ તથા તેમના સત્વની આબેહૂબ પ્રતિમા છે, અને પોતાના પરાક્રમના શબ્દથી સર્વને નિભાવી રાખે છે,...**

**હિબ્રૂઓને પત્ર 4:12**
**કેમ કે ઈશ્વરનો શબ્દ જીવંત, સમર્થ તથા બેધારી તરવાર કરતાં પણ વિશેષ તીક્ષ્ણ છે, તે જીવ તથા આત્માને અને સાંધા તથા મજ્જાને જુદાં પાડે એટલે સુધી વીંધનારો છે, અને હૃદયના વિચારોને તથા ભાવનાઓને પારખનાર છે,**

બાઇબલ આપણને શીખવે છે કે ઈશ્વર માત્ર શબ્દ બોલ્યા અને દુનિયા અસ્તિત્વમાં આવ્યું. “બિગ બેંગ” જેવી થિયરીના દાવાના સમર્થકો તરીકે સમયાનુસાર બધી બાબતો આપમેળે બનતી ગઈ એવું માનવાને બદલે બાઈબલના શબ્દો પર વિશ્વાસ કરવો વધુ સારું છે. આપણે સમજીએ છીએ કે *“ઈશ્વરના શબ્દથી સૃષ્ટિનું સર્જન કર્યું”* (હિબ્રૂઓને પત્ર 11:3). ઈશ્વરના શબ્દ દ્વારા જગતનું મંડાણ થયું છે. આ દુનિયાનું નિર્માણ, બાંધકામ, આકાર અને સુશોભન ઈશ્વરના શબ્દ દ્વારા થયું છે. *“જે દ્રશ્ય છે તે દ્રશ્યમાન વસ્તુઓથી ઉત્પન્ન થયા નથી”* (હિબ્રૂઓને પત્ર 11:3)–એટલે જે જે દૃશ્ય છે તે તે દૃશ્યમાન વસ્તુઓથી ઉત્પન્ન થયા નથી. પ્રાકૃતિક બાબતો આત્માથી બનાવવામાં આવી. આ એક શક્તિશાળી સત્ય છે જે આપણે સમજવાની

જરૂર છે. ઈશ્વરના શબ્દ અદ્રશ્યમાન અને આત્મિક બાબત છે કે જેના દ્વારા દ્રશ્યમાન પ્રાકૃતિક જગત અસ્તિત્વમાં આવ્યું. ઈશ્વરના બોલાયેલા શબ્દથી માત્ર સૃષ્ટિનું સર્જન થયું એટલું જ નહીં પરંતુ હિબ્રૂઓને પત્ર 1:3 પ્રમાણે, ઈશ્વરના પરાક્રમી શબ્દ સઘળાંને નિભાવી રાખે છે. ઈશ્વરના શબ્દથી સમગ્ર દુનિયા ટકી રહી છે, તેનું નિયમન થાય છે અને તેને સુવ્યવસ્થિત રાખવામાં આવ્યું છે.

જ્યારે આપણને ખ્યાલ આવે છે ઈશ્વરના શબ્દ તેમના પરાક્રમથી ભરપૂર છે ત્યારે આપણે આ સત્યને સમજીએ છીએ. ભૌતિકશાસ્ત્રમાં, પ્રકાશની એક થીયરી સમજાવી છે જ્યાં પ્રકાશમાં ફોટોન (પ્રકાશના અણુઓ)નો સમાવેશ થાય છે. ફોટોન એ પ્રકાશના અણુઓનો સમૂહ છે. જ્યારે આ ફોટોનની ચોક્કસ લક્ષ પર ટક્કર થાય છે ત્યારે તેમાંથી ઉર્જા ઉત્પન્ન થાય છે. આવી જ રીતે, આપણે આપણાં મનમાં દ્રશ્ય ઊભું કરી શકીએ કે, ઈશ્વરના શબ્દ ઉર્જાના અણુઓનો સમૂહ બનીને સર્વશક્તિમાન ઈશ્વરના પરાક્રમને વહન કરે છે. ઈશ્વરના શબ્દ આ ઈશ્વરીય સામર્થ્યને પ્રગટ કરે છે અને જેના થકી ઈશ્વરના સર્જનાત્મક કાર્યો અસ્તિત્વમાં આવે છે.

જો ઈશ્વર પોતાના શબ્દના પરાક્રમ દ્વારા દુનિયા (જગત) અસ્તિત્વમાં લાવ્યા, તો શું તેઓ આપણાં જીવનની વર્તમાન અદ્રશ્યમાન બાબતોને અસ્તિત્વમાં લાવવા માટે સમર્થ નથી? જ્યાં માંદગી અને બીમારી છે ત્યાં, ઈશ્વર પોતાના શબ્દના પરાક્રમ થકી સાજાપણું અને તંદુરસ્તી અસ્તિત્વમાં લાવી શકે છે. જ્યાં અછત કે જરૂરિયાત છે ત્યાં, ઈશ્વર પોતાના શબ્દના પરાક્રમ થકી બધી જ જોગવાઈ અને પૂરતા પ્રમાણમા પુરવઠો અસ્તિત્વમાં લાવી શકે છે. ઈશ્વરનું સર્જનાત્મક પરાક્રમ તેમનાં શબ્દમાં સમાયેલુ છે. તેથી કરીને, વર્તમાનમાં જે બાબતો આપણાં જીવનોમાં અસ્તિત્વમાં નથી તે બાબતોનું પણ ઈશ્વરના શબ્દ (અસ્તિત્વમાં લાવીને) સર્જન કરી શકે છે.

આ દુનિયાનું નિર્માણ, બાંધકામ અને આકાર આપવા માટે

ઈશ્વરે પોતાના શબ્દનો ઉપયોગ કર્યો. શું ઈશ્વર પોતાના શબ્દ દ્વારા આપણાં વર્તમાન અને ભવિષ્યનું નિર્માણ, બાંધકામ અને આકાર આપવાનું કામ ન કરી શકે? આપણું વર્તમાન બદલી નાંખીને આપણાં ભવિષ્યને યોગ્ય આકાર આપવાનું સામર્થ્ય ઈશ્વરના શબ્દમાં સમાયેલુ છે.

ઈશ્વરના શબ્દ દ્વારા આ સમગ્ર દુનિયા ટકી રહી છે, તેનું સંચાલન થાય છે અને  નિયમન થાય છે. શું ઈશ્વરના શબ્દ આપણાં જીવનોને પણ ટકાવી રાખવા, નિભાવવા અને તેનું નિયમન કરવા સમર્થ નથી? આ પૃથ્વી પરના આપણાં જીવનોને ટકાવી રાખવા, નિભાવી રાખવા અને તેનું નિયમન કરવાને માટે ઈશ્વરના શબ્દમાં પૂરતા પ્રમાણમાં સામર્થ્ય અને પરાક્રમ સમાયેલા છે.

## વચનો પર અડગ ટકી રહ્યાં છે

**રોમનોને પત્ર 4:18 (એમ્પ્લિફાઇડ બાઇબલ, ક્લાસિક એડિશન, અંગ્રેજી બાઇબલ)**

**[ઈબ્રાહિમ માટે, માનવીય કારણોસર] આશા જતી રહી હોવા છતાં, આશામાં વિશ્વાસ રાખ્યો... તેને આપેલા વચન પ્રમાણે...**

શબ્દના સામર્થ્ય અને શદ્ધતાની સમજણ આપણને તેના પર ભરોસો રાખવા માટે દ્રઢ આત્મવિશ્વાસ પૂરો પાડે છે. ઈશ્વરના શબ્દ સત્ય છે અને તેથી, શબ્દમાં જે ખાતરી કે વચન આપવામાં આવ્યાં છે તેની આપણે આશા રાખી શકીએ છીએ. ઈશ્વરના શબ્દ સામર્થ્યથી ભરપૂર છે તેથી, આપણે પૂર્ણપણે વિશ્વાસ રાખીએ કે તેમાનું વચન આપણામાં ફળ ઉત્પન્ન કરશે. જો આ સત્ય છે તો, ઇબ્રાહિમની માફક, આશાની વિરુદ્ધ આશા રાખીને, આપણે પણ આશા ઉપર વિશ્વાસ કરીને ઈશ્વરે આપણને જે બનાવવાનું વચન આપ્યું છે તે બનીને જ રહીશું. આપણે આવો વિશ્વાસ રાખીએ કેમ કે આપણે શબ્દના સામર્થ્ય અને શુદ્ધતાને સમજ્યા છીએ. આપણે જાણીએ છીએ કે ઈશ્વરના શબ્દ ક્યારેય વ્યર્થ જતાં નથી.

આપણામાંના કેટલાએક નાણાકીય સંઘર્ષનો આનુભવ કરી રહ્યા હોઈશું. જ્યારે આપણી રોજબરોજની જરૂરિયાતોની વાત આવે ત્યારે આપણને લાગે કે આ સ્થિતિ ક્યારેય બદલાશે ખરી? આપણે જાણીએ છીએ કે તેમણે ખાતરી આપી છે કે, *"મારા ઈશ્વર પોતાના મહિમાની સંપત પ્રમાણે તમારી સર્વ ગરજ ખ્રિસ્ત ઈસુમાં પૂરી પાડશે"* (ફિલિપીઓને પત્ર 4:19). આપણે જાણીએ છીએ કે, *"પહેલા તેના રાજ્યને અને તેના ન્યાયીપણાને શોધો,"* (માથ્થી 6:33). અને આ પૃથ્વી પરના જીવનને સારું જે વાનાંઓની જરૂર છે તે તમને પૂરા પાડવામાં આવશે. આપણે જાણીએ છીએ કે, આપણી પાસે જે કઈ છે તેનાં થકી જ્યારે આપણે ઈશ્વરને મહિમા આપીએ છીએ ત્યારે, ઈશ્વર તેમાં અતિઘણો વધારો કરે છે (નીતિવચનો 3:9,10; માલાખી 3:9-11). ઈશ્વરના આ દરેક વચનો ઈશ્વરીય શુદ્ધતા અને સામર્થ્યથી ભરપૂર છે તે જાણીને, આપણે તેને દ્રઢ વિશ્વાસથી વળગી રહીએ. આપણે જાણીએ છીએ કે ઈશ્વરના શબ્દમાં પૂરતું સામર્થ્ય સમાયેલુ છે કે જે આપણાં જીવનોમાં નાણાકીય આશીર્વાદોનાં ચમત્કારનું સર્જન કરીને સંજોગોને બદલી નાંખી શકે છે. આપણે ઈશ્વરના શબ્દો (વચન)ની ખાતરીને વળગી રહેવાનુ ચાલુ જ રાખીએ.

કેટલાએક પોતાના ભવિષ્ય માટે ઈશ્વર તરફ નિહાળતા હશો. જ્યારે બધુ અસ્પષ્ટ, અસલામત લાગે, કદાચ આશાવિહીન અને ધૂંધળું દેખાય ત્યારે પણ ઈશ્વરના વચન આપણાં જીવનોમાં આત્મવિશ્વાસ અને ખાતરી લાવે છે. વચન કહે છે, *"વળી આપણે જાણીએ છીએ કે જેઓ ઈશ્વરના ઉપર પ્રેમ રાખે છે, જેઓ તેમના સંકલ્પ પ્રમાણે તેડાયેલા છે, તેઓને માટે ઈશ્વર એકંદરે બધું હિતકારક બનાવે છે."* (રોમનોને પત્ર 8:28) ઈશ્વરે આપણે માટે જે યોજનાઓ, સમૃદ્ધિની યોજનાઓ બનાવી છે તે અને આપણે જે ભવિષ્યની આશા રાખીએ છીએ તે તેઓ જાણે છે (યર્મિયા 29:11). પણ સદાચારીનો માર્ગ પ્રભાતના પ્રકાશ જેવો છે, જે મધ્યાહન થતાં સુધી વધતો ને વધતો જાય છે (નીતિવચનો 4:18). તેથી આપણે બધી બાબતો સ્પષ્ટ થાય તેવી અપેક્ષા રાખીએ છીએ. આપણે જાણીએ છીએ કે આપણાં ડગલાં ઈશ્વર

ગોઠવે છે (ગીતશાસ્ત્ર 37:23,24). આ અને આવાં ઘણાં વચનો આપણને આત્મવિશ્વાસ અને નિર્ભય હિંમતથી ભરી દે છે. આપણે ઈશ્વરની ખાતરી પર અડગ રહેવાનુ ચાલુ રાખીએ.

આ જ રીતે, આપણાં જીવનનાં વિવિધ ક્ષેત્રોમાં, આપણે ઈશ્વરની ખાતરી અને આજ્ઞાઓને ઓળખીએ. આપણે સ્વીકારીએ કે આપણાં જીવનનાં વિવિધ ક્ષેત્રો માટેના ઈશ્વરના શબ્દ શુદ્ધ અને સામર્થ્યથી ભરપૂર છે.

ઈશ્વરનાં અમર્યાદિત સામર્થ્ય અને આપણાં જીવનમાં તેની શક્યતાઓને સમજ્યા પછી ઈશ્વરનાં સામર્થ્યવાન શબ્દનો આપણાં જીવનમાં અનુભવ કરવા માટે આપણે શું કરવું પડશે? એ કઈ બાબત છે જે વિશ્વાસીના જીવનમાં ઈશ્વરનાં શબ્દનું સહજ સામર્થ્ય પ્રગટ કરે છે? આગામી પ્રકરણોમાં આ બાબતો અંગે આપણે અભ્યાસ કરીશું.

# 3
# ઈશ્વરના શબ્દ:ચમત્કારિક બીજ

પ્રભુ ઈસુએ ઘણીવાર દ્રષ્ટાંતો દ્વારા શિક્ષણ આપ્યું. આપણી દુનિયાનાં દ્રષ્ટાંતો અને દાખલાઓ ઈશ્વરનાં સામ્રાજ્યને સમજવામાં આપણને મદદ કરે છે. દ્રષ્ટાંતો આપણને શીખવે છે કે ઈશ્વરનું સામ્રાજ્ય કેવી રીતે કાર્ય કરે છે.

એક ખૂબ જાણીતું દ્રષ્ટાંત જેનાથી આપણે પરિચિત છીએ તે બી વાવનારનું દ્રષ્ટાંત જેનો ત્રણ સુવાર્તા (માથ્થી 13:1-9,18-23; માર્ક 4:1-10,13-20 અને લૂક 8:4-15) માં ઉલ્લેખ કરવામાં આવ્યો છે. આવો આપણે માર્કની સુવાર્તામાં આ દ્રષ્ટાંત વિષે જે લખવામાં આવ્યું છે તેનો અભ્યાસ કરીએ અને સાથે અન્ય ત્રણ સુવાર્તાના લખાણ પ્રતિ પણ આપણું ધ્યાન કેન્દ્રિત કરીએ.

## બી વાવનારનું દ્રષ્ટાંત

**માર્ક 4:1-10,13-20**

**1 અને તે સમુદ્રને કાંઠે ફરી બોધ કરવા લાગ્યા. અને અતિ ઘણા લોકો એકત્ર થયા હતા, માટે તે સમુદ્રમાં હોડી પર ચઢીને બેઠા; અને બધા લોકો સમુદ્રની પાસે જમીન પર હતા.**

**2 અને દ્દષ્ટાંતોમાં તેમણે તેઓને ઘણો બોધ કર્યો; અને તેમના બોધમાં તેમણે તેઓને કહ્યું,**

**3 "સાંભળો; જુઓ, વાવનાર વાવવાને બહાર ગયો.**

**4 અને એમ થયું કે, તે વાવતો હતો ત્યારે કેટલાંક [બી] રસ્તાની કોરે પડ્યાં, ને પક્ષીઓ આવીને તે ખાઈ ગયાં.**

**5 અને બીજાં પથ્થરવાળી જમીનમાં પડ્યાં, જ્યાં ઘણી માટી ન હતી, અને જમીન ઊંડી ન હતી, માટે તે તરત ઊગી નીકળ્યાં!**

**6 અને સૂરજ ઊગ્યો ત્યારે તે ચીમળાઈ ગયાં; અને તેને જડ ન હતી માટે તે સુકાઈ ગયાં.**

**7 અને બીજાં કાંટાનાં જાળામાં પડ્યાં! અને કાંટાના જાળાએ વધીને તેને દાબી નાખ્યાં! અને તેણે ફળ ન આપ્યું.**

**8 અને બીજાં સારી જમીનમાં પડ્યાં; અને તેણે ઊગનારું તથા વધનારું ફળ આપ્યું; ત્રીસગણાં તથા સાઠગણાં તથા સોગણાં ફળ આપ્યાં."**
**9 અને તેમણે તેઓને કહ્યું, "જેને સાંભળવાને કાન હોય તે સાંભળે." દ્દષ્ટાંતનો હેતુ**
**10 અને જ્યારે તે એકાંતમાં હતા ત્યારે બાર [શિષ્યો] સહિત જેઓ તેમની પાસે હતા તેઓએ તેમને એ દ્દષ્ટાંતો વિષે પૂછ્યું.**
**13અને તે તેઓને કહે છે, "શું તમે આ દ્દષ્ટાંત સમજતા નથી? તો સર્વ દ્દષ્ટાંતો શી રીતે સમજશો?**
**14વાવનાર વચન વાવે છે.**
**15રસ્તાની કોર પરનાં એ છે કે જ્યાં વચન વવાય છે, ને તેઓ સાંભળે છે કે તરત શેતાન આવીને તેઓમાં જે વચન વવાયેલું હતું તે લઈ જાય છે.**
**16અને એમ જ જેઓ પથ્થરવાળી જમીનમાં વવાયેલાં તેઓ એ છે કે,જેઓ વચન સાંભળીને તરત હર્ખથી તે માની લે છે.**
**17 અને તેમના પોતામાં જડ હોતી નથી, પણ તેઓ થોડી વાર ટકે છે. પછી વચનને લીધે દુ:ખ અથવા સતાવણી થાય છે ત્યારે તેઓ તરત ઠોકર ખાય છે.**
**18 અને બીજાં જે કાંટાઓમાં વવાયેલાં છે તે એ છે કે જેઓએ વચન સાંભળ્યું!**
**19 પણ આ કાળની ચિંતાઓ તથા દોલતનો આનંદ તથા બીજી વસ્તુઓનો લોભ તેઓમાં પ્રવેશ પામીને વાતને દાબી નાખે છે, ને તે નિષ્ફળ થાય છે.**
**20 અને જેઓ સારી જમીનમાં વવાયેલાં તેઓ એ છે કે, જેઓ વચન સાંભળે છે ને તેને ગ્રહણ કરે છે, ને ત્રીસગણાં તથા સાઠગણાં તથા સોગણાં ફળ આપે છે."**

બી વાવનારનું દ્રષ્ટાંત સમજવામાં સરળ અને સહેલું છે, ખાસ કરીને તેઓ માટે જેઓ વાંચન અથવા અનુભવથી પરિચિત છે, ખેતીકામ કરતાં બી વાવવાનું અને ફસલને ઉગવવાનું અને તેની માવજત જાણે છે. આપણાં જીવનોમાં ઈશ્વરનાં શબ્દનાં પરાક્રમી કાર્યનાં ઊંડા અને શક્તિશાળી સત્યને આપણાં સુધી પહોંચાડવા માટે પ્રભુ આ દ્રષ્ટાંતનો ઉપયોગ કરે છે. આપણે જાણીએ છીએ કે ઈશ્વરનાં શબ્દ જીવંત, સક્રિય અને ઈશ્વરનાં સામર્થ્યથી ભરપૂર છે (હિબ્રૂઓને પત્ર 4:12). આ દ્રષ્ટાંત આપણને જણાવે છે કે ઈશ્વરનાં શબ્દ આપણાં જીવનોમાં કેવી રીતે કાર્ય કરે છે. આ દ્રષ્ટાંત એ પણ જણાવે છે કે આપણામાં ફળ ઉતપન્ન થતું અટકાવવા માટે કયા અવરોધો આવી શકે છે.

બીજાં દ્રષ્ટાંતો સમજવા માટે આ દ્રષ્ટાંત ચાવીરૂપ ભૂમિકા ભજવે છે. ઈસુએ કહ્યું, *"શું તમે આ દ્રષ્ટાંત સમજતા નથી? તો સર્વ દ્રષ્ટાંતો શી રીતે સમજશો?"* (માર્ક 4:13). આનો અર્થ બે મહત્વની બાબતોમાં સમાયેલો છે.

- પ્રથમ, જો આ દ્રષ્ટાંતમાથી આપણે આત્મિક સત્ય અને આંતરદ્રષ્ટિ પ્રાપ્ત કરીએ છીએ તો બીજાં અન્ય દ્રષ્ટાંતોમાથી પણ આપણે તેમ કરી શકીશું.
- બીજું, આ દ્રષ્ટાંતમા પ્રગટ થયેલું સત્ય એક ચાવી છે જે પ્રભુ ઈસુએ કહેલાં બીજાં દ્રષ્ટાંતોને સમજવામાં અને તેમાં જે સત્ય સમાયેલું છે તે મુજબ ચાલવા માટે આપણને સક્ષમ બનાવે છે.

બી વાવનારના દ્રષ્ટાંતમા જે ચાવીરૂપ વિચારો છે તેને પ્રકાશિત કરીએ. આ સારાંશને પ્રસ્તુત કરતાં, આપણે અન્ય ત્રણ સુવાર્તાઓમા સમાંતર ફકરા જોઈએ.

1) ઈશ્વરનાં શબ્દ બી સમાન છે (માર્ક 4:14).

2) આપણું હ્રદય એક જમીન છે જેના પર ઈશ્વરનાં શબ્દરૂપી બીજ વવાય છે (માર્ક 4:15).

3) બીજનું રક્ષણ અને માવજત કરવામાં આવે તો જ ફળ ઉત્પન્ન થાય છે.

4) શેતાન વચનને ચોરી ન લઈ જાય તે માટે આપણે વચન(આત્મિક સત્યની સમજણ)ને સમજીએ(માથ્થી 3:19).

5) જગતમાથી કે શેતાન તરફથી જે મુશ્કેલીઓ કે સતાવણીઓ આવે, આપણે ઈશ્વરનાં વચનોને દૃઢતાથી વળગી રહેવાનુ છે અને તે બીજને આપણાં હ્રદયમાં ઊંડે સુધી મૂળ નાંખવા દેવાના છે કે જેથી તે ફળ ઉત્પન્ન કરી શકે (માર્ક 4:16,17).

6) વચનને ગૂંગળાવી નાખે તેવી બાબતો, જેમ કે આ જગતનો

પ્રેમ, ધનદોલતનો મોહ, અને બીજાં અન્ય વાનાઓ અને મોહમાયાથી આપણે આપણાં હ્રદયનું રક્ષણ કરવું પડશે (માર્ક 4:19).

7) આપણે જ્યારે આપણાં હ્રદયોમાં વચનને સમજીએ છીએ (માથ્થી 13:23), ગ્રહણ કરીએ છીએ (માર્ક 4:20), અને તેને જાળવી રાખીએ (લૂક 8:15) છીએ ત્યારે આપણે ફળ ઉત્પન્ન કરીએ છીએ.

ઈશ્વરના શબ્દના મનન દ્વારા આપણાં હ્રદયોમાં બી વાવવાની પ્રક્રિયા પર વિશેષ ધ્યાન આપતા, આપણે આ પ્રત્યેક ચાવીરૂપ વિચારોને વિસ્તારથી સમજીશું.

# 4
# ઈશ્વરના શબ્દ બીજ છે

**લૂક 8:11**
**દ્રષ્ટાંત[નો અર્થ] આ છે: “બી તો ઈશ્વરનું વચન છે.”**

**1 પિતરનો પત્ર 1:23**
**કેમ કે વિનાશી બીજથી નહિ, પણ અવિનાશીથી, ઈશ્વરનાં જીવંત તથા સદાકાળ રહેનાર વચન વડે, તમને નવું જીવન આપવામાં આવ્યું છે.**

આ દ્રષ્ટાંતમા આપણે જે પ્રથમ સત્ય જોઈએ છીએ તે એ છે કે ઈશ્વરનાં વચન તો બી સમાન છે. જ્યારે તમે બીજ હાથમાં પકડો છો ત્યારે તે તદ્દન નકામું અને નિર્જીવ દેખાય છે. આપણે કલ્પના કરી શકતા નથી કે બીજનો એક નાનો દાણો ભૂમિમાં વાવવામાં આવે છે ત્યારે તેનું અંકુર ફૂટે છે, અને ધીરેધીરે મૂળ ઊંડે જાય છે, અને એક નાનો છોડ મોટું વૃક્ષ બની જાય છે. બીજના એ દાણામાં જ એટલી ક્ષમતા સમાયેલી છે કે તેનામાંથી એક છોડ કે વૃક્ષ બનાવી શકે છે. એક અર્થમાં કહીએ તો, બીજના દાણામાં એક સર્જનાત્મક શક્તિ સમાયેલી છે તે એવી બાબતને ઊભી કરે છે જેનું પહેલા ક્યારેય કોઈ અસ્તિત્વ જ ન હતું. વધુમાં, જો બીજને થેલીમાં, કોઠારમાં, કે અન્ય જગ્યાએ, ભરી રાખવામા આવે તો તે માત્ર બીજ જ બની રહે છે અને પોતાની ક્ષમતાને ક્યારેય ઉજાગર કરી શકતું નથી. બીજમાં સમાયેલી ક્ષમતા ત્યારે જ કામ કરે છે જ્યારે તેને જમીનમાં વાવવામાં આવે અને તેની યોગ્ય રીતે કાળજી લેવામાં આવે.

ઈશ્વર દ્વારા આપણને આપવામાં આવેલ દરેક શબ્દ બીજ છે. બાઇબલ બીજથી ભરેલો એક થેલો કે ભંડાર છે. જેમાંથી આપણે ઈશ્વરના દરેક વચનનો ચમત્કારિક બીજ તરીકે ઉપયોગ કરી શકીએ છીએ. ઈશ્વરે આપણને જે વચનો આપ્યાં છે તે દરેક વચનમાં સર્જનાત્મક સામર્થ્ય સમાયેલું છે. જ્યારે ઈશ્વરનાં આ

શબ્દને આપણાં હ્રદયોમા વાવવામાં આવે અને તેની યોગ્ય માવજત કરવામાં આવે ત્યારે તેમાં સમાયેલ અલૌકિક શક્તિ આપણાં જીવનોમા અદભૂત કાર્ય કરે છે.

1 પિતરનો પત્ર 1:23મા, ઈશ્વરના શબ્દને *"અવિનાશી બીજ"* તરીકે દર્શાવવામાં આવ્યા છે. આને માટે ગ્રીક ભાષામાં *'સ્પોરા'* શબ્દ વપરાયો છે. ઈશ્વરના શબ્દ ચમત્કારિક *'સ્પોરા'*—ચમત્કારિક બીજ છે. નોંધપાત્ર સિદ્ધાંત એ છે કે—ઈશ્વરના શબ્દમાં જ ફળ ઉત્પન્ન કરવાની ક્ષમતા સમાયેલી છે. ઈશ્વરના શબ્દમાં જ જીવન આપવાની, સર્જનાત્મક, ચમત્કારિક શક્તિ સમાયેલી છે. ઈશ્વરના બોલાયેલા પ્રત્યેક શબ્દ ચમત્કારિક બીજ છે સર્જનની ક્ષમતા ધરાવે છે.

1 પિતરનો પત્ર 1:23 જણાવે છે કે આપણો નવો જન્મ ઈશ્વરના શબ્દથી થયો છે. યાકૂબનો પત્ર 1:18 આજ બાબતને જણાવતા કહે છે *"સત્યના વચન"* થી આપણે નવો જન્મ પામ્યા છીએ. જ્યારે ઈશ્વરના શબ્દ (સુવાર્તા) આપણાં હ્રદયોમાં વાવવામાં આવ્યા અને આપણે તેના પર વિશ્વાસ કર્યો, ત્યારે તે વચનોએ આપણામાં જીવન આપવાનું સામર્થ્ય વહેતું કર્યું. એક ક્ષણમાં, પળવારમાં આપણે નવો જન્મ પામ્યાં. આપણે નવી ઉત્પત્તિ બન્યાં. *"માટે, જો કોઈ માણસ ખ્રિસ્તમાં છે તે તો નવી ઉત્પત્તિ [છે]; જે જૂનું હતું તે સર્વ જતું રહ્યું છે; જુઓ, તે નવું થયું છે"* (2 કરિંથીઓને પત્ર 5:17). આપણાં આત્મામાં ઈશ્વરનું સર્જનાત્મક કાર્ય થયું (એફેસીઓને પત્ર 2:10). આ સર્જનનું જે કાર્ય આપણામાં સંપન્ન થયું (અને ઘણાં જેઓ તારણ પામી રહ્યા છે તેઓના હ્રદયોમાં સંપન્ન થઈ રહ્યું છે) તે ખૂબ મોટો ચમત્કાર છે જેનો આપણે અનુભવ કરીએ છીએ. ખ્રિસ્તમાં નવી ઉત્પત્તિ બનવાનો અને નવો જન્મ પામવાનો આ ચમત્કાર છે. અને આ સર્જનાત્મક ચમત્કાર ઈશ્વરના અવિનાશી બીજ (સુવાર્તા) થકી થયો છે. આ ઈશ્વરના શબ્દ છે.

ખ્રિસ્તમાં નવી ઉત્પત્તિ બનવાનું મહાન કાર્ય જે આપણામાં

થયું છે તે અંગે થોડો વિચાર કરીએ. આપણાં જીવનોમાથી શેતાનની શક્તિઓને તોડી નાંખવામાં આવી. શેતાનના અધિકારક્ષેત્રમાંથી ઈશ્વરના પોતાનાં પુત્રના રાજ્યમાં આપણને પ્રસ્થાપિત કરવામાં આવ્યાં (કલોસીઓને પત્ર 1:13). આપણને ઈશ્વરના કુટુંબમાં દત્તક તરીકે સ્વીકારવામાં આવ્યાં. આપણે ઈશ્વરથી નવો જન્મ પામ્યાં અને અલૌકિક સ્વભાવના હકદાર બન્યાં. આપણને ખ્રિસ્તમાં લાવવામાં આવ્યાં, અને ખ્રિસ્તમાં બધાં જ અદ્દભૂત આશીર્વાદો આપણા બની ગયા. જ્યારે ઈશ્વરના શબ્દરૂપી બીજનું ચમત્કારિક સામર્થ્ય આપણાં જીવનમાં પ્રકાશિત થયું ત્યારે આ પ્રકારના અને બીજા અનેક વાનાઓ પળવારમાં આપણાં હિસ્સામાં આવી ગયા.

શું ઈશ્વરના શબ્દરૂપી બીએ આપણામાં કાર્ય કરવાની ક્ષમતા કે સામર્થ્ય ગુમાવી દીધાં છે? શું ઈશ્વરના ચમત્કારિક બી આપણાં જીવનમાં કોઈ ચમત્કાર કરી શકે તેમ નથી? ના આવું જરાપણ નથી! કેમ કે ઈશ્વરના શબ્દ અવિનાશી બીજ છે. ઈશ્વરના શબ્દ સદાકાળને માટે જીવંત છે, ટકી રહેનાર અને કાયમ છે. ઈશ્વરે આપણને જે શબ્દ (વચન) કહ્યાં છે તે દરેક ફળ ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવે છે.

## ઈશ્વરનાં શબ્દ ફળ ઉત્પન્ન કરવા માટે રચવામાં આવ્યાં છે

**યશાયા 55:10,11**

**10 જેમ વરસાદ તથા હિમ આકાશથી પડે છે, અને ભૂમિને સિંચ્યા વિના, ને તેને સફળ તથા ફળદ્રુપ કર્યા વિના તથા વાવનારને અનાજ તથા ખાનારને અન્ન આપ્યા વિના ત્યાં પાછા ફરતાં નથી;**

**11 તે પ્રમાણે મારું વચન જે મારા મુખમાથી નિકળ્યું છે તે [સફળ] થશે; મેં જે ચાહયું છે તે કર્યા વિના, ને જે હેતુથી મેં તેને મોકલ્યું હતું તેમાં સફળ થયા વિના, તે ફોગટ મારી પાસે પાછું વળશે નહિ.**

ઈશ્વર કહે છે કે તેમનાં મુખમાથી જે વચન નિકળ્યું છે તે ફોગટ પાછું વળશે નહિ. પરંતુ તે વચન ઈશ્વરે જે ચાહયુ છે અને જે હેતુને માટે તેમણે મોકલ્યું છે તેને સિદ્ધ કરશે.

યશાયા 55:10,11 માંથી ચાર સરળ બાબતો જોઈએ છીએ.

1) ઈશ્વરનાં શબ્દ સર્જન કરવા (હેતુ સિદ્ધિ) માટે રચવામાં આવ્યાં છે.
2) ઈશ્વરનાં શબ્દ ઈશ્વરે જે ચાહ્યુ છે અને જે હેતુ નક્કી કર્યો છે તેને સિદ્ધ કરશે.
3) જ્યારે ઈશ્વર પોતાનો હેતુ સિદ્ધ કરવા માંગે છે અને ખુશી ચાહે છે ત્યારે પોતાના મુખમાંથી શબ્દ બોલે છે.
4) ઈશ્વરનાં શબ્દ ઈશ્વરનો આનંદ અને હેતુ પ્રગટ કરે છે.

ઈશ્વર જે શબ્દ બોલે છે (અને હમણાં સુધી બોલ્યાં છે) તે શબ્દ ખાલી નથી. તે શબ્દ ઈશ્વરનાં સાર્વભૌમત્વથી ભરપૂર છે. તે શબ્દને ફળ ઉત્પન્ન કરવાને માટે રચવામાં આવ્યાં છે. એક બીજની જેમ, ઈશ્વર જે દરેક શબ્દ બોલ્યાં છે તેમાં પરિપૂર્ણતાની અલૌકિક ક્ષમતાઓ પૂર્ણપણે ભરેલી છે.

આ પૃથ્વી પર પોતાના હેતુઓ સિદ્ધ કરવા અને પોતે જે ચાહ્યુ છે તેને પરિપૂર્ણ કરવા ઈશ્વરે પોતાનાં શબ્દને બનાવ્યા છે. કેમ કે ઈશ્વરનો હેતુ છે પોતાનાં લોકોને આશીર્વાદ આપે (ગીતશાસ્ત્ર 3:8), ઈશ્વરનાં શબ્દ આ બાબત સિદ્ધ કરે છે. ઈશ્વરનો હેતુ છે લોકોને સાજાપણું પ્રાપ્ત થાય (નિર્ગમન 15:26; નિર્ગમન 23:25). તેથી ઈશ્વરનાં શબ્દ માંદાઓને સાજા કરે છે (ગીતશાસ્ત્ર 107:20). ઈશ્વરનો હેતુ છે કે તેમનાં લોકો પોતાનાં જીવનોમાં જ્ઞાન, સમજણ અને યોગ્ય દિશા પ્રાપ્ત કરે (યશાયા 48:17; ગીતશાસ્ત્ર 32:8) અને તેથી ઈશ્વરનાં શબ્દ તેમનો હેતુ સિદ્ધ કરશે. ઈશ્વરનાં શબ્દ ઈશ્વરનાં દરેક હેતુઓ, પ્રયોજનો, ઈરાદાઓ અને ઈચ્છાઓને પરિપૂર્ણ કરશે.

ઈશ્વર પ્રભુ સ્વર્ગમાં છે. અને જ્યારે તેઓ આ પૃથ્વી પર પોતે જે ચાહે છે તે અને પોતાનાં હેતુઓ પરિપૂર્ણ કરવા ઈચ્છા રાખે છે તે તેમનાં શબ્દ પ્રગટ કરે છે. આ બોલાયેલાં શબ્દ ચમત્કારિક બીજ છે. જે ઈશ્વરનાં ઈરાદાઓ હાંસલ કરે છે.

આપણે, તેમનાં લોક, આ પૃથ્વી પર છીએ. ઈશ્વરનાં અવિનાશી શબ્દના સામર્થ્ય દ્વારા, અને તેમનાં આત્માના કાર્ય થકી, ઈશ્વર આપણાં જીવનોમાં પોતાની ઈચ્છાઓ અને હેતુઓ સિદ્ધ કરે છે.

## જેઓ વિશ્વાસ કરે છે તેઓના જીવનમાં શબ્દ અસરકારક રીતે કાર્ય કરે છે

**1 થેસ્સાલોનિકીઓને પત્ર 2:13**

**તમે જ્યારે અમારી પાસેથી સંદેશાનું વચન, એટલે ઈશ્વરનનું વચન, સાંભળીને સ્વીકાર્યું, ત્યારે તેને માણસોના વચન જેવુ નહિ; પણ જેમ તે ખરેખર ઈશ્વરનું વચન છે તેમ તમે તેને સ્વીકાર્યું; એ કારણ માટે અમે ઈશ્વરની આભારસ્તુતિ નિરંતર કરીએ છીએ.તે જ [વચન] તમ વિશ્વાસીઓમાં પ્રેરણા પણ કરે છે.**

મનુષ્યના જીવનમાં પોતાનું સામર્થ્ય વહન કરવા માટે ઈશ્વરે પોતાનાં શબ્દની યોજના કરી છે. પ્રેરિત પાઉલ થેસ્સાલોનીકીની મંડળીને લખતા સમજાવે છે કે જેઓ ઈશ્વરના શબ્દ પર વિશ્વાસ કરે છે તેઓના જીવનમાં ઈશ્વરનાં શબ્દ પોતાનું દૈવી સામર્થ્ય અને અસરકારકતા પ્રગટ કરે છે. *"અસરકારક કાર્ય"* શબ્દને માટે ગ્રીક ભાષામાં *'એનર્જીઓ'* શબ્દ વપરાયો છે જેનો અર્થ થાય છે કે દિવ્ય શક્તિ કે અલૌકિક સામર્થ્ય જે ખૂબ મહાન રીતે કાર્ય કરે છે. એમપ્લીફાઇડ બાઈબલના કૌંસની નોંધમાંનાં લખાણ પ્રમાણે, *"[વિશ્વાસના લોકોમાં તેની અલૌકિક શક્તિનો ઉપયોગ કરવો]"* (1 થેસ્સાલોનિકી 2:13) જ્યારે આપણે ઈશ્વરનાં શબ્દને પ્રાપ્ત કરીએ છીએ અને તેમાં વિશ્વાસ કરીએ છીએ ત્યારે આપણાં જીવનોમાં તે અલૌકિક સામર્થ્યથી પ્રગટ થાય છે.

પવિત્ર શાસ્ત્રમાં સમાવિષ્ટ ઈશ્વરનાં દરેક શબ્દ ચમત્કારિક બીજ છે જે દરેક વિશ્વાસી વ્યક્તિના જીવનમાં ઈશ્વરનાં વાનાંઓ સિદ્ધ કરવા માટે સક્ષમ છે. જે રીતે દરેક બીજ પોતાનાં પ્રમાણે ફળ આપે છે (ઉત્પત્તિ 1:11,12), તે જ રીતે ઈશ્વરનાં દરેક શબ્દ જે હેતુ માટે તૈયાર કરવામાં આવ્યા છે તે પરિપૂર્ણ કરે છે. ઈશ્વરનાં જે શબ્દ સાજાપણા માટે છે તે સાજાપણું આપે છે. ઈશ્વરનાં જે શબ્દ આશીર્વાદ અને સમૃદ્ધિ માટે છે તે આશીર્વાદ

અને સમૃદ્ધિ પૂરા પાડે છે. ઈશ્વરનાં શબ્દ આપણાં જીવનના જે ક્ષેત્રો માટે તૈયાર કરવામાં આવ્યાં છે તે ક્ષેત્રોમાં કાર્ય કરે છે.

શબ્દના બીજ અંગેની આ હકીકતો દર્શાવતા, એક વાતનો ખ્યાલ રાખવો જોઈએ કે ઈશ્વરનાં શબ્દને તેના પૂરા પરિપેક્ષ્યમાં, અને નહિ કે તૂટક તૂટક અર્થમાં, સાંભળવા અને પાળવા માટેનો એક સિદ્ધાંત છે. જેઓ ઈશ્વરનાં શબ્દ પૂર્ણ પરિપેક્ષ્યમાં સાંભળે છે અને પાળે છે તેઓને જીવન, તંદુરસ્તી, આશીર્વાદ અને સંપૂર્ણ સુખાકારીની ખાતરી આપવામાં આવેલ છે (નીતિવચનો 3:1,2,7,8; નીતિવચનો 4:20-22).

# 5
# હ્રદયમાં બીજની વાવણી થવી જરૂરી છે

## હ્રદયની જમીન

**માર્ક 4:14,15**

**14 વાવનાર વચન વાવે છે.**

**15 રસ્તાની કોર પરનાં એ છે કે જ્યાં વચન વવાય છે, ને તેઓ સાંભળે છે કે તરત શેતાન આવીને તેઓમાં જે વચન વવાયેલું હતું તે લઈ જાય છે.**

ત્રણેય સુવાર્તામાં બી વાવનારના દ્રષ્ટાંતમા નોંધવામાં આવ્યું છે, ત્યાં સ્પષ્ટપણે લખવામાં આવ્યું છે કે વચનનું બીજ હ્રદયમા વાવવામાં આવ્યું (માથ્થી 13:19; માર્ક 4:15; લૂક 8:12). હ્રદય એક જમીન છે જ્યાં ઈશ્વરનાં વચનરૂપી બીજ વાવવામાં આવે છે.

નવા કરાર સબંધી વાઇન કંપ્લીટ એક્સ્પોઝીટરી ડિક્શનરી પ્રમાણે, શબ્દ—"હ્રદય" દર્શાવે છે–*"આધ્યાત્મિક જીવન અને નૈતિક પ્રકૃતિની બેઠક, દુ:ખ, ઈચ્છાઓ, લાગણીઓ, વિચારો, માન્યતાઓ, સમજણ, તર્કશક્તિઓ, કલ્પનાઓ, ઈરાદાઓ, હેતુઓ, ઇચ્છશક્તિ અને વિશ્વાસની બેઠક છે."* હૃદય, જેનો ઉલ્લેખ જૂના કરારમાં નીતિમાન માણસ તરીકે કરવામાં આવ્યો છે તે સંદર્ભે, *"લાગણીઓ, તર્ક અને ઈચ્છાઓ"*. જ્યારે નવા કરારમાં આત્મા (*'નેઉમા'*) અને જીવ (*'સુચે'*) વચ્ચે તફાવત દર્શાવતા, "હ્રદય" શબ્દનો ઉપયોગ આત્મા અને જીવ બંનેને સમાવવા માટે વ્યાપક અર્થમાં કરવામાં આવ્યો છે (હિબ્રૂઓને પત્ર 4:12). હ્રદય આંતરિક મનુષ્યત્વ, છુપાયેલ મનુષ્યત્વ (1 પિતરનો પત્ર 3:4) કે વાસ્તવિક મનુષ્યને રજૂ કરે છે. તેથી વચનરૂપી બીજનું હ્રદયમાં રોપાણ થાય છે, તેથી, વચનનું આંતરિક મનુષ્યત્વમાં, વ્યક્તિના આત્મા અને જીવ, મૂળમાં રોપાણ થાય છે. વચનનું રોપાણ આપણી ઈચ્છાઓ, લાગણીઓ, વિચારો, માન્યતાઓ,

સમજણ, તર્કશક્તિઓ, કલ્પનાઓ, ઈરાદાઓ, હેતુઓ અને વિશ્વાસના ક્ષેત્રમાં થવું જોઈએ.

## રોપણ કરાયેલ શબ્દ

**યાકૂબનો પત્ર 1:21**
**માટે તમે સર્વ મલિનતા તથા દુષ્ટતાની અધિકતા નાખી દો, અને [તમારા હૃદયમાં] રોપેલું જે વચન તમારા આત્માઓને તારવાને શક્તિમાન છે તેને નમ્રતાથી ગ્રહણ કરો.**

*"રોપણ કરાયેલ"* શબ્દમાં એ વિચાર સમાયેલો છે કે બીજ પોતે જ મૂળ બને, પોતાની જાતે જ વૃદ્ધિ પામે, પોતે જ અંકુરિત થાય અને જમીનમાં ઊંડે સુધી પોતાના મૂળિયાં નાંખે. જેમ બીજ ભૂમિમાં કાર્ય કરે છે બરાબર તે જ રીતે વચન હૃદયમાં કાર્ય કરે છે. વચનરૂપી બીજ હૃદયની ભૂમિમાં વવાય છે, મૂળિયાં નાખે છે, અંકુરિત થાય છે અને ત્યારબાદ જીવને અસર કરે છે. આ બાબત ફરી એકવાર એ સત્યને ભારપૂર્વક જણાવે છે કે વચનની પ્રાપ્તિ આંતરિક મનુષ્યત્વમાં થવી જોઈએ અને વચનનું રોપાણ થઈને ઉંડે સુધી મૂળિયાં નાંખવાની પ્રક્રિયા થવી જોઈએ.

## તમારા હૃદયમાં

**નીતિવચનો 4:20-23**
**20 મારા દીકરા, મારા શબ્દો પર લક્ષ આપ; મારી વાતો પર કાન ધર.**
**21 તેઓને તારી આંખ આગળથી દૂર થવા ન દે; તેઓને તારા હૃદયમાં રાખ.**
**22 તે જેઓને મળે છે, તેઓને તે જીવનરૂપ છે, અને તેમના આખા શરીરને આરોગ્યરૂપ છે.**
**23 પૂર્ણ ખંતથી તારા હૃદયની સંભાળ રાખ; કેમ કે તેમાંથી જ જીવનનો ઉદભવ છે.**

આપણાં હૃદયોમાં ઈશ્વરના વચન ગ્રહણ કરવાનું સત્ય એ માત્ર નવા કરારનું પ્રગટીકરણ નથી. આપણે જૂના કરારમાં પણ એવા દાખલા જોઈએ છીએ જ્યાં ઈશ્વરે પોતાના લોકોને પોતાના શબ્દ તેઓના હૃદયમાં રાખી મૂકવાની આજ્ઞા આપી

હતી. *“અને આ જે વચનો હું આજે તને ફરમાવું છું તે તારા અંત:કરણમાં [ઠસી] રહે;”* (પુનર્નિયમ 6:6; પુનર્નિયમ 11:18). ગીતકર્તા જણાવે છે કે, *“... મેં તારું વચન મારા હૃદયમાં રાખી મૂક્યું છે”* (ગીતશાસ્ત્ર 119:11).

નીતિવચનો 4:20-23ની કલમો ઈશ્વરના વચનોને આપણાં હૃદયોમાં યોગ્ય સ્થાન આપવા માટે શક્તિશાળી તેડું પૂરું પાડે છે.

***મારા શબ્દો પર લક્ષ આપ***—બીજી બાબતો તરફ આપણું ધ્યાન ખેંચાય તદુપરાંત, આપણે ઈરાદાપૂર્વક ઈશ્વરનાં વચનો તરફ લક્ષ આપવાનું પસંદ કર્યું છે. દરેક પરિસ્થિતિમાં, આપણે જે તે બાબત અંગે ઈશ્વરનાં વચનો જે કહે છે તેનાથી જ શરૂઆત કરવાનું પસંદ કર્યું છે. આપણે ઈશ્વરનાં વચનોને સર્વોચ્ચ પ્રાથમિક્તા આપીએ છીએ. આને કહેવાય કે આપણે ઈશ્વરનાં વચન પ્રતિ લક્ષ આપીએ છીએ.

***મારી વાતો પર કાન ધરો***—જ્યારે ઘણાં બધા વિકલ્પો અને અવાજો આપણને પોતાનો મત વ્યક્ત કરે છે ત્યારે આપણે માત્ર ઈશ્વરનાં વચનોના મત પર આધાર રાખીએ અને તે વચનો શું કહે તે સાંભળીએ છીએ. આપણે વિચલિત કરતાં અન્ય અવાજો તરફ ધ્યાન ન આપતા માત્ર ઈશ્વરનાં વચનો તરફ જ લક્ષ આપીએ છીએ.

***તેઓને તારી આંખ આગળથી દૂર થવા ન દે***—આપણે આપણી નજર સતત ઈશ્વરનાં વચનો પર કેન્દ્રિત કરીએ. આપણાં આંતરચક્ષુઓમાં આપણે ઈશ્વરનાં વચનોનું રેખાચિત્ર અંકિત કરીએ. ઈશ્વરનાં વચનોને આપણી કલ્પનાઓને ભરી દેવાની મંજૂરી આપીએ.

***તેઓને તારા હૃદયમાં રાખ***—આમ કરવાનો હેતુ એ છે કે ધીરે ધીરે આપણાં હૃદયોમાં ઈશ્વરનાં વચનોનો સમૃદ્ધ ખજાનો એકઠો થાય, આપણું આંતરિક વ્યક્તિત્વ ભરપૂર થાય, આપણાં

વિચારો, ઈરાદાઓ, જુસ્સો અને તર્ક વ્યાપક બને. પરિણામ એ હશે કે આપણું જીવન અને તંદુરસ્તી ઈશ્વરનાં વચનો દ્વારા ચલિત થશે.

ઈશ્વરના વચનોથી આપણાં હ્રદયોને ભરપૂર કરે તે મહત્વનુ છે કારણ કે હ્રદય આપણાં જીવનોમાં જે બાબતો બને છે તેનો સ્રોત છે. જો વચનથી આપણું હ્રદય ભરાયેલુ છે તો વચન જ આપણાં જીવનોમાં તેનું જીવન અને સામર્થ્ય વહેતું કરે છે. આ રીતે, આપણાં જીવનો ઈશ્વરના વચનોના સામર્થ્ય દ્વારા પ્રભાવશાળી બને છે, યોગ્ય આકાર અને રૂપ ધારણ કરે છે.

## શબ્દ તમારી નજીકમાં જ છે

**પુનર્નિયમ 30:11-14**

**11 કેમ કે આ જે આ હું આજે તને ફરમાવું છું, તે તારી શક્તિ બહારની નથી,**
**ને તારાથી છેક દૂરની પણ નથી.**
**12 તે આકાશમાં નથી કે જેથી તું કહે, 'કોણ અમારે માટે આકાશમાં જઈને તે**
**અમારી પાસે લાવીને અમને તે સંભળાવે, કે અમે તે પાળીએ?'**
**13 વળી તે સમુદ્રને પેલે પાર નથી કે જેથી તું કહે, 'કોણ અમારે માટે સમુદ્રને**
**પાર જઈને તે અમારી પાસે લાવીને અમને તે સંભળાવે, કે અમે તે પાળીએ?'**
**14 પણ તે વચન તો તારી પાસે જ, એટલે તારા મુખમાં તથા તારા હ્રદયમાં**
**છે કે, જેથી તું તે પાળે.**

જો આપણે ઈશ્વરના શબ્દને આપણાં હ્રદયોમાં સ્થાપિત કરવાનો પ્રયાસ કરીએ તો તે વચનો આપણી "ખૂબ જ નજીક" છે. હ્રદય એક મોટા ભંડાર જેવુ છે જ્યાં આપણે ઈશ્વરના વચનનો સંગ્રહ કરી શકીએ છીએ. હ્રદયમાં જે ભરેલું હોય છે તે જ મુખમાથી બહાર નીકળે છે. જ્યારે વચન આપણાં હ્રદય અને મુખને ભરી દે છે ત્યારે, આપણે ક્યારેય નિરાશા અને હતાશાની વાત કરતાં નથી. આપણી વાતો નિરાશાજનક નથી હોતી જાણે કે ઈશ્વર અને તેમના વચન આપણાથી દૂર, આકાશમાં ઊંચે કે સમુદ્રને પેલે પાર હોય. જ્યારે વચન આપણાં હ્રદય અને મુખને ભરી દે છે, ત્યારે આપણે તે પ્રમાણે જીવીએ છીએ, અને તે પ્રમાણે જ વર્તન કરીએ છીએ. અહીં રસપ્રદ બાબત એ છે કે

પ્રેરિત પાઉલ પુનર્નિયમ 30:11-14 ના વચનને રોમનોને પત્ર 10:6-8 માં વર્ણવીને આપણે કે જેઓ નવા કરારના વિશ્વાસીઓ છે તેમને સંબોધન કરે છે. તેથી, આપણાં મુખમાં અને હ્રદયમાં ઈશ્વરના વચન અંગે જે નોંધપાત્ર સત્ય છે તે એ કે નવા કરારના વિશ્વાસીઓ તરીકે આપણે તેને અમલમાં લાવવાની જરૂર છે.

**મનન દ્વારા**

હવે જે મોટો પ્રશ્ન છે તે એ કે આપણે કઈ રીતે ઈશ્વરના વચનના સમૃદ્ધ ખજાનાને આપણાં હ્રદયોમાં એકઠો કરી શકીએ? બી વાવનારના દ્રષ્ટાંતમા, બી વાવનાર વચન સાંભળનારને સમાંતર છે. અને આપણે જાણીએ છીએ કે બી જમીનમાં વવાય એટલું જ નહિ પણ તે ભૂમિમાં દટાય અને અંકુરિત થાય તે જરૂરી છે. એ જ રીતે, આપણે જોઈએ છીએ કે આપણાં હ્રદયોમાં વચનનું રોપાણ થવું જ જોઈએ. આ પ્રમાણે થાય એ માટે આપણે શું કરવું જોઈએ?

જો કે બી વાવનારના દ્રષ્ટાંતમા આનો ઉલ્લેખ નથી, પરંતુ જો આપણે શાસ્ત્રના શિક્ષણમાં સાતત્ય જાળવીએ, તો આપણને સમજાય છે કે ઈશ્વરના વચનના મનનથી આ શક્ય છે.

ઈશ્વરના વચનના મનનની પ્રક્રિયા દ્વારા આપણે આપણાં હ્રદયોમાં ઈશ્વરના વચનના સમૃદ્ધ ખજાનાને એકત્ર કરીએ છીએ. આપણે વચન સાંભળીએ છીએ અને ગ્રહણ કરીએ છીએ કે જેથી વચનનું આપણામાં રોપાણ થાય છે, તેની માવજત થાય છે અને તે ફળ પેદા કરે છે.

આપણે જ્યારે વચનના મનનની શિસ્ત કેળવીએ છીએ અને આપણાં હ્રદયોમાં તેને સ્થાપિત કરીએ છીએ ત્યારે આપણે ગમે તે સંજોગોમાં અને ગમે તે સ્થળે તત્કાળ તેનો ઉપયોગ કરી શકીએ છીએ. હ્રદયમાં સંગ્રહિત વચનને આપણાં મુખ દ્વારા કાઢીને તેનો ઉપયોગ કરી શકીએ છીએ. આપણે જે રાખી મૂક્યું છે તેમાથી બોલી શકીએ છીએ. જ્યારે વચન આપણાં મુખ અને હ્રદયનો કબજો પ્રાપ્ત કરે છે ત્યારે તે વચન આપણી

ખૂબ નજીક હોય છે. અને ચક્રિય રીતે, ગમે તે સ્થળે અને ગમે તે સમયે આપણને વચનના મનન માટે સક્ષમ બનાવે છે. સામાન્ય રીતે, આપણે ઈચ્છા રાખીએ છીએ કે આપણી સમક્ષ આપણું બાઇબલ ખુલ્લુ રાખીને શાંત સ્થળે કોઈપણ પ્રકારની ખલેલ વિના બેસીએ અને વચનનું મનન કરીએ. છતાં, જો આપણે વચનને આપણાં હૃદયમાં રાખી મૂક્યું છે તો ગમે તે સ્થળે, હાલતા ચાલતા, શેરીઓમાં કે રસ્તાઓ પર ડ્રાઇવિંગ કરતાં સમયે પણ તેનું મનન કરી શકીએ છીએ.

આગામી પ્રકરણમાં આપણે ઈશ્વરના વચનના મનન અંગે બાઇબલ શું શીખવે તે વિષે ઊંડાણથી શીખવાના છીએ.

# 6
# ઈશ્વરના શબ્દનું મનન કરવું

અગાઉના પ્રકરણમાં, અમે ભાર મૂક્યો છે કે ઈશ્વરના શબ્દ આપણાં વિશ્વાસનો આધાર અને સ્રોત છે. આપણે ઈશ્વરના શબ્દની શુદ્ધતા અને સામર્થ્યની તપાસ કરી. આપણે એ હકીકતોને રજૂ કરી કે ઈશ્વરના શબ્દ તેમના સામર્થ્યથી ભરપૂર છે અને તે સામર્થ્ય આપણા જીવનોમાં પ્રગટ થઈ શકે છે. આપણે એ હકીકતને પણ સમજ્યા કે ઈશ્વરના શબ્દ બી સમાન છે, તેને જ્યારે આપણાં હ્રદયમાં રોપવામાં આવે અને તેની માવજત કરવામાં આવે ત્યારે, આપણાં જીવનમાં તે પોતાનું પરીવર્તનશીલ પરાક્રમ વહેતું કરે છે. હવે આપણે એક પગલું આગળ વધીને ઈશ્વરના શબ્દના મનનની શિસ્તતા વિષે અભ્યાસ કરીશું. મનન એ એક પ્રક્રિયા છે કે જેના દ્વારા આપણે ઈશ્વરના વચનને આપણાં હ્રદયમાં રોપીએ છીએ અને તેની માવજત કરી છીએ.

સામાન્ય રીતે, જ્યારે આપણે “મનન” શબ્દનો ઉલ્લેખ કરીએ છીએ ત્યારે લોકો તેને તપસ્વી લોકો દ્વારા કરવામાં આવતી કોઈ રહસ્યમય પ્રથા તરીકે જુએ છે. કદાચ આવું એટલા માટે બને છે કે મંડળી સામાન્ય રીતે મનનની પ્રથા પર બહુ ભાર નથી આપતી. જો કે એ પણ હકીકત છે કે જગતભરની ઘણી સંસ્કૃતિઓની મનનની પોતાની રીતભાત છે, પરંતુ આપણે વચનના અધ્યાત્મિક અભિગમનું લક્ષ રાખીએ છીએ. વિશ્વાસીઓ તરીકે, આપણે મનનનું મહત્વ સમજવું અને ખ્રિસ્તી વિશ્વાસમાં તેની શિસ્ત વિકસિત કરવી ખૂબ જરૂરી છે.

## મનન—શાસ્ત્રની શિસ્તતા

**ઉત્પત્તિ 24:63અ**

**અને ઈસહાક સાંજે મનન કરવા માટે ખેતરમાં ગયો; ...**

સૌથી પ્રથમ બાઈબલમાં“મનન” શબ્દનો ઉપયોગ કરવામાં આવ્યો છે તે ઉત્પત્તિના પુસ્તકમાં ઇસહાક સબંધી છે. જો કે, બહુ બધી માહિતી નથી મળતી કે ઇસહાક ક્યાં અને કેવી રીતે મનન કરતો, પરંતુ તે નોંધવું રસપ્રદ છે કે પવિત્ર શાસ્ત્રમાં મનનની પ્રક્રિયા ખૂબ શરૂઆતથી જ હતી. ઇસહાક ખેતરમાં મનન કરવા ગયો એ બાબત જણાવે છે કે સામાન્ય રીતે કોઈપણ વ્યક્તિ પોતાને અલગ કરીને દખલ કે ખલેલ વિનાના શાંત વાતાવરણને મનન માટે પસંદ કરે છે.

**યહોશુઆ 1:8**
**એ નિયમશાસ્ત્ર તારા મોંમાંથી જાય નહિ. પણ દિવસે તથા રાત્રે તનું મનન કર, કે તેમાં જે બધું લખેલું છે તે તું કાળજઈથી પાળે; કારણકે ત્યારે જ તારો માર્ગ આબાદ થશે, અને ત્યારે જ તું ફતેહ પામશે.**

યહોશુઆ 1:8 માં જણાવેલ વચન મનન અંગેનું ખૂબ જાણીતું વચન વચન છે. ઈશ્વરે પોતાના સેવક મુસા દ્વારા તેના લોક ઇસ્ત્રાએલને સારું નિયમશાસ્ત્ર આપ્યું. મુસાએ લોકો પર પ્રભાવ પાડ્યો હતો કે તેઓ કેટલા આશીર્વાદિત લોક છે કે ઈશ્વરે તેમને સારું નિયમો આપ્યા છે. દાખલા તરીકે, આ શબ્દોનો અભ્યાસ કરો કે જે મુસાએ લોકોને કહ્યાં.

**પુનર્નિયમ 4:5-8**
**5 જુઓ, મેં તમને યહોવા મારા ઈશ્વરના ફરમાન પ્રમાણે વિધિઓ તથા કાનૂનો શીખવ્યા છે, એ માટે કે જે દેશનું વતન પ્રાપ્ત કરવા માટે તમે તેમાં પ્રવેશ કરો છો તેમાં તમે એ પ્રમાણે વર્તો.**
**6 માટે તે પાળીને અમલમાં મૂકો; કેમ કે એથી દેશજાતિઓની નજરમાં તમે જ્ઞાની તથા બુદ્ધિમાન ગણાશો, કેમ કે તેઓ એ સર્વ વિધિઓ સાંભળીને કહેશે કે, ખરેખર, આ મહાન દેશજાતિ એક જ્ઞાની તથા બુદ્ધિમાન પ્રજા છે.**
**7 કેમ કે એવી કઈ મોટી દેશજાતિ છે કે જેની સાથે કોઈ ઈશ્વર એટલો નિકટનો સંબંધ રાખે છે કે જેટલો યહોવા આપણા ઈશ્વર આપણે તેમની વિનંતી કરીએ ત્યારે આપણી સાથે રાખે છે?**
**8 અને એવી કઈ મોટી દેશજાતિ છે કે જેને આ સર્વ નિયમો કે જે હું આજે તમારી આગળ પ્રગટ કરું છું તેના જેવા અદલ વિધિઓ તથા કાનૂનો હોય?**

વધુમાં, ઈશ્વર સતત પોતાના લોકને એ યાદ અપાવ્યા કરે છે તેઓ તેમના વચનો પોતાનાં હ્રદયોમાં રાખી મૂકે અને હંમેશા તેને પાળે એવી ઈશ્વરની ઈચ્છા છે. વારંવાર, આપણે આ વચન વાંચીએ છીએ કે જે, *"અને આ જે વચનો હું આજે તમને ફરમાવું છું તે તારા અંત:કરણમાં [ઠસી] રહે;"* (પુનર્નિયમ 6:6). અને *"માટે આ મારાં વચનો તમે તમારા હ્રદયમાં તથા તમારા મનમાં સંઘરી રાખો;..."* (પુનર્નિયમ 11:18). આ આજ્ઞા યહોશુઆને પણ આપવામાં આવી, કે જે હવે ઇસ્ત્રાએલી પ્રજાનો આગેવાન હતો. ઈશ્વર યહોશુઆને આજ્ઞા આપતા જણાવે છે મૂસા દ્વારા જે નિયમો તેને આપવામાં આવ્યા છે તેને સંભાળીને પાળવા માટે બળવાન અને હિંમતવાન થા (યહોશુઆ 1:7). ત્યારબાદ, ઈશ્વર યહોશુઆને વચનોને હ્રદયમાં કેવી રીતે સંઘરી રાખવા અને સંભાળપૂર્વક તેને કેવી રીતે પાળવા તેના શિસ્ત વિષે શીખવે છે. ઈશ્વર યહોશુઆને કહે છે કે, *"એ નિયમશાસ્ત્ર તેના મોંઢામાથી જાય નહિ; પણ દિવસે તથા રાત્રે તેનું મનન કર કે, તેમાં જે બધુ લખેલું છે ..."* (યહોશુઆ 1:8અ).

એ નોંધવું રસપ્રદ છે કે ઈશ્વર જાતે જ યહોશુઆને પોતાના વચનનું દિવસ અને રાત્રે મનન કરવા કહે છે. અને તેથી જ, વચનના મનનની શિસ્ત કેળવવાનું ઈશ્વરે જાતે જ ફરમાવ્યું છે અને ઉત્તેજન પણ આપ્યું છે. વચનના મનનની શિસ્ત કેળવીએ એ ઈશ્વરને પસંદ છે.

પ્રક્રિયાની નોંધ લો ...

1) નિયમશાસ્ત્રના વચનો તેમના સંદેશનો ભાગ હતાં. (*"નિયમશાસ્ત્રના તારા મુખમાંથી જાય નહિ"* (યહોશુઆ 1:8).)
2) યહોશુઆએ સતત વચનોનું મનન કરવાનું હતું. (*"દિવસે અને રાત્રે તારે તેનું મનન કરવું"* (યહોશુઆ 1:8).)

પવિત્ર શાસ્ત્રમાં મનન અંગેની જે શિસ્ત આપણને શીખવવામાં આવી છે તે આપણને ઈશ્વરના શબ્દ આપણાં હ્રદય(આત્મા)માં અને મન(જીવ)માં સંઘરી રાખવા માટે મદદ

કરે છે. મનન અંગેના આવા ઘણાં સંદર્ભ આપણે પવિત્ર શાસ્ત્રમાં જોઈ શકીએ છીએ, વિશેષ કરીને ગીતશાસ્ત્રના પુસ્તકમાં. પવિત્ર શાસ્ત્રમાં ખૂબ પ્રચલિત ગીતશાસ્ત્રનો પ્રથમ અધ્યાય આપણને ન્યાયી માણસની શિસ્ત અંગેનું શિક્ષણ આપે છે. તે વચનો શીખવે છે કે ન્યાયી માણસ દુષ્ટોની સલાહ પ્રમાણે ચાલતો નથી, પાપીઓના માર્ગમાં ઊભો રહેતો નથી અને નિંદાખોરોની સાથે બેસતો નથી. *"પણ યહોવાના નિયમશાસ્ત્રથી તે હર્ષ પામે છે, અને રાતદિવસ તે તેના નિયમશાસ્ત્રનું મનન કરે છે."* (ગીતશાસ્ત્ર 1:2). ન્યાયીપણાની શિસ્ત અને વચનના મનનનું સાતત્ય વ્યક્તિને તે જે કઈ કરે તેમાં તેને ફળદાયી, સમૃદ્ધ અને સફળ થવા માટે સક્ષમ બનાવે છે (ગીતશાસ્ત્ર 1:3).

પવિત્ર શાસ્ત્રમાં જે મનનની વાત કરવામાં આવી છે તે વચન પૂરતી જ મર્યાદિત નથી. શાસ્ત્રમાં આપણે અન્ય વિષયો અને મુદ્દાઓ પણ જોઈએ છીએ કે જેના પર આપણે મનન કરી શકીએ છીએ. દાખલા તરીકે આપણે પરમેશ્વર અંગે પણ મનન કરી શકીએ છીએ. ઈશ્વર પોતે, તેમનું ચારિત્ર્ય, તેમના ગુણો વિગેરે પર પ્રકાશ પાડીને આપણે મનન કરી શકીએ છીએ. દાઉદ, ઇસ્રાએલનો મધુર ગીતકર્તા કહે છે, *"જાણે કે મજ્જા તથા મેદથી મારો આત્મા તૃપ્ત થશે; અને હર્ષિત હોઠોથી મારું મુખ તારું સ્તવન કરશે"* (ગીતશાસ્ત્ર 63:6). બીજા એક ગીતમાં ગીતકર્તા લખે છે, *"[તે વિષેના] મારા વિચાર તેમને પસંદ પડો; હું યહોવામાં આનંદ કરીશ"* (ગીતશાસ્ત્ર 104:34).

ઈશ્વરે આપણાં જીવનોમાં જે અદભૂત બાબતો કરી તે અંગે પણ આપણે મનન કરી શકીએ છીએ. દાઉદ કહે છે, *"હું પ્રાચીનકાળના દિવસોનું સ્મરણ કરું છું; તારાં સર્વ કૃત્યોનું મનન કરું છું; અને તમરા હાથનાં કામોનો વિચાર કરું છું"* (ગીતશાસ્ત્ર 143:5). ઇસ્રાએલનો બીજો એક ગીતકાર, આસાફ, લખે છે કે, *"વળી હું તમારાં સર્વ કામોનું મનન કરીશ, અને તમારાં કૃત્યો વિષે વિચાર કરીશ"* (ગીતશાસ્ત્ર 77:12). આપણે ડહાપણ અને જ્ઞાનની બાબતો પર પણ વિચાર અને મનન કરી શકીએ.

ગીતકાર લખે છે કે, *“હે સર્વ લોકો, તમે આ સાંભળો; હે સર્વ જગવાસીઓ, કાન દો. નીચ તથા ઉચ્ચ, ધનવંત તથા દરિદ્રી, સર્વ સાથે [સાંભળો]. હું મારે મુખે બુદ્ધિ વિષે બોલીશ; અને મારા હ્રદયના વિચારો જ્ઞાન વિષે થશે. ”* (ગીતશાસ્ત્ર 49:1-3).

## મનન—બાઇબલનો અભિગમ

મનન એ પવિત્ર શાસ્ત્રની પ્રથા અને વ્યવસ્થા છે અને ખરેખર ઈશ્વર પોતે તેને ઉત્તેજન આપે છે એ તથ્યને સમજ્યા પછી, અને આ જ તો એક વ્યવસ્થા કે પદ્ધતિ છે કે જેના થકી આપણે ઈશ્વરના વચનોને આપણાં હ્રદયોમાં સંઘરી રાખી શકીએ છીએ, મનન કેવી રીતે કરવું તે શીખવું આપણું આગામી લક્ષ છે.

જૂના કરારમાંના “મનન” શબ્દ માટે હિબ્રૂ ભાષામાં બે શબ્દોનો ઉપયોગ કરવામાં આવ્યો છે. હિબ્રૂ શબ્દ *‘હાગાહ’* એટલે “પ્રતિબિંબિત કરવું, કલ્પના કરવી, મનન કરવું, વિલાપ કરવો, બડબડાટ કરવો, કચકચ કરવી, નિસાસો નાખવા જેવો શાંત અવાજ કાઢવો, શબ્દોનું પુનરાવર્તન કરતી વખતે કાંઇક વિચારવું.” બીજો હિબ્રૂ શબ્દ *‘સિયાક’* જેનો ગીતશાસ્ત્ર 119માં ઉપયોગ કરવામાં આવ્યો છે, જેનો અર્થ થાય છે “મનન કરવું, એટલે વાતચીત કરવી, (પોતાની સાથે, મોટેથી), ઉચ્ચારણ કરવું, ફરિયાદ કરવી, જાહેર કરવું, પ્રાર્થના કરવી, બોલવું કે વાત કરવી.” સ્પિરિટ ફિલ્ડ લાઈફ બાઇબલ પ્રથમ શબ્દ પર પ્રકાશ પાડે છે. તેમાં લખ્યું છે કે, *“હાગાહ શબ્દ એ અંગ્રેજી ભાષાના “મનન” શબ્દથી થોડો જુદો છે જે કશુંક શાંત રજૂ કરે છે કે જે માત્ર મગજની કસરત છે. હિબ્રૂ વિચાર મુજબ, પવિત્ર શાસ્ત્રનું મનન એટલે બહારના વિક્ષેપને ભૂલી જઈને, નરમ શાંત ગણગણાટભર્યા અવાજમાં વચનોને પુનરાવર્તિત કરવા. આ પ્રથા પરથી “આશ્રય” તરીકે ઓળખાતી વિશેષ પ્રકારની યહૂદી પ્રાર્થના અસ્તિત્વમાં આવી, કે જેમાં વચનને મોઢે કરવા, ગોખવા, આગ્રહ પૂર્વક પ્રાર્થના કરવી, અથવા તો પ્રભુની સમક્ષ નમતી વખતે કે આગળ પાછળ ડોલતી વખતે ઈશ્વર સાથેના સાનિધ્યમાં એકાકાર થઈ જવું. દેખીતી રીતે પ્રાર્થના કે મનનનું*

*આ પ્રભાવશાળી સ્વરૂપ દાઉદના સમયે પણ જોવા મળે છે."* (પાનાં 753-754, થોમસ નેલ્સન પબ્લીશર્સ, 1991).

માનવ આત્માને માટે મનન એક અતિ આવશ્યક પ્રવૃતિ છે જે તેના જીવ (જે વિચારો, જ્ઞાન, કલ્પના, લાગણીઓ અને ઇચ્છાઓની બેઠક છે) સુધી પહોંચે છે અને અંતે ભૌતિક શરીરને પણ અસર કરે છે. સૂચનાના હેતુસર, આપણે ત્રણ શબ્દો-**ચિંતન, દ્રશ્યમાન** અને **કબૂલાતનો** ઉપયોગ કરીને મનનની પ્રક્રિયાને સમજીશું. કોઈપણ સમયે, જ્યારે કોઈ વ્યક્તિ મનન કરતી હોય ત્યારે, તે ઉપરના ત્રણ શબ્દો પૈકી કોઈ એક શબ્દમાં સામેલ હોય છે. તે વ્યક્તિ કોઈ ચોક્કસ વિષયને લઈને ઊંડા ચિંતનમાં હોય શકે, અથવા તો કોઈ વિષયને લઈને ગહન ચિંતન અને દ્રશ્યમાન પ્રક્રિયામાં હોઇ શકે, અથવા તો કબુલાતમાં પણ સામેલ હોય શકે છે.

આવો આપણે આ પ્રત્યેકને વિગતવાર સમજીએ.

## ચિંતન–તમારી પોતાની જાતવિષે વિચાર કરવો

**ગીતશાસ્ત્ર 143:5**

**હું પ્રાચીનકાળના દિવાસોનું સ્મરણ કરું છું; તમારાં હાથનાં કામોનો વિચાર કરું છું;**

મનનનું આ પાસું આપણાં વિચારો અને જ્ઞાનને સંલગ્ન રાખે છે. આપણે કોઈ ચોક્કસ વિષય અંગે વિચારીએ છીએ, મનન કરીએ છીએ કે ઊંડાણપૂર્વક તેના પર વિચારણા કરીએ છીએ. દાખલા તરીકે, જો આપણે કોઈ ચોક્કસ વિષય અંગે ચિંતન કરીએ છીએ, જેમ કે, ઈશ્વરીય સાજાપણા અંગે, અને પવિત્ર શાસ્ત્રમાથી આપણે યશાયા 53:4ના વચનને પસંદ કર્યું છે, તો ચિંતન સમયે આપણે તે વચનના અર્થ, મહત્વ અને તેની અસરો વિષે વિચારીએ છીએ. આપણે જાણીએ છીએ કે ઈસુએ આપણી સઘળી બીમારીઓ સહન કરી લીધી છે અને સઘળી વેદનાઓ લઈ લીધી છે. ઈસુએ આપણે માટે આ સઘળું કર્યું છે અને તેથી આપણે તે સઘળાની વેદના સહન કરવાની

જરૂર નથી. આપણે આપણાં અંતરમાં સમજીએ છીએ અને તે અંગે તર્ક કરીએ છીએ. રોજબરોજના આપણાં જીવનોમાં તેના ઉપયોગ થકી આપણે વિચારીએ છીએ. આપણાં જીવનોમાં જે ખોટા વિચારો અને વાનાઓ અગાઉ હતા તે અંગે તપાસ કરીએ છીએ અને તેની અવગણના કરવાનું શરૂ કરીએ છીએ.

આપણે વિશ્વાસ કરીએ છીએ કે વચનના ઊંડા ચિંતનમાં સમય પસાર કરવાથી ઈશ્વરનો આત્મા આપણામાં હર્ષ કરે છે. ઘણીવાર, જ્યારે આપણે આપણી જાતોને બહારના સઘળા અવરોધોથી અલગ કરીએ છીએ અને આપણાં મનોને ઈશ્વરના વચન પ્રતિ એકચિત કરીએ છીએ ત્યારે, ચિંતનમાં, ઈશ્વરનો આત્મા ધીરેધીરે આપણી વિચારપ્રક્રિયામાં આપણી સાથે સહન કરવામાં જોડાઈ જાય છે. ઈશ્વરનો આત્મા આપણાં મનોમાં નવા વિચારો અને ઈરાદાઓનું રોપાણ કરીને આપણને પ્રેરણા અને માર્ગદર્શન પૂરા પાડે છે. જૂના સમયના લોકો પવિત્ર શાસ્ત્રના વચનોને બહાર લાવવાની પ્રેરણા મળી તેનું વર્ણન કરતાં પ્રેરિત પિતર કહે છે કે, *"કેમ કે ભવિષ્યવચન માણસની ઈચ્છા પ્રમાણે કદી આવ્યું નથી; પણ પવિત્ર આત્માની પ્રેરણાથી માણસો ઈશ્વરના વચન બોલ્યાં"* (2 પિતરનો પત્ર 1:21). *"બોલ્યાં"* શબ્દ ગ્રીક ભાષાના *'ફેરો'* શબ્દ પરથી આવ્યો છે જેનો અર્થ થાય છે કે "સહન કરવું, લઈ જવું". જૂના કરારના આ પ્રબોધકો માટે વાઇન શબ્દકોષમાં નીચે મુજબ લખવામાં આવ્યું છે. તેમાં લખ્યું છે કે, *"તેઓ પવિત્ર આત્માના સામર્થ્યથી સહન કરતાં હતા કે પ્રેરિત થતાં હતાં, તેઓ પોતાની ઈચ્છા મુજબ વર્તન કરતાં નહોતા, કે તેઓ પોતાના વિચારો રજૂ કરતાં નહોતા, પરંતુ ઈશ્વર દ્વારા પૂરા પાડવામાં આવેલ અને દર્શાવેલ શબ્દોમાં ઈશ્વરના હૃદયને રજૂ કરતાં હતા"* (પાન નંબર 420, થોમસ નેલ્સન પબ્લીશર્સ, 1985).

પ્રબોધકો પોતાની સમજણ કે જ્ઞાનથી પણ ઉપર એવું બોલ્યા કે *"તેઓમાં રહેલા ખ્રિસ્તના આત્માએ ખ્રિસ્તનાં દુ:ખ તથા તે પછીના મહિમા વિષે અગાઉથી સાક્ષી પૂરી, ત્યારે તેણે*

*કયો અથવા કેવો સમય બતાવ્યો હતો એની તપાસ તેઓ કરતાં હતાં."* (1 પિતરનો પત્ર 1:11) આવી જ રીતે, પવિત્ર આત્મા આપણી સાથે આપણાં વિચારોની પ્રક્રિયામાં વચનના ચિંતન કે મનનના સમય દરમ્યાન આપણી સાથે સહન કરે છે. પવિત્ર આત્મા આપણો શિક્ષક છે. ઈસુએ કહ્યું છે કે, પવિત્ર આત્મા આપણી સાથે બોલશે કે જે કઈ તે સાંભળશે જે ઈસુ બોલે છે (યોહાન 16:12-15). આવું ઘણીવાર બને છે જ્યારે આપણે વચનના મનનમાં આપણી જાતને સઘળા અવરોધોથી અલગ કરી દઈએ છીએ. વાહ! આ કેવો અદભૂત અનુભવ છે કે જ્યારે "પ્રભુનો હાથ," જે મધુર પવિત્ર આત્મા છે, ધીરેધીરે આપણાં પર ઉતરી આવે છે અને વચનના ચિંતનમાં આપણાં વિચારોની સાથે સહન કરવાનું શરૂ કરે છે. ઘણીવાર તો ઈશ્વરનું સાનિધ્ય એટલું ગાઢ બની જાય છે કે તેમના દ્વારા આપવામાં આવતી આશ્ચર્યજનક સમજણ અને પ્રગટીકરણને કારણે આપણી આંખોમાથી અશ્રુઓ સરી પડે છે અને સ્તુતિના ગાયન નીકળવાનું શરૂ થઈ જાય છે.

ચિંતન આપણાં વિચારોને પ્રભાવિત કરે છે. ચિંતન ઈશ્વરના વચન દ્વારા નવીનીકરણ પામેલ મન પેદા કરે છે. પવિત્ર શાસ્ત્ર આપણને નવીનીકરણ પામેલ મન(રોમનોને પત્ર 12:2અ) વિષે શીખવે છે. આપણને કહેવામા આવ્યું છે કે આપણે આત્મામાં (વલણ) અને મનોવૃતિઓમાં નવા થઈએ (એફેસીઓને પત્ર 4:23). ઈશ્વરની સંપૂર્ણ સલાહથી (ઈશ્વરના બધા વચનોથી) જે વ્યક્તિનું મન નવું થયેલ છે તે વ્યક્તિ *"ઈશ્વરની સારી તથા માન્ય તથા સંપૂર્ણ ઇચ્છા શી છે, તે તમે પારખી શકો "* (રોમનોને પત્ર 12:2બ). ઈશ્વરના વચનના ચિંતનની શિસ્તબદ્ધ વર્તન દ્વારા, આપણી *"ઇન્દ્રિયો ખરુંખોટું પારખવા કેળવાયેલી છે"* (હિબ્રૂઓને પત્ર 5:14બ).

## દ્રશ્યમાન–તમારી કલ્પનાશક્તિથી ચિત્ર દોરવું

**ઉત્પત્તિ 15:1-6**

**1એ વાતો પછી દર્શનમાં યહોવાનું વચન ઇબ્રામ પાસે આવ્યું, "ઇબ્રામ, તું**

**બીશ નહિ. હું તારી ઢાલ તથા તારો મહા મોટો બદલો છું."**
**[2] અને ઇબ્રામ બોલ્યો, "હે પ્રભુ યહોવા, તમે મને શું આપશો? કેમ કે હું નિસંતાન ચાલ્યો જાઉં છું, ને આ દમસ્કનો એલિએઝેર મારા ઘરનો માલિક થનાર છે."**
**[3] અને ઇબ્રામ બોલ્યો:"જુઓ, તમે મને કંઈ સંતાન નથી આપ્યું; માટે, જુઓ, મારા ઘરમાં જન્મેલો એક [જણ] મારો વારસ છે."**
**[4] અને જુઓ, યહોવાનું વચન તેની પાસે આવ્યું:"એ તારો વારસ નહિ થશે. પણ તારા પોતાના પટેનો જે થશે તે જ તારો વારસ થશે."**
**[5] અને તેમણે ઇબ્રામને બહાર લઈ જઈને કહ્યું, "હવે તું આકાશ તરફ જો, ને તું તારાઓ ગણી શકે, તો ગણ." અને યહોવાએ તેને કહ્યું, "તેટલા તારાં સંતાન થશે."**
**[6] અને તેણે યહોવા પર વિશ્વાસ કર્યો; અને તે યહોવાએ ન્યાયીપણાને અર્થે તેના લાભમાં ગણ્યું.**

ઈશ્વરે ઇબ્રામને એક મોટી દેશજાતિનો પિતા બનવાનું પ્રથમવાર વચન આપ્યું તે વાતને ઘણાબધાં વર્ષો વીતી ગયા. સારા અને ઇબ્રામ હજી પણ સંતાનવિહોણા જ હતાં, અને આ બાબત ખરેખર તેમના માટે ચિંતાજનક હતી. આ સમય દરમ્યાન, ઈશ્વર ઇબ્રામને પોતાના મૂળ વચનની ફરીથી ખાતરી આપે છે. ઈશ્વરે જે કર્યું તેની કાળજીપૂર્વક નોંધ લો. એક રાત્રે, ઈશ્વર ઇબ્રામને તેના ઘરની બહાર લઈ જાય છે, અને આકાશ તરફ દ્રષ્ટિ કરવા જણાવે છે અને કહે છે કે જો તે આકાશના તારાઓને ગણી શકે તો ગણે. અને ત્યારપછી ઈશ્વર ઇબ્રામને કહે છે કે, *"તેટલાં તારાં સંતાન થશે"* (ઉત્પત્તિ 15:5). ખરેખર, ઈશ્વર ઇબ્રામને પોતાના વચનનું દ્રશ્ય કે ચિત્ર બતાવતા હતાં. ઈશ્વરના વચનની પરિપૂર્ણતા કેવી હશે તે અંગેની પોતાની કલ્પનાને ઇબ્રામ વારંવાર જોઈ શકતો હતો. ત્યારબાદ, ઈશ્વર ઇબ્રામને કહે છે, *"... તે માટે ખચીત હું તને આશીર્વાદ પર આશીર્વાદ આપીશ, ને આકાશના તારા જેટલાં તથા સમુદ્રના કાંઠાની રેતી જેટલા તારાં સંતાન વધારીશ જ વધારીશ; અને તારાં સંતાન તેઓના શત્રુઓની ભાગળ કબજામાં લેશે..."* (ઉત્પત્તિ 22:17).

મનનની પ્રક્રિયા દરમિયાન દ્રશ્યમાન કરવું ખૂબ અગત્યનું

છે. ઈશ્વરના વચનો આપણને શું સંદેશ આપી રહ્યાં છે, તે આપણે આપણી કલ્પનાશક્તિથી જોઈએ છીએ. દાખલા તરીકે, જો આપણે બીમાર છીએ, તો આપણે આપણી જાતને સ્વસ્થ અને તંદુરસ્ત જોઈએ છીએ. ઈશ્વરના શબ્દ આપણને જે કહે છે તે બધું જ આપણે બનીએ છીએ અને કરીએ છીએ. મનનની પ્રક્રિયામાં, દ્રશ્યમાન કે દર્શન આપણી કલ્પનાશક્તિને ઉજાગર કરે છે.

સામાન્ય રીતે, મંડળીએ કલ્પનાશક્તિના ઉપયોગની ઉપેક્ષા કરી છે. બીજી બાજુ, જગત સતત મીડિયા માધ્યમો, જાહેરાતો વિગેરે દ્વારા આપણી કલ્પનાઓને પ્રભાવિત કરે છે. આપણે જીવંત હોવામાં કલ્પના ખૂબ અગત્યનો ભાગ છે. ઈશ્વરે તેને તૈયાર કરીને આપણને તેનો ઉપયોગ કરવા માટે આપી છે. આપણી કલ્પના આપણાં વર્તન અને નિર્ણયોને પ્રભાવિત કરે છે. જીવન પ્રત્યેની આપણી વિચારસરણીને તે પ્રભાવિત કરે છે અને આપણાં આત્મસન્માનને સુનિશ્ચિત કરે છે. ઘણાં લોકો નીચલા સ્તરના આત્મસન્માન(અથવા નબળી “સ્વ-કલ્પના”)થી પીડાય છે કે લોકોના ભયથી બંધાયેલ આત્મસન્માન, અજાણ્યા ડરથી, જોખમ લેવાના ડરથી કે જે તેમને લઘુતાગ્રંથિથી ભરી દે છે, વિગેરેથી  પીડાય છે. જોકે, જ્યારે આપણે ઈશ્વરના વચનનું મનન શરૂ કરીએ છીએ અને જેમ ઈશ્વર કહે છે કે આપણે કોણ છીએ તે પ્રમાણે આપણી જાતને દ્રશ્યમાન(કલ્પના) કરીએ છીએ, ત્યારે આપણું આત્મ-સન્માન બદલાવાનું શરૂ થાય છે. વાસ્તવમાં, માત્ર આપણું આત્મ-સન્માન જ નહિ પરંતુ આપણી સમગ્ર વિચારસરણી અને આસપાસના સંજોગો પણ બદલાવાનું શરૂ થાય છે.

જૂના કરારમાં, ગણનાના પુસ્તકનાં 13માં અધ્યાયમાં એક બહુ જાણીતી ઘટના આનું સુંદર ઉદાહરણ પૂરું પાડે છે. ઈશ્વર પોતાનાં લોકોને મિસરની ગુલામીમાથી છોડાવીને કનાન દેશની ભૂમિ તેઓને વતન તરીકે આપવાનું વચન આપે છે. વચનના દેશમાં પ્રવેશવાની તૈયારીના ભાગરૂપે, ઈશ્વર મુસાને આજ્ઞા

આપે છે કે પ્રત્યેક બાર કુળમાંથી એક આગેવાન પસંદ કરીને, બાર માણસોને કનાન દેશની જાસૂસી કરવા મોકલવામાં આવે. આ બાર માણસોએ 40 દિવસ સુધી કનાન દેશમાં જાસૂસી કરી. ત્યારબાદ તેઓ પાછા ફર્યા અને તેઓનો અહેવાલ આપ્યો. તેઓ દરેક સંમત હતાં કે કનાન દેશ ફળદ્રુપ અને સમૃદ્ધ ભૂમિ છે. જોકે, તેઓમાંના 10 જણ તે ભૂમિમાં રહેતા સાક્ષસોથી ગભરાઈ ગયા હતાં. તેઓએ કહ્યું કે, "આપણે તે રાક્ષસોની સામા થઈ શકીએ તેમ નથી, કેમ કે તેઓ આપણાં કરતાં વધુ બળવાન છે." અને આમ કરીને, તેઓ જે ભૂમિની જાસૂસી કરવા માટે ગયા હતાં તેનો ખોટો અહેવાલ ઇસ્રાએલના લોકોને આપતા કહ્યું કે, *"...એ લોકોની સામે આપણે ચઢાઈ કરી શકતા નથી; કેમ કે તેઓ આપણા કરતાં બળવાન છે." અને જે દેશની જાસૂસી તેઓએ કરી હતી, તે વિષે ઇઝરાયેલી પ્રજા પાસે તેઓ માઠો સંદેશો લાવ્યા, ને એમ કહ્યું, "જે દેશમાં તેની જાસૂસી કરવા માટે અમે ફરી આવ્યા છીએ તે પોતાની વસતીને ખાઈ જનાર દેશ છે. અને જે સર્વ લોકોને અમે તેમાં જોયા, તેઓ કદાવર માણસો છે. અને ત્યાં રાક્ષસોથી જન્મેલા રાક્ષસોને, એટલે અનાકના પુત્રોને, અમે જોયાં અને અમે પોતાની દષ્ટિમાં પણ અમે એવા જ હતા"* (ગણના 13:31-33). માત્ર બે જ જણાએ હકારાત્મક અહેવાલ આપ્યો, *"ચાલો, આપણે એકદમ ઉપર જઈને તેને કબજે કરીએ; કેમ કે આપણે તેને હરાવવાને પૂરા સમર્થ છીએ"* (ગણના 13:30). આ બાર લોકોએ એક જ પ્રકારના રાક્ષસોને જોયા હશે, પરંતુ તેઓ જે રીતે રજૂઆત કરતાં હતાં તે ભિન્ન હતી. તેઓ પૈકી બે આત્મવિશ્વાસથી ભરપૂર હતાં કારણ કે તેઓએ યાદ કર્યું કે ઈશ્વર તેઓની સાથે છે (ગણના 14:6-9). અન્ય દસ જણે તેઓની નકારાત્મક કલ્પનાશક્તિને પોતાના પર હાવી થવા દીધી. તેઓએ પોતાનાં મનની આંખોથી જે જોયું તેથી તેઓ નબળા બની ગયા. તેઓએ પોતાને રાક્ષસો સામે તીડ સમાન જોયા. આ બાબતે તેઓને ભયભીત કરી દીધાં અને ઈશ્વર પ્રતિ તેઓનો આત્મવિશ્વાસ ગુમાવી દીધો. એ કહેવું કમનસીબ છે કે, ઘણાં વિશ્વાસી ખ્રિસ્તી લોકો આ માણસોની જેમ સંજોગોમાથી પસાર થાય છે. તેઓ પોતાની મનની આંખોથી

કે કલ્પનાથી જે જુએ છે તે તેઓને ઈશ્વરના સમૃદ્ધ આશીર્વાદો માણવાથી અને વિશ્વાસનું જીવન જીવતા અવરોધે છે. અલબત્ત, વચનના મનનની શિસ્તતા દ્વારા, આપણે આપણી કલ્પનાની દીવાલો પર તાજું ચિત્ર દોરી શકીએ છીએ.

અત્રે એ નોંધવું રસપ્રદ છે કે પવિત્ર શાસ્ત્રમાં ઘણી જગ્યાએ, ખાસ કરીને જૂના કરારમાં, આપણે જે જોઈએ છીએ તે પ્રમાણે ઈશ્વર કાર્ય કરે છે. ઈશ્વરે પોતાના પસંદ કરેલા લોકોને જૂના કરારમાં આજ્ઞા આપતા કહ્યું કે, *"માટે આ મારાં વચનો તમે તમારા હૃદયમાં તથા મનમાં સંઘરી રાખો; અને તમે તેમને નિશાની તરીકે તમારા હાથ પર બાંધો, ને તમે તમારી આંખોની વચ્ચે તેઓને કપાળભુષણ તરીકે રાખો"* (પુનર્નિયમ 11:18; પુનર્નિયમ 6:8; નિર્ગમન 13;9,16 માં પણ જુઓ). કોઈ એક સમયે, લોકોએ નિયમશાસ્ત્રના આ ભાગને તેઓના ડાબા હાથે બાંધવાનું અને કપાળ પર બાંધવાનું શરૂ કર્યું. "નિશાની" શબ્દનો એક અર્થ "જોઈ શકાય તેવો નમૂનો" થાય છે. ઈશ્વર ઇચ્છતા હતા કે તેમનાં લોક ઈશ્વરના કૃત્યો અને વચનોને તે પ્રમાણે જોઈ શકે અને યાદ રાખી શકે. ઈશ્વર ઇચ્છતા હતા કે લોકોએ જે જોયું છે તેનાથી પ્રભાવિત થાય કારણ કે તેઓએ જે જોયું હતું તેની યાદગીરી જ તેઓને ઈશ્વરના કૃત્યો પ્રતિ સજાગ રાખશે. જોકે નવા કરારમાં આપણે આમ કરતાં નથી, પણ આપણે વ્યક્તિગત રીતે અનુભવીએ છીએ કે ઈશ્વરના શબ્દ આપણી કલ્પનાઓની દીવાલ પર રંગાયેલા હોય કે જેથી આપણે સતત ઈશ્વરના સમૃદ્ધ વચનો "જોઈ" શકીએ અને ઈશ્વરના અદ્દભુત અભિવચનોને યાદ કરી શકીએ. જૂના કરારના એક પ્રખ્યાત વચનમાં, પ્રભુ કહે છે કે, *"મારા દીકરા, મારા શબ્દો પર લક્ષ આપ; મારી વાતો પર કાન ધર. તેઓને તારી આંખ આગળથી દૂર થવા ન દે;"* (નીતિવચનો 4:20,21અ). ફરીથી એકવાર, આપણે ઈશ્વરના શબ્દને સતત "જોવા"ના મહત્વની આજ્ઞા જોઇએ છીએ. આપણે વિશ્વાસ કરીએ છીએ કે આપણે આપણાં મનમાં જેવી કલ્પના કરીએ છીએ, દ્રશ્યમાન કરીએ છીએ કે જેવુ ચિત્ર ઉભુ કરીએ છીએ તે પ્રમાણે ઈશ્વરના વચન કાર્ય કરે છે.

## કબૂલાત—ઈશ્વરે જે કહ્યું તે પ્રમાણે કહેવું

**યહોશુઆ 1:8**

**એ નિયમશાસ્ત્ર તારા મોંમાંથી જાય નહિ. પણ દિવસે તથા રાત્રે તનું મનન કર, કે તેમાં જે બધું લખેલું છે તે તું કાળજઈથી પાળે; કારણકે ત્યારે જ તારો માર્ગ આબાદ થશે, અને ત્યારે જ તું ફતેહ પામશે.**

અહીં, પ્રભુ યહોશુઆને *"દિવસે અને રાત્રે"* મનન કરવાની આજ્ઞા આપે છે. નોંધી લો કે ઈશ્વર કહેવાની શરૂઆત કરે છે કે, *"આ નિયમશાસ્ત્ર તારા મોંમાથી જાય નહિ."* બીજા શબ્દોમાં, ઈશ્વર યહોશુઆને કહે છે કે નિયમશાસ્ત્રના વચનો તેમના સંદેશનો સતત હિસ્સો છે. તેથી, મનનની પ્રક્રિયાના ભાગ તરીકે, નિયમશાસ્ત્રના વચનને આપણે આપણાં મોંમાં સંઘરી રાખવાના છે જેમ કે વચનને બોલવા, વાગોળવા અને મોઢે કરવા. જેમ અગાઉ સમજાવવામાં આવ્યું છે તે પ્રમાણે, હિબ્રૂ લોકોમાં આ પ્રમાણે કરવાની પ્રથા હતી. મનન દરમ્યાન, તેઓ શાંત ચિતે, નિયમશાસ્ત્રના વચનોને મૃદુ રીતે, મધુર અવાજથી ઘૂંટણે પડીને કોઈપણ જાતની ખલેલ કે અવરોધ વિના વાગોળતાં હતા.

નવા કરારમાં, આપણને *"કબૂલ"* અને *"કબૂલાત"* શબ્દો આપવામાં આવ્યા છે. ખ્રિસ્તી વિશ્વાસમાં આ શબ્દો ખૂબ મહત્વના છે. પ્રભુ ઈસુ ખ્રિસ્તને આપણે મોઢે કબૂલ કરીએ છીએ અને તેમને મુએલાંમાંથી સજીવન કરવામાં આવ્યા છે એવો વિશ્વાસ આપણાં હ્રદયમાં કરીએ છીએ ત્યારે આપણું તારણ થાય છે (રોમનોને પત્ર 10:9). આગળ, નવો કરાર આપણને આપણાં પાપ કબૂલ કરવા (1 યોહાનનો પત્ર 1:9) અને આપણાં વિશ્વાસની કબૂલાત કરવા અંગે શીખવે છે (હિબ્રૂઓને પત્ર 3:1). બે શબ્દો "કબૂલ" અને "કબૂલાત" માટે ગ્રીક ભાષામાં *'હોમોલોજિયો'* શબ્દ વપરાયો છે જેનો અર્થ થાય છે કે "એક જ વાત કરવી, એ શબ્દો અંગે સંમતિ આપવી કે સંમત થવું." મનનના આ ત્રીજા પાસાનું વર્ણન કરવા માટે આપણે "કબૂલાત" શબ્દ વાપર્યો છે કારણ કે જ્યારે ઈશ્વર આપણને તેમના વચન બોલવા કે વાગોળવા કે મોઢે કરવા આજ્ઞા આપે છે ત્યારે ખરેખર તો ઈશ્વર આપણને

તેમના શબ્દ “કબૂલ” કરવા આજ્ઞા આપે છે. ઈશ્વર આપણને તેમના “શબ્દ જે કહે છે તે શબ્દ કે તેની જ વાત કરવા” અને તેમના શબ્દ સાથે “સંમત થવા” માટે આજ્ઞા આપે છે.

ઉદાહરણ તરીકે, ચાલો આપણે પવિત્ર શાસ્ત્રના મનન વિષે, અને વિશેષ કરીને, યશાયા 53:4 અને માથ્થી 8:17 મા જે વચનો છે તે અંગે વાત કરીએ. આ વચનો પ્રભુ ઈસુ ખ્રિસ્તે વધસ્તંભ પરના પોતાના બદલીકરનારના કાર્ય દ્વારા કેવી રીતે સાજાપણું પૂરું પાડ્યું તે અંગે વાત કરે છે. આપણે આ વચનોના અર્થ અંગે **ચિંતન** કરીએ અને આપણને કેવી રીતે લાગુ પડે છે તે અંગે વિચારીએ. પવિત્ર શાસ્ત્રના આ વચનો આપણાં જીવનોમાં **દ્રશ્યમાન** કરીએ. આપણે કલ્પના કરીએ કે આપણે બીમારીથી સાજાપણું પ્રાપ્ત કર્યું છે અને બધી વેદનાથી છુટકારો મેળવ્યો છે, અને આપણે સંપૂર્ણ સ્વસ્થ અને તંદુરસ્ત છીએ. આપણાં મનનના ભાગ તરીકે આપણે આ વચનોને કબૂલ કરીએ છીએ. આપણે મૃદુ પરંતુ દ્રઢ સ્વરે કહીએ કે, *“ખચીત તેણે આપણાં દરદ માથે લીધાં છે, ને આપણાં દુ:ખ વેઠયાં છે; પણ આપણે તો તેને હણાયેલો, ઈશ્વરથી માર પામેલો, તથા પીડિત થયેલો માન્યો”* (યશાયા 53:4).આપણે આ શબ્દોનું વારંવાર પુનરાવર્તન કરીએ. અથવા આપણે આપણી જાત સાથે પવિત્ર શાસ્ત્રના આ વચન અંગે વાતચીત કરીએ. મારાં પોતાના મનનમાં, ક્યારેક, હું પોતે મારી જાતને આ સંદેશ આપું છું. બીજા કોઈ સમયે, પવિત્ર શાસ્ત્રના આ વચનોને પ્રાર્થનામાં કબૂલ કરું છું. જેમ કે, આ વચનો પર આપણે જ્યારે મનન કરીએ ત્યારે, આપણે પ્રાર્થના કરીએ અને કહીએ કે, *“પ્રભુપિતા, તમારા શબ્દને માટે હું તમારો આભાર માનું છું. પ્રભુપિતા, તમારો આભાર, કેમ કે આ વચન મુજબ, નિશ્ચે જ ઈસુએ મારી માંદગી સહન કરી છે અને મારી વેદના લઈ લીધી છે. તેમણે મારી સઘળી નબળાઈ દૂર કરીને મારી માંદગીને સહી લીધી છે. પ્રભુપિતા તમારો આભાર, કેમ કે હવે મારે મારા શરીરમાં કોઈ માંદગી કે પીડા સહન કરવાની જરૂર નથી.”*

વચનને કબૂલ કરવાની આ રીત આપણાં જીવનોમાં અદભૂત રીતે અસર કરે છે. આ રીત ઈશ્વરના વચન આપણાં આંતરિક મનુષ્યત્વને મજબૂત કરે છે. આપણો વિશ્વાસ બંધાય છે કેમ કે ઈશ્વરના વચન સાંભળવા દ્વારા જ વિશ્વાસ પેદા થાય છે (રોમનોને પત્ર 10:17). આપણે જ્યારે ઈશ્વરના વચન આ રીતે કબૂલ કરીએ છીએ ત્યારે વાસ્તવમાં આપણે ઈશ્વરના વચન સાંભળીએ છીએ. ઈશ્વરના વચનને સતત કબૂલ કરવાની આપણી કસરત નિશ્ચે આપણી બોલવાની રીતને બદલી નાંખે છે. હકીકતમાં, જ્યારે ઈશ્વર આપણને તેમના વચન આપણાં મુખમાં સતત સંઘરી રાખવાનું કહે છે ત્યારે તે સૂચિત કરે છે કે તેમના વચનથી વિપરીત આપણે કશું જ ન બોલીએ.

## ઈશ્વરના શબ્દના મનન દ્વારા ઈશ્વર સાથે મેળાપ કરવો અને તેમની સાથે વાતચીત કરવી

**ગીતશાસ્ત્ર 63:1-6**

**1 હે ઈશ્વર, તમે મારા ઈશ્વર છો; હું તમને વહેલા શોધીશ; જ્યાં પાણી હોતું નથી, એવા સૂકા તથા ખેદજનક દેશમાં મારો આત્મા તમારે માટે તલસે છે, મારો દેહ તમારે માટે તલપે છે.**

**2 તેથી તમારું સામર્થ્ય તથા ગૌરવ જોવાને માટે, મેં પવિત્રસ્થાનમાં તમારી તરફ જોયું છે.**

**3 કેમ કે તમારી કૃપા જીવન કરતાં ઉત્તમ છે; મારા હોઠો તમારી સ્તુતિ કરશે.**

**4 હું આવી રીતે મરણપર્યંત તમને ધન્યવાદ આપીશ. હું તમારે નામે મારા હાથ જોડીને ઊંચા કરીશ.**

**5 મારા બિછાના પર તમે મને યાદ આવો છો, અને હું રાતને પહોરે તમારું ધ્યાન ધરું છું ત્યારે,**

**6 જાણે કે મજ્જા તથા મેદથી મારો આત્મા તૃપ્ત થશે; અને હર્ષિત હોઠોથી મારું મુખ તમારું સ્તવન કરશે.**

પવિત્ર શાસ્ત્રનું મનન પ્રાથમિક રીતે ઈશ્વર સાથેની સીધી વાતચીતનો સમય છે. ઉપરની કલમોમાં દર્શાવ્યા પ્રમાણે, ગીતકર્તા, પ્રભુને પામવાની પોતાની તીવ્ર ઈચ્છા વ્યક્ત કરે છે. દાઉદની ઈશ્વરને પામવાની ઈચ્છા તેને સૂકા અને તથા ખેદજનક દેશમાં લઈ જાય છે અને હર્ષથી હાથ ઊંચાં કરીને

ઈશ્વરની સ્તુતિ કરવાને માટે તેને પ્રેરિત કરે છે. રાતને પહોરે ઈશ્વરનું મનન કરવાને માટે તેને ઉત્તેજિત કરે છે. આજ પ્રમાણે, ઈશ્વરની સાથેની આપણી ઘનિષ્ઠતાની તાલાવેલીથી આપણે આપણાં વિચારો અને વાણીને ઈશ્વર તરફ કેન્દ્રિત કરીએ. જ્યારે આપણે વચનના ઊંડા મનનમા લાગુ થઈએ ત્યારે, આપણે આપણી બુદ્ધિથી માત્ર વચનનું પૃથ્થકરણ કરવાને બદલે ઈશ્વર સાથે મેળાપ કરવા અને તેમની સાથે વાતચીત કરવામાં સમય ગાળીએ. તે શબ્દ ઈશ્વર સાથે વર્તમાનમાં સીધી વાતચીત કરવાનું માધ્યમ બની જાય છે. તે ક્ષણનું શાંત વાતાવરણ ઈશ્વરના *"કોમળ ઝીણો સાદ"* (1 રાજાઓ 19:12) ને મોટા અને સ્પષ્ટ અવાજમાં ઉપાંતરિત કરે છે. ઈશ્વરની હાજરી આપણને ભરી દે છે. એ સમય હોય છે કે જ્યારે ઈશ્વર આપણાં અંતરમાં ઊંડે ઊંડે કાર્ય કરે છે, તેમના શક્તિશાળી શબ્દ દ્વારા આપણાં અંતરને બદલી નાંખે છે. આ સમય દરમ્યાન જ, ઈશ્વર આપણાં હ્રદયમાં જે બોલે છે અને કાર્ય કરે છે તેનો પ્રતીભાવ આપી શકીએ છીએ. આપણે ઈશ્વરને તેમના શબ્દ આધારિત આપણી કબૂલાત, આપણો વિશ્વાસ, આનંદ, સ્તુતિ અને આભાર વ્યક્ત કરી શકીએ છીએ. આપણાં અંતરની ઊંડી પ્રાર્થના, આપણાં મનમાં ધીમેથી બોલાયેલા શબ્દો, કે આપણી ભારપૂર્વકની કબૂલાત દ્વારા આપણાં વિચારો, લાગણીઓ, ઈચ્છાઓ કે માન્યતાઓ ઈશ્વર સમક્ષ રજૂ કરીએ છીએ. આપણાં અંતરમાં સત્યના પ્રકટીકરણનું બાંધકામ શરૂ થાય છે. ઈશ્વરના રાજ્યની ગૂઢ અને રહસ્યમય વાતો સમજવા માટે આપણી આત્મિક આંખો ખુલ્લી થઈ જાય છે. આપણાં આંતરિક મનુષ્યત્વમાં સત્ય મજબૂત અને એકીકૃત થાય છે. આપણાં મનોમાથી જૂઠ, છેતરપિંડી અને દુષ્ટતા બહાર નીકળી જાય છે. જ્યારે આપણે ઈશ્વરના પવિત્ર વચનોનું મનન કરીએ છીએ ત્યારે તેમની સાથે આપણો મધુર મેળાપ થાય છે અને ઈશ્વર સાથેનો આપણો વ્યક્તિગત સંબંધ ગાઢ અને મજબૂત બને છે.

## મનની અસર

**2 કરિંથીઓને પત્ર 10:3-5**

**3 કેમ કે જો કે અમે દેહમાં ચાલીએ છીએ તોપણ અમે દેહ પ્રમાણે લડાઈ કરતા નથી,**

**4 (કેમ કે અમારી લડાઈના હથિયાર સાંસારિક નથી, પણ ઈશ્વર [ની સહાય] થી કિલ્લાઓને તોડી પાડવાને તેઓ સમર્થ છે).**

**5 અમે વિતંડાવાદોને તથા ઈશ્વરના જ્ઞાનની વિરુદ્ધ જે કંઈ માથું ઊંચકે છે તેને તોડી પાડીએ છીએ, અને દરેક વિચારને વશ કરીને ખ્રિસ્તની આધીનતામાં લાવીએ છીએ.**

વિશ્વાસીઓ જે અનેક પ્રકારના પડકારોનો સામનો કરે છે તે ઉપરના વચનોમાં લખવામાં આવી છે. *"મજબૂત ગઢ", "દલીલો", "દરેક અભિમાનની વાતો કે જે ઈશ્વરના જ્ઞાનથી પોતાને મહાન ગણે છે"*, અને *"દરેક વિચારો"*. આ દરેક બાબતો વિશ્વાસીના મનમાં કાર્ય કરે છે. મન વિચારોની લડાઈનું મેદાન છે. અને ઈશ્વરે આપણને આ યુદ્ધ સફળતાપૂર્વક લડવા માટે હથિયારો આપ્યા છે કે જેથી સંઘર્ષના આ દરેક ક્ષેત્રોની સામે આપણે વિજયનો અનુભવ કરી શકીએ. છતાં, સમસ્યા એ છે કે ઘણાં લોકો જેઓ વિશ્વાસમાં આવે છે તેઓ મજબૂત ગઢ, કલ્પનાઓ, તર્ક, અને વિચારો જે ઈશ્વરના જ્ઞાન(જે આપણને પવિત્ર શાસ્ત્રના વચનોમાં આપવામાં આવેલું છે)ની વિરુદ્ધ છે તેમાં જીવવાનું ચાલુ રાખે છે. પરિણામે, ઘણાં તેઓના જીવનોના અનેક ક્ષેત્રોમાં પરાજિત થઈને બંધનોમાં જકડાયેલા રહે છે.

વચનનું મનન, જોકે બધાં દુખોનો ઉપાય નથી, છતાં એક અગત્યની શિસ્ત છે જે આપણાં મનમાં ઉદભવતા પડકારોનો સામનો કરવામાં મદદ કરે છે. વચનના મનનની શિસ્તબદ્ધ કસરત દ્વારા મજબૂત ગઢને આપણે પાડી નાંખી શકીએ છીએ. જે વ્યક્તિ ઈશ્વરના વચનનું નિયમિત મનન કરે છે તેને માટે ઈશ્વરના જ્ઞાન(ઈશ્વરના શબ્દ)ની સામેની કલ્પનાઓ, તર્ક અને વિચારોથી છુટકારો પ્રાપ્ત કરવાનું સરળ છે.

વચનના મનનનું સાતત્ય નવીન મન, નવીન વાણી

અને નવીન વિશ્વાસમાં પરિણમે છે. આપણાં વિચારોની શૈલી, આપણી સ્વ-છબી, આપણું આત્મસન્માન અને આપણાં વ્યક્તિત્વના અન્ય પાસાઓ આપણાં મનના બદલાણની સ્થિતિ પર આધાર રાખે છે. આપણે આપણાં જીવનો અને ભવિષ્ય અંગે હકારાત્મક, આત્મવિશ્વાસુ અને આશાવાદી બનીએ છીએ. આપણે દર્શનવિહીન અને આશાવિહીન વ્યક્તિમાથી નીડર અને સકારાત્મક સ્વપ્ન જોનારા બનીએ છીએ. આપણે નવીન શબ્દકોષથી આપણી વાણીને સજ્જ કરવાનું શરૂ કરીએ છીએ. ગરીબી, દીનતા, નિરાશા અને લઘુતાગ્રંથીની વાતો કરવાને બદલે, આપણે ઈશ્વરના મજબૂત વિશ્વાસથી બોલવાનું શરૂ કરીએ છીએ. મનનની પ્રક્રિયા દ્વારા આપણાં હૃદયોમાં ઈશ્વરના વચનનું સતત રોપાણ અને માવજત આપણામાં ઈશ્વરનો ગતિશીલ વિશ્વાસ ઉત્પન્ન કરે છે.

## મનનના ફળો

**ગીતશાસ્ત્ર 1:1-3**

**1 જે માણસ દુષ્ટોની સલાહ પ્રમાણે ચાલતો નથી, જે પાપીઓના માર્ગમાં ઊભો રહેતો નથી, અને જે નિંદાખોરોની સાથે બેસતો નથી, તેને ધન્ય છે!**

**2 પણ યહોવાના નિયમશાસ્ત્રથી તે હર્ષ પામે છે; અને રાતદિવસ તે તેના નિયમશાસ્ત્રનું મનન કરે છે**

**3 વળી તે નદીની પાસે રોપાયેલા ઝાડના જેવો થશે, જે પોતાનાં ફળ પોતાની ઋતુ પ્રમાણે આપે છે,**

**અને જેનાં પાંદડાં કદી પણ ચીમળાતાં નથી. વળી જે કંઈ તે કરે છે તે સફળ થાય છે.**

ઈશ્વરનાં શબ્દ ચમત્કારિક બીજ છે. તે ફળ ઉત્પન્ન કરવાની ક્ષમતા ધરાવે છે. જ્યારે આપણાં હૃદયોમાં ઈશ્વરનાં શબ્દની વાવણી આપણાં જીવનોમાં ઈશ્વરની સારી ઈચ્છા પરિપૂર્ણ થવાનું કારણ બને છે. વચનના મનનની પ્રક્રિયા દ્વારા જ આપણે આપણાં હૃદયોમાં ઈશ્વરનાં શબ્દની વાવણી અને માવજત કરીએ છીએ. નિર્ધારિત સમયે વવાયેલું બીજ અંકુરિત થઈને પોતાનું ફળ આપે છે. તેથી, મનનની પ્રક્રિયાનું સાતત્ય ઈશ્વરની ખાતરીને વાસ્તવિક્તામાં પરિવર્તિત કરવાની પ્રક્રિયા

માટે અતિઆવશ્યક કળી છે.

ઈશ્વરનાં શબ્દ આપણાં હ્રદયોમાં જે ફળ ઉત્પન્ન કરી શકે છે તે પૈકી કેટલાક ઉદાહરણ વિષે વિચાર કરીએ.

- ઈશ્વરનાં શબ્દ જે અવિનાશી બીજ છે જે પવિત્ર આત્માના સામર્થ્ય થકી આપણાં જીવનોમાં નવા જન્મનું કારણ છે. (1 પિતરનો પત્ર 1:23)
- ઈશ્વરનાં શબ્દ દવાનું કામ કરે છે જે આપણાં શરીરના ભાગોને સાજાપણું બક્ષે છે. (નીતિવચનો 4:20-22; ગીતશાસ્ત્ર 107:20)
- આપણાં હ્રદયોમાં ઈશ્વરનાં શબ્દનો પ્રવેશ આંતરદ્રષ્ટિ, સમજણ અને ડહાપણ લાવે છે (ગીતશાસ્ત્ર 119:98-100,130)
- ઈશ્વરનાં શબ્દ સમૃદ્ધિ અને સફળતાનું કારણ બને છે. (યહોશુઆ 1:8; ગીતશાસ્ત્ર 1:3)
- ઈશ્વરનાં શબ્દ આત્મિક વૃદ્ધિ અને પરિપકવતાનું માધ્યમ છે. (પ્રેરિતોનાં કૃત્યો 20:32)

આ ઉપરાંત, ઈશ્વરનાં શબ્દમાં અનેકઘણા આશીર્વાદો સમાયેલા છે.

મનન દ્વારા આપણે ઈશ્વરનાં શબ્દને જ્યારે આપણાં હ્રદયોમાં વાવીએ અને એની માવજત કરીએ તો ઉપરોક્ત તમામ બાબતો આપણાં જીવનમાં શક્ય છે.

જે માણસ ઈશ્વરીય જીવન જીવે છે અને તેમના શબ્દનું સતત મનન કરે છે તે માણસ નદી કિનારે રોપાયેલા અને સારી રીતે માવજત કરેલા ઝાડ સમાન છે. તે વૃક્ષના મૂળિયાં સતત પોષણ અને તાજગીના પુરવઠા સાથે જોડાયેલા છે. જ્યારે આપણે ઈશ્વરનાં શબ્દનું સતત મનન કરીએ છીએ ત્યારે આ બધી બાબતોનું આપણાં જીવનોમાં નિર્માણ થાય છે. આપણું

આંતરિક મનુષ્યત્વ પોષણ અને તાજગીના અનંત પુરવઠાથી આશીર્વદિત બને છે. આપણું જીવન ફળદાયી અને ઉત્પન્ન કરનારું બને છે.

## મનનની શિસ્તતાને વિકસિત કરવી

### *દૈનિક શિસ્ત*

**ગીતશાસ્ત્ર 119:97**

**હું તમારા નિયમ પર કેટલો બધો પ્રેમ રાખું છું! આખો દિવસ તેનું જ મનન કરું છું.**

ઈશ્વરનાં વચનના મનનની દૈનિક શિસ્ત કેળવવા માટે અમે આપને ઉત્તેજન આપવા માંગીએ છીએ. તેને ટેવ બની જવા દો, તેને ઈશ્વરીય વ્યસન પણ બની જવા દો. ઈશ્વરના વચનનું મનન કરવું એક એવી શિસ્ત છે જે સૂચવે છે કે આપણે જ્યારે મનન કરતાં હોઈએ ત્યારે આપણને એવું ન લાગવું જોઈએ કે આપણે તેમાં વ્યસ્ત છીએ. બીજી તરફ, ઈશ્વરનાં શબ્દનું મનન આપણને અત્યંત આનંદ આપે છે તેમ સમજીને કરવું જોઈએ. આપણે ઈશ્વરને પ્રેમ કરીએ છીએ અને તેથી, આપણે તેઓના વચનમાં આનંદ અનુભવીએ છીએ. મનન આપણને એવા સમયમાં દોરી જાય છે જ્યાં મનન દ્વારા આપણે ઈશ્વરનાં શબ્દ પ્રતિ અવિભાજિત ધ્યાન કેન્દ્રિત કરીએ છીએ.

### *વિશેષ જરૂરિયાતના સમયમાં*

**ગીતશાસ્ત્ર 119:23,24,78**

**23 સરદારો પણ પોતાના આસન પર બેસીને મારી વિરુદ્ધ બોલતા હતા; પણ તમારા સેવકે તો તમારા વિધિઓનું મનન કર્યું છે.**

**24 વળી તમારા સાક્ષ્યોથી મને હર્ષ થાય છે, તેમ જ તેઓ મારા મંત્રીઓ પણ છે.**

**78 ગર્વિષ્ઠો ફજેત થાઓ; કેમ કે તેઓએ વિનાકારણ મારી સાથે કપટ કર્યું છે; પણ હું તમારાં શાસનોનું મનન કરીશ.**

ઘણીવાર અને હમણાં પણ હું વિવિધ સંઘર્ષ, પડકારો, પ્રશ્નો અને સમસ્યાઓનો સામનો કરું છું. આ પ્રકારના સમયમાં,

આત્મામાં પ્રાર્થના કરવાની સાથે સાથે, હું પવિત્ર શાસ્ત્રના એ વચનોનું મનન કરવાનો પ્રયત્ન કરુ છું જેમાં મારી સમસ્યાઓનું સમાધાન હોય. મારુ મન કદાચ મૂંઝવણમાં હોય અને પ્રશ્નો અને અસલામતીથી ભરેલું હોય એવું બને. પરંતુ, હું જે તે વિષય અંગે ઈશ્વરના વિચારો જાણવા માટે પવિત્ર શાસ્ત્ર તરફ મારી દૃષ્ટિ કરું છું. હું તે વચનો પર મનન કરું છું. તે વચનો મને શાંતિ અને ખાતરી આપે છે અને મારા હૃદયમાં ખાતરી પૂરી પાડે છે. બીજા કોઈ સમયે, જ્યારે હું કોઈ બાબત અંગે મૂંઝવણમાં હોઉ છું ત્યારે મને ખબર હોય છે કે ઈશ્વરનાં શબ્દમાંથી જ મારે વધારાનું સામર્થ્ય ને ઉત્તેજન પ્રાપ્ત કરવાનું છે. આવા સમય દરમ્યાન, હું પવિત્ર શાસ્ત્રના જે તે વિષય સંબંધિત વચનો તરફ દ્રષ્ટિ કરું છું અને તેનું મનન કરું છું. પવિત્ર શાસ્ત્ર મારા આત્મવિશ્વાસ અને સામર્થ્યનું સાધન બની જાય છે. આપણ દરેક આ પ્રકારના આશીર્વાદો મેળવી શકીએ છીએ.

## હેતુપૂર્ણ કવાયત

**ગીતશાસ્ત્ર 119:148**

**તમારા વચનનું મનન કરવા માટે મારી આંખો રાતના છેલ્લા પહોર અગાઉ ઊઘડી ગઈ હતી.**

ઈશ્વરના વચનનું મનન કરવું એ અર્થહિન કવાયત નથી, કે માત્ર ગહન આત્મિક કવાયત નથી. તે તો આપણ પ્રત્યેકને માટે કરવાયોગ્ય બાબત છે. જગતમાં (ખ્રિસ્તી જીવનમાં પણ) જ્યાં ઝડપી સુધારાઓ અને ત્વરિત ચમત્કારોને પસંદ કરવામાં આવે છે, ત્યાં આત્મિક શિસ્તતાને વિકસિત કરવાની વાત પસંદ કરવાનું કદાચ લોકપ્રિય ન પણ હોય શકે. આપણને, આત્મિક બાબતોની કવાયત કરવાને માટે ઉત્તેજન આપવામાં આવ્યું છે (1 તિમોથીને પત્ર 4:7). કવાયત કરવી એ એક શિસ્ત છે. શિસ્ત (ખાસ કરીને સ્વશિસ્ત) સરળ નથી હોતી. તે ક્યારેક બલિદાન પણ માંગે છે. પરંતુ શિસ્તના ફળ સમૃદ્ધ અને ટકાઉ હોય છે. આશા રાખું છું કે તમે એ લોકો પૈકી એક હશો જેઓ વચનના મનનનો આનંદ માણે છે અને તેનો સમૃદ્ધ બદલો પ્રાપ્ત કરે છે!

## વ્યવહારુ વિચારો

હું હવે કેટલાક વ્યવહારુ વિચારો રજૂ કરવા માંગુ છું કે જે આપણને ઈશ્વરના વચનના મનનની શિસ્ત વિકસિત કરવામાં મદદ કરી શકે છે. આ કોઈ કાયદો કે નિયમ નથી અને તેનાથી આપણી જાતોને કોઈ બંધનની પ્રક્રિયામાં, પદ્ધતિમાં કે ક્રમમાં લાવવાની પણ જરુર નથી. એટલા માટે હું આ વિચારો રજૂ કરું છું કેમ કે તે મારા પોતાના જીવનમાં મને ઉપયોગી સાબિત થયા છે કે જેને મેં કિશોરાવસ્થાથી જ અમલમાં મૂક્યા છે. તમને આ વિચારો ઉપયોગી થશે અને કોઈક રીતે તમે તેને તમારા આત્મિક જીવનની વૃદ્ધિ માટે અપનાવી શકો છો. પ્રભુપિતા તમને અન્ય બીજા એવા વિચારો પણ આપે કે જે તમને વધુ યોગ્ય લાગે અને તમે વચનના મનન માટે તેનો ઉપયોગ કરી શકો.

હું અહીં ત્રણ વ્યવહારુ વિચારો રજૂ કરું છું.

1) શબ્દબીજ

2) વચનનું દૈનિક અને નિયમિત મનન

3) ચિંતનશીલ બાઇબલ વાંચન

### *શબ્દબીજ*

મારી શરૂઆતની આત્મિક મુસાફરીમાં, મારા કિશોરાવસ્થાના વર્ષો દરમ્યાન, પવિત્ર શાસ્ત્રના વચનોને મેં વિષય અને થીમ પ્રમાણે વર્ગીકૃત કરવાનું શીખી લીધું હતું. કોઈ પુસ્તકાલયમાં જેમ કબાટમાં પુસ્તકોને વિષય પ્રમાણે રાખવામા આવે છે તેમ, આ પુસ્તકનાં છેલ્લા પ્રકરણમાં વિષય અને થીમ પ્રમાણેના નમૂનાની યાદી આપવામાં આવી છે. જ્યારે હું કોઈ ચોક્કસ વિષય કે થીમ અનુસાર ઈશ્વરના વચનનું મનન કરવા માંગતો, ત્યારે ખૂબ સરળતાથી તેને પસંદ કરી શકતો અને સુસંગત વચન મેળવી શકતો. જેમ કે મને વિશ્વાસ અંગેના વિષય પર મનન કરવાની જરૂર ઊભી થતી તો મને વિશ્વાસ વિષય અંગેના વચનો મળી જતાં. આ બાબત જાણે કે બી વાવવા સમાન છે. પ્રકૃતિના નિયમને આપણે જાણીએ છીએ કે ઋતુ પ્રમાણે

બીની વાવણી થાય છે કારણ કે આપણે સમજીએ છીએ કે દરેક બી પોતાના સ્વભાવ અને પ્રકૃતિ પ્રમાણે ઉપજ આપે છે. આજ પ્રમાણે, કોઈ ચોક્કસ વિષય કે થીમ પર પવિત્ર શાસ્ત્રના વચનના મનન દ્વારા, આપણે જરુરિયાત મુજબ બીની વાવણી કરીએ છીએ. જ્યારે આપણે પવિત્ર શાસ્ત્રના વચનોનું વારંવાર મનન કરીએ છીએ ત્યારે તે આપણને વચન મોઢે કરવાની પ્રક્રિયામાં પણ મદદ કરે છે અને આપણાં સ્મૃતિપટલ તે વચનો કોતરાઈ જાય છે.

સેવામાં જ્યારે કોઈ ચોક્કસ વિષય પર સંદેશો આપવાનો હોય ત્યારે તેની તૈયારી કરવામાં પણ હું તેનો ઉપયોગ કરું છું. દરેક વખતે જ્યારે આપણે શબ્દનું મનન કરીએ છીએ ત્યારે ચિન્હો, અજાયબીઓ, ચમત્કારો અને સાજાપણાં દ્વારા પવિત્ર આત્માના પ્રગટીકરણ માટે ખુલ્લા રહેવાની ઈચ્છા રાખીએ છીએ ત્યારે આપણને એવી બાબતો પણ જોવા મળે છે જે ખાસ કરીને અલૌકિક પ્રગટીકરણની અપેક્ષા માટે તૈયાર હોય છે. સુવાર્તાપ્રચારની વિશેષ સભાઓ, સાજાપણાં અને ચમત્કારની સભાઓ કે અન્ય પ્રસંગોએ જ્યાં લોકોને ચમત્કાર અને સાજાપણાંનો સંદેશ આપવાનો હેતુ હોય. આ પ્રકારની સભાઓમાં સંદેશ આપવાની તૈયારીના ભાગરૂપે, વિશેષ કરીને અન્ય ભાષાઓમાં પ્રાર્થના કરવાની સભાઓ દરમ્યાન, સંબંધિત વિષયને લગતા, જેમ કે પવિત્ર આત્માનો અભિષેક, વિશ્વાસીનો અધિકાર, સાજાપણું, ઈસુના ચમત્કારો, વિશ્વાસ, ભવિષ્યવાણી વિગેરે માટે  હું શાસ્ત્રના મનન માટે પૂરતો સમય પસાર કરું છું. આ પદ્ધતિ મારા આત્માને ધારદાર અને એકાકાર બનાવીને સેવાને માટે તૈયાર થવામાં મારી મદદ કરે છે.

## *વચનનું દૈનિક અને નિયમિત મનન*

રમતવીરો જેઓ કોઈ ચોક્કસ રમત માટે તાલીમ લેતા હોય છે તેઓનો સામાન્ય રીતે સાપ્તાહિક નિત્યક્રમ હોય છે. દરેક વખતે થોડું થોડું આગળ વધતાં, તેઓ વારંવાર આ સ્થાપિત નિત્યક્રમ મુજબ જ કસરતનું પુનરાવર્તન કરતાં હોય છે. મારી શરૂઆતની

આત્મિક મુસાફરી દરમિયાન, મેં મારા દૈનિક મનનનો નિત્યક્રમ બનાવ્યો હતો. મેં દરેક દિવસે કોઈ ચોક્કસ વિષય કે થીમ પર મનન કરવાનું નક્કી કર્યું હતું. હું શાસ્ત્રના શબ્દબીજનો ઉપયોગ કરીને તેના પર હું વિચાર કરતો, થોડી ક્ષણો દરેક વચન પર મનન કરતો, તેને વાંચતો, કાબુલ કરતો અને તે માટે ઈશ્વરની સ્તુતિ કરતો હતો. ધીમે ધીમે, મેં જાતે જ મારે જરૂર હોય તેવા વિષય કે થીમ પર મનન કરવાનું શરૂ કર્યું. તમે પણ તમારા હાલના સંજોગો અને જરૂરિયાત મુજબ આ પ્રકારે દૈનિક નિત્યક્રમ બનાવી શકો છો.

કોઈ ચોક્કસ સમયગાળા દરમ્યાન મેં વચનના મનન માટેનો નિત્યક્રમ ઉપયોગમાં લીધો તેનો એક નમૂનો અત્રે રજૂ કરું છું.

| રવિવાર | સોમવાર | મંગળવાર | બુધવાર | ગુરુવાર | શુક્રવાર | શનિવાર |
|---|---|---|---|---|---|---|
| પ્રાર્થનાની ઉદારતા | વિશ્વાસ | સ્વર્ગીય સાજાપણું | કુટુંબ | ડહાપણ અને સમજણ | સમૃદ્ધિ અને સફળતા | સેવા અને ચમત્કારો |

## *ચિંતનશીલ બાઇબલ વાંચન*

ઘણી રીતો પૈકીની એક, ચિંતનશીલ બાઇબલ વાંચનની રીત, મારી સમગ્ર આત્મિક મુસાફરી દરમિયાન મને અત્યંત મદદરૂપ થઈ છે. બાઇબલ વાંચન માટેના ઘણાં પ્લાન કે કેલેન્ડર કોઈ ચોક્કસ સમયગાળા દરમિયાન અમુક અધ્યાય કે પુસ્તકો વાંચીને પૂરા કરવા પૂરતા કેન્દ્રિત હોય છે. આ રીત સારી છે અને તેના ઘણાં ફાયદાઓ પણ છે, પરંતુ હું જે વાંચું છું તેને વાંચવા અને મનન કરવા હું મારો પોતાનો સમય અને રીત પસંદ કરું છું. તેથી, મારો મનનનો સમય અમુક અધ્યાય કે પુસ્તક પૂરા કરવા માટે કેન્દ્રિત કરવાને બદલે યોગ્ય મનન દ્વારા વચનમાથી સારા વિચારો મેળવવા પર કેન્દ્રિત હોય છે. તેથી હું કોઈ અધ્યાયમાથી થોડા વચન વાંચું છું, અને તેના પર મનન કરવામાં, ઈશ્વરને મળવામાં, પ્રગટીકરણ પ્રાપ્ત કરવામાં,

અંતરમાં ઉતારવામાં સમય વ્યતીત કરું છું અને ત્યારબાદ ધીરે ધીરે મને લાગે કે હવે મારે બીજા વચન તરફ આગળ વધવું જોઈએ ત્યારે જ હું આગળના વચનનું વાંચન કરું છું. ક્યારેક તો, હું વચનના એક જ ભાગ પર ઘણાં દિવસો સુધી, 30 મિનિટ કે તેથી પણ વધારે વાંચવામાં, ચિંતનમાં, મનનમાં અને તે વચન દ્વારા ઈશ્વરને મળવામાં સમય વ્યતીત કરું છું. ઘણીવાર તો ઈશ્વરની હાજરી મને પ્રભાવિત કરી દે છે, સાક્ષાત્કાર કરાવી દે છે અને હું જે બાબતો જોઉં છું તથા સમજુ છું તેને કાગળ પર લખી લઉં છું. મારૂ જીવન બદલાણ પામી ચૂક્યું છે. અને, અલબત્ત, આ સમય દરમ્યાન, ઘણાંબધાં સંદેશાઓ તેમાથી ઊભરી ચૂક્યા છે.

દાખલા તરીકે, સપ્ટેમ્બર 2019માં મેં માર્કની લખેલી સુવાર્તા ફરી વાંચવાનું શરૂ કર્યું હતું. મેં માર્ક 1:1 વાંચ્યું, *“ઈશ્વરના પુત્ર ઈસુ ખ્રિસ્તની આ સુવાર્તા છે. એનો આરંભ;”* અને આ એક જ વચનથી હું આગળ વધી શક્યો નહિ. હું માર્ક 1:1 પર સતત ચાર દિવસ, દરરોજ 30 મિનિટથી વધુ સમય માટે આ વચનમાં જ તલ્લીન થઈ ગયો. જેટલીવાર મેં આ વચન વાંચ્યું તેટલીવાર ઈશ્વરની હાજરીએ મને પ્રભાવિત કર્યો. *“ઈશ્વરના પુત્ર”* શબ્દ મારૂ ધ્યાન કેન્દ્રિત કરવા લાગ્યા. જેટલીવાર મેં માર્ક 1:1નો આ ભાગ વાંચ્યો, તેટલીવાર, મારી કલ્પનામાં, હું અનંતકાળની પૃષ્ઠભૂમિમાં જતો રહ્યો, જગતના મંડાણના સમય અગાઉના અનંત શબ્દ જે પિતા અને આત્મા સાથે એકરૂપ હતો, અને ત્યારબાદની મુસાફરી જે આપણે દરેક જાણીએ છીએ તેમ, અનંત શબ્દ પોતે સદેહ થયો અને તેણે પોતાના મરણ, દફન, પુનરુત્થાન, સ્વર્ગારોહણ અને ઉચ્ચ સ્થાન દ્વારા જે કર્યું તેની સફરે નીકળી પડતો. સબંધિત શાસ્ત્ર વચનો બાઈબલના પાનામાથી આપોઆપ આવતા હોય એવું લાગતું. જે સુવાર્તાનો આપણે પ્રચાર કરીએ છીએ તે તો ઈશ્વરના પુત્રની સુવાર્તા છે તે સત્ય સમજાયું. માર્ક 1:1ના વચન પર સતત ચાર દિવસનો એ અનુભવ હકીકતમાં ઈશ્વરના પુત્રને મળવાનો અલૌકિક અનુભવ હતો. આ અનુભવ વિષે હું જે લખી શકતો હતો તે બધું

જ મેં લખ્યું છે. એ વચનો મારા હૃદયના ઊંડાણમાં ઉતરી જાય તે માટે મેં તે વચનને પકડી રાખ્યું. આખરે 2019ની નાતાલના દિવસે મેં તે વચન આધારિત સંદેશો આપ્યો અને હાજર લોકોને તેનો પ્રકાશ પૂરો પાડ્યો. (આ સંદેશો **apcwo.org/sermons** પર પ્રાપ્ય છે).

આશા રાખું છું કે આપ પણ ઈશ્વરના વચનના મનનનો આવો અભ્યાસ વિકસિત કરો અને તેનો આનંદ માણો.

# 7
# બીનું રક્ષણ અને પોષણ આવશ્યક છે

## શેતાન વચનની પાછળ છે

**માથ્થી 13:19**
**જ્યારે રાજ્યનું વચન કોઈ સાંભળે છે, ને નથી સમજતો, ત્યારે શેતાન આવીને તેના મનમાં જે વાવેલું છે તે છીનવી લઈ જાય છે. રસ્તાની કોરે જે બી વાવેલું છે તે એ જ છે.**

**માર્ક 4:14,15**
**[14] વાવનાર વચન વાવે છે.**
**[15] રસ્તાની કોર પરનાં એ છે કે જ્યાં વચન વવાય છે, ને તેઓ સાંભળે છે કે તરત શેતાન આવીને તેઓમાં જે વચન વવાયેલું હતું તે લઈ જાય છે.**

**લૂક 8:11,12**
**[11] દ્રષ્ટાંત [નો અર્થ] આ છે: બી તો ઈશ્વરનું વચન છે.**
**[12] માર્ગની કોરે પડેલાં તો સાંભળનારા છે; શેતાન આવીને તેઓના મનમાંથી વચન લઈ જાય છે, રખેને તેઓ વિશ્વાસ કરીને તારણ પામે.**

આ દ્રષ્ટાંત આપણને એક અગત્યની આત્મિક સમજણ પૂરી પાડે છે—શેતાન વચનની પાછળ છે. આ બાબત બતાવે છે કે વચનને સાંભળવું, ગ્રહણ કરવું અને આપણાં હ્રદયોમાં તેનું પોષણ કરવું કેટલું મહત્વનુ છે! શેતાન જાણે છે કે જો આપણે વચન ગ્રહણ કરીશું તો તે વચન આપણામાં ફળ આપશે અને આપણને વિજય, અધિકાર અને આધિપત્ય સાથે ખ્રિસ્તી જીવન જીવવા મજબૂત કરશે. જે પ્રમાણે પ્રેરિત યોહાન 1 યોહાનનો પત્ર 2:14 માં લખે છે, *"... જુવાનો, મેં તમને લખ્યું છે, કારણ કે તમે બળવાન છો, અને ઈશ્વરનું વચન તમારામાં રહે છે, ને તમે દુષ્ટને જીત્યો છે."*

તેથી, આપણને ઈશ્વરના વચનથી દૂર રાખવા માટે, શેતાન

પોતાની સઘળી તાકાત લગાવીને, પ્રયત્ન કરે છે,

- ઉદાસીનતા, આળસ, વ્યસ્તતા, અન્ય વિચારોમાં ફસાઈ જવું, કામકાજની ભરમાર, વિવિધ વિઘ્નો વગેરે કારણોથી આપણને ઈશ્વરના શબ્દ સાંભળવાથી અટકાવવા.
- ગૂંચવણ, ખોટ, છેતરપિંડી વગેરે દ્વારા આપણને તેને સમજવાથી અટકવવા.
- શંકા, અવિશ્વાસ, ભય વગેરે દ્વારા આપણને તેને માનવાથી અટકવવા.

જોકે, જે રીતે પ્રભુ ઈસુએ શેતાનના બધાં કાવાદાવાઓને આપણે માટે ઉઘાડા પાડી દીધાં છે, તેથી આપણે શેતાનની વિરુદ્ધ પગલાં લઈ શકીએ છીએ અને આપણો ભાગ ભજવીને ઈશ્વરના વચનોનો સમૃદ્ધ વારસો આપણાં હ્રદયોમાં સંઘરી રાખવાનું સુનિશ્ચિત કરી શકીએ છીએ. ઈશ્વરનાં શબ્દોને તમારામાં દ્રઢતાથી વસવા દો!

## બીનું રક્ષણ અને પોષણ કરો

બી વાવનારના દ્રષ્ટાંત દ્વારા બીજો જે અગત્યનો વિચાર આપણને પ્રાપ્ત થાય છે તે એ છે કે જો આપણે ફળની અપેક્ષા રાખીએ છીએ તો સમયની સાથે ઈશ્વરનાં શબ્દનું રક્ષણ અને પોષણ કરવું પડશે. બગીચા કે ખેતીકામના અનુભવ દ્વારા ખૂબ જ સરળ રીતે આપણે આ બાબત સમજીએ છીએ.

પ્રભુ ઈસુએ બે મહત્વના ભયસ્થાનોનો ઉલ્લેખ કર્યો છે કે જેનો આપણે સામનો કરવાનો છે જે આપણને ફળ આપતા રોકી શકે છે અથવા આપણી ફસલનો નાશ કરી શકે છે. તેમણે જણાવ્યુ કે,

- ઈશ્વરનાં શબ્દ વિરુદ્ધ સતાવણી અને મુશ્કેલીઓ
- જગતના વાનાઓની ચિંતા, દોલતની લાલસા, વૈભવી

વાનાઓની ઘેલછા અને આનંદપ્રમોદ

ફસલને અવરોધતા આ બે પાસાઓ અંગે આપણે અલગ પ્રકરણમાં વિચાર કરવાના છીએ.

બીજું જે અગત્યનું પાસું છે તે બીનું પોષણ. સામાન્ય રીતે આપણે સુનિશ્ચિત કરીએ છીએ કે બીને પૂરતા પ્રમાણમા સૂર્યપ્રકાશ, પાણી અને બીજા પોષકતત્વો મળે કે જેથી તે અંકુરિત થઈ શકે, વૃદ્ધિ પામે અને ફળ આપે. આજ પ્રમાણે ઈશ્વરનાં વચનને પોષણ પ્રાપ્ત થાય તે માટે આપણે આપણાં હ્રદયોમાં યોગ્ય વાતાવરણ જાળવી રાખવાની જરૂર છે. ઈશ્વરનાં શબ્દની પાણી (એફેસીઓને પત્ર 5:26) અને પ્રકાશ (ગીતશાસ્ત્ર 119:105) સાથે પણ સરખામણી કરવામાં આવી છે. તેથી આપણે ઈશ્વરના શબ્દના સતત મનન(પ્રકાશ અને પાણી પૂરા પાડીને) દ્વારા, વચનના સતત પ્રગટીકરણ (પોષક તત્વો પૂરા પાડીને) દ્વારા આત્માના ભરપુરીપણામાં ચાલીને બી (ઈશ્વરનાં શબ્દ)ને પોષણ આપીએ (કલોસીઓને પત્ર 3:15; એફેસીઓને પત્ર 5:18,19).

## બી-ઈશ્વરનાં રાજ્યનો સિદ્ધાંત

**માર્ક 4:26-29**

**26 અને તેમણે કહ્યું, "ઈશ્વરનું રાજ્ય એવું છે કે જાણે કોઈ માણસ જમીનમાં બી નાખે; અને રાતદિન ઊંઘે તથા જાગે, અને તે બી ઊગે ને વધે,**
**27 પણ તે શી રીતે એ તે જાણતો નથી.**
**28 જમીન તો પોતાની મેળે ફળ આપે છે. પહેલાં અંકુર, પછી કણસલું, પછી કણસલામાં પૂરાં દાણા.**
**29 પણ દાણા પાક્યા પછી તરત તે દાતરડું લગાડે છે, કેમ કે કાપણીનો વખત થયો છે."**

સામાન્ય રીતે માટીની નીચે જમીનમાં બી અંકુરિત થાય છે. આપણે જાણીએ છીએ કે આપણે જોતા નથી તો પણ તે પ્રક્રિયા થતી હોય છે. તેને તે માટે સમય લાગે છે. સમય જતાં, અંકુર જમીનની બહાર આવે છે તેમ આપણે તેની વૃદ્ધિની

નિશાનીઓ જોઈએ છીએ. અને છોડ કે વૃક્ષ ફળ આપે તે પહેલા તેને વધુ સમયની જરૂર પડે છે.

બી વાવનારના દ્રષ્ટાંત પછી તરત જ, પ્રભુ ઈસુ બીજા એક દ્રષ્ટાંતની વાત કહે છે, ફરી એકવાર બીનું ઉદાહરણ આપીને પ્રભુ આપણને ઈશ્વરનાં રાજ્ય વિષેનું શિક્ષણ આપે છે (માર્ક 4:26-29). આ દ્રષ્ટાંતમા, પ્રભુ ઈસુ આપણને બીના સામાન્ય સિદ્ધાંત વિષે જણાવે છે જે ઈશ્વરનાં રાજ્યમાં પણ કાર્ય કરે છે. ઈશ્વરનાં રાજ્યમાં આપણાં જીવન સંબંધી અન્ય પાસાઓમાં પણ આ બીજનો સિદ્ધાંત લાગુ પડે છે. બીજનો સિદ્ધાંત, ઈશ્વરનાં શબ્દ– ચમત્કારિક બી, એ પ્રક્રિયાને પણ લાગુ પડે છે જે આપણાં જીવનોમાં ફળ ઉત્પન્ન કરે છે.

ઈશ્વરનાં રાજ્યના બીજના સિદ્ધાંત વિષે મુખ્ય અવલોકનો નીચે મુજબ છે:

1) બીજની વાવણી થવી જોઈએ.
2) વૃદ્ધિની નિશાનીઓ દેખાય તે પહેલા એક સમયગાળો પસાર થતો હોય છે.
3) આપણે જાણતા હોતા નથી કે કેવી રીતે છતાં પણ બી ફળ ઉત્પન્ન કરે છે.
4) જ્યારે ફસલ કાપણી માટે તૈયાર થાય ત્યારે તેને એકઠો કરી લેવા માટે આપણે દાતરડું લગાવવું જોઈએ (બીજા શબ્દોમાં, પાક એકઠો કરી લેવા માટે આપણે ભાગ ભજવવાનો હોય છે)

મહત્વનુ સત્ય સમજવાની જરૂર છે તે એ કે બી ફળ ઉત્પન્ન કરે તે પહેલા સમય પસાર થાય છે. આ ઈશ્વરનાં શબ્દરૂપી બી જે આપણાં હ્રદયોમાં વવાયાં છે (અને વવાય રહ્યા છે) તે એક રાતમાં ભરપૂર ફળ ઉત્પન્ન ન કરી શકે. લાક્ષણિક રીતે, આપણે જે બી આપણાં હ્રદયોમાં વાવીએ છીએ તેની અસર અને પરિણામ જોવા મળે તે પહેલા એક સમયગાળો પસાર થાય છે

શરૂઆતમાં, આપણે માત્ર ત્રીસગણી કાપણી(ફળ)નો જ અનુભવ કરીએ. પરંતુ આપણે જાણીએ છીએ કે બીને અંકુરિત થવા અને વૃદ્ધિ પામવા માટે એક સમયગાળો પસાર થવો જરૂરી છે. કાપણીનો સમય જલ્દી આવવાનો છે એવો વિશ્વાસ રાખીને આપણે આપણાં હ્રદયોમાં ઈશ્વરનાં વચનોની વાવણી કરવાનું ચાલુ જ રાખીએ. અને ત્યારે જ, જેમ આપણે ઈશ્વરનાં વચનની વાવણી ચાલુ રાખીશું, તેમ ઈશ્વરનાં વચન જે ફળ ઉત્પન્ન કરે છે તેની કાપણીનો ભરપૂર આનંદ માણીશું.

ઈશ્વરનાં શબ્દરૂપી બી આપણાં હ્રદયમાં વાવવાથી આપણાં જીવનોમાં તે કેવી રીતે ફળ ઉત્પન્ન કરે છે તે સંપૂર્ણ રીતે સમજાવી શકતા નથી. દાખલા તરીકે, કોઈ વ્યક્તિ સફળતા અને સમૃદ્ધિ અંગેના વચનો વાવે છે તે પોતે જે કરે છે તે સર્વમાં સફળતા અને સમૃદ્ધિનો અનુભવ કેવી રીતે કરશે તે સંપૂર્ણપણે સમજાવી શકતા નથી. તેજ રીતે, કોઈ વ્યક્તિ સાજાપણા અને સ્વાસ્થ્ય અંગેના વચનો વાવે છે તે પોતે માંદગીમાંથી સાજી થઈને બીમારીઓથી દૂર રહેવા માટે ઈશ્વરનાં સામર્થ્યનો અનુભવ કેવી રીતે કરશે તે સંપૂર્ણપણે સમજાવી શકતા નથી. આપણે માત્ર એટલું જ કહી શકીએ કે ઈશ્વરનાં શબ્દ બી સમાન છે, અને આપણે જાણતા ન હોવા છતાં બી ફળ ઉત્પન્ન કરશે. જ્યારે વચન ભૂમિમાં વવાય છે અને તેનું પોષણ થાય છે ત્યારે, તેની રચના મુજબ તે અવશ્ય ફળ આપશે જ.

# 8
# પ્રકટીકરણ: આત્મિક સમજણ પ્રાપ્ત કરવી

## જ્યારે આપણે શબ્દને સમજી શકતા નથી

**માથ્થી 13:19**
**જ્યારે રાજ્યનું વચન કોઈ સાંભળે છે, ને નથી સમજતો, ત્યારે શેતાન આવીને તેના મનમાં જે વાવેલું છે તે છીનવી લઈ જાય છે; રસ્તાની કોરે જે બી વાવેલું છે તે એ જ છે.**

પ્રભુ ઈસુ જણાવે છે કે જો આપણે વચનને સમજતા નથી તો શેતાન આવીને બીને છીનવી લઈ જાય છે, અને તેને આપણાં જીવનોમાં મૂળિયાં નાખતા અને ફળ ઉત્પન્ન કરતાં અટકાવે છે. શેતાનને બીને છીનવી લઈ જતો રોકવા માટે આપણે વચન(આત્મિક સત્યનું જ્ઞાન પ્રાપ્ત કરીને) સમજવું જ પડશે. શેતાન આપણને વચનની જ્ઞાનપ્રાપ્તિથી રોકવા માટે દલીલો, જૂઠાણા, ગૂંચવણો અને છેતરપિંડીઓ દ્વારા તેના બધાં જ ઉત્તમ પ્રયત્નો કરશે.

“સમજણ” શબ્દ માટે ગ્રીક ભાષામાં જે શબ્દનો ઉપયોગ થયો છે તેનો સરળ અર્થ “એક સાથે મૂકવું, સમજવું કે મગજમાં ઉતારવું” એવો થાય છે. જ્યારે આપણે વચનને તાર્કિક અને બૌદ્ધિક રીતે સમજીએ છીએ ત્યારે આપણે આત્મિક સત્યની સમજણના પાસાને ગ્રહણ કરીએ છીએ જેને “પ્રગટીકરણ” કહેવામા આવે છે.

**લૂક 8:12**
**માર્ગની કોરે પડેલા તો સાંભળનારા છે; શેતાન આવીને તેઓના મનમાંથી વચન લઈ જાય છે, રખેને તેઓ વિશ્વાસ કરીને તારણ પામે.**

શેતાન નથી ઈચ્છતો કે આપણે વચન પર વિશ્વાસ કરવાની સ્થિતિમાં આવીએ. તેથી, આપણે વચનનું પ્રગટીકરણ પ્રાપ્ત કરીને તેના પર વિશ્વાસ કરીએ તે પહેલા જ શેતાન વચનને આપણી પાસેથી છીનવી લે છે. જોકે, એકવાર આપણે વચનને ગ્રહણ કરીને તેનું પ્રગટીકરણ પ્રાપ્ત કરી લઈએ તો આપણે વચન પર વિશ્વાસ કરી શકીએ છીએ અને આપણાં જીવનોમાં વચનના સામર્થ્યનો અનુભવ પણ કરી શકીએ છીએ.

## પવિત્ર શાસ્ત્ર અને માનવ બુદ્ધિ

**1 કરિંથીઓને પત્ર 2:14**

**સાંસારિક માનસ ઈશ્વરના આત્માની વાતોનો સ્વીકાર કરતું નથી, કેમ કે તે વાતો તેને મૂર્ખતા જેવી લાગે છે; અને તેઓ આધ્યાત્મિક રીતે સમજાય છે, માટે તે તેમને સમજી શકતું નથી.**

આપણે પવિત્ર શાસ્ત્રના વચનનો અર્થ આપણી બુદ્ધિશક્તિથી વાંચીએ અને સમજીએ છીએ. હિબ્રૂ અને ગ્રીક ભાષા તથા પવિત્ર શાસ્ત્ર જે સંદર્ભમાં લખાયું તેની ઐતિહાસિક પુષ્ઠભૂમિનો અભ્યાસ કરવા માટે આપણે આપણી બુદ્ધિશક્તિનો ઉપયોગ કરીએ છીએ. ઈશ્વરે આપણને બુદ્ધિશક્તિ આપી છે કે જેનો આપણે ઉત્તમ ઉપયોગ કરવો જ જોઈએ.

અલબત્ત, સાંસારિક માણસ પોતાના સાંસારિક મન દ્વારા વચનના દિવ્ય સત્યને સમજવા માટે અસમર્થ છે જે ઈશ્વર આપણને પોતાના આત્મા દ્વારા સમજાવવા માંગે છે. આત્મિક વાતો ગ્રહણ કરવા માટે આત્મિક સમજદારી(આત્મિક દ્રષ્ટિ) ની જરૂર છે. અહીંયા માનવ જ્ઞાન અટકી જાય છે અને પવિત્ર આત્માના કાર્યનો આરંભ થાય છે.

**1 કરિંથીઓને પત્ર 2:9-12**

**9 પણ લખેલું છે,**
**"જે વાનાં આંખે જોયાં નથી,**
**અને કાને સાંભળ્યા નથી,**
**જેઓ માણસના મનમાં પ્રવેશ્યાં નથી,**

**જે વાનાં ઈશ્વરે પોતાના પર પ્રેમ કરનારાઓને માટે તૈયાર કર્યાં છે;**
**10 તે તો ઈશ્વરે આત્માથી આપણને પ્રગટ કર્યા છે." કેમ કે આત્મા સર્વને, હા ઈશ્વરના ઊંડા [વિચારો] ને પણ શોધે છે.**
**11 કેમ કે કોઈ માણસની વાતો તે માણસમાં જે આત્મા છે તે સિવાય કયું માણસ જાણે છે? એમ જ ઈશ્વરના આત્મા સિવાય ઈશ્વરની વાતો બીજો કોઈ જાણતો નથી.**
**12 પણ અમે જગતનો આત્મા નહિ, પણ જે આત્મા ઈશ્વર તરફથી છે તે પામ્યા છીએ, જેથી ઈશ્વરે આપણને જે વાનાં આપેલાં છે તે અમે જાણીએ છીએ.**

ઈશ્વર પોતાના પવિત્ર આત્મા દ્વારા આત્મિક સત્ય અને આત્મિક વાસ્તવિકતાઓ આપણી સમક્ષ પ્રગટ કરે છે (ખુલ્લી કરે છે, તેનાં પરથી ઢાંકણ હટાવી દે છે). તેથી ઈશ્વરે જે વાનાં આપણને મફત આપ્યા છે તેને જાણવા (સમજવા, તે માટે નિશ્ચિંત રહેવા, જોવા, તેમાં લાગુ રહેવા) આપણે સક્ષમ બનીએ છીએ.

પવિત્ર આત્મા પ્રગટીકરણનો આત્મા છે. પવિત્ર આત્મા આપણને પવિત્ર શાસ્ત્રમાં રહેલા દિવ્ય સત્યને જોવા અને જાણવા માટે સહાય કરે છે. જૂના સમયના માણસો દ્વારા લખાયેલા, અને ઈશ્વર દ્વારા વ્યક્ત થયેલા મૂળભૂત વિચારોના અર્થની પેલે પર જવામાં પવિત્ર આત્મા આપણને મદદ કરે છે. ઈશ્વર કહે છે, *"જેમ આકાશો પૃથ્વીથી ઊંચા છે, તેમ મારા માર્ગો તમારા માર્ગોથી, ને મારા વિચારો તમારા વિચારોથી ઊંચા છે."* (યશાયા 55:9)

પ્રગટીકરણ બુદ્ધિની સમજણથી આત્મિક સમજણ તરફ દોરી લઈ જાય છે. પ્રગટીકરણ દ્વારા જ આપણે ઈશ્વરના વિચારો ગ્રહણ કરીએ છીએ. આપણે આત્મિક સમજણ કેળવી શકીએ છીએ. જ્યારે કોઈ વ્યક્તિ આત્મિક સત્યનું પ્રગટીકરણ (વચનની આત્મિક સમજણ) પ્રાપ્ત કરતી નથી ત્યારે, ઈસુ કહે છે તેમ, *"...ત્યારે શેતાન આવીને તેના મનમાં જે વાવેલું છે તે છીનવી લઈ જાય છે;"* (માથ્થી 13:19)

## પ્રગટીકરણ માટેની પ્રાર્થના

**એફેસીઓને પત્ર 1:17-19**

**17 આપણા પ્રભુ ઈસુ ખ્રિસ્તના ઈશ્વર, મહિમાવાન પિતા, પોતાને વિષેના જ્ઞાનને માટે બુદ્ધિનો તથા પ્રકટીકરણનો આત્મા તમને આપે.**

**18 અને તમારાં જ્ઞાનચક્ષુ પ્રકાશિત થાય કે, જેથી તેમના નોતરાની આશા શી છે, પવિત્રોમાં તેમનાં વારસાના મહિમાની સંપત્તિ શી છે,**

**19 અને તેમની મહાન શક્તિના સામર્થ્ય પ્રમાણે આપણ વિશ્વાસ કરનારાઓમાં તેમની શક્તિનું મહત્ત્વ શું છે, તે તમે જાણો.**

એફેસસમાં વિશ્વાસીઓ માટેની પ્રેરિત પાઉલની પ્રાર્થનામાં, પાઉલ વિશેષ કરીને તેઓના જ્ઞાન અને ડહાપણ (પ્રકાશ) તથા પ્રગટીકરણના આત્મા માટે માંગણી કરે છે કે જેથી તેઓ ઈશ્વરને જાણે, ઈશ્વરના તેડાના હેતુને સમજે, ઈશ્વરે પોતાના લોકો માટે રાખી મૂકેલા વારસાના ગૌરવને જાણે તથા પોતાના લોકો માટે રચેલા ઈશ્વરના સામર્થ્યની મહાનતાને જાણે. તેથી, આ પ્રકારના આત્મિક સત્યનું જ્ઞાન અને સમજણ પવિત્ર આત્માના પ્રગટીકરણ અને રોશની દ્વારા જ આવે છે. પવિત્ર આત્મા આપણાં જ્ઞાનચક્ષુઓને પ્રકાશિત કરે છે કે જેથી આપણે આત્મિક સત્યને જાણી શકીએ.

જ્યારે પ્રગટીકરણની પ્રક્રિયા દ્વારા આપણે આત્મિક જ્ઞાન પ્રાપ્ત કરીએ છીએ ત્યારે આપણે પ્રાકૃતિક જ્ઞાનથી આત્મિક જ્ઞાન તરફ પ્રયાણ કરીને છીએ. પ્રાકૃતિક જ્ઞાન કે મસ્તકના જ્ઞાન કે હૃદયના જ્ઞાન અને આત્મિક જ્ઞાન વચ્ચે આ પ્રકારનો તફાવત છે. જ્યારે આપણે આપણાં હૃદય(આત્મા)માં કશુંક જાણીએ છીએ, ત્યારે તેનો અર્થ એવો થાય છે કે આપણું હૃદય જ્ઞાન પ્રાપ્ત કરવા માટે પ્રકાશિત થયું છે. તેથી, આપણે તેને ઊંડાણથી જાણીએ છીએ અને વિશ્વાસ કરીએ છીએ. આત્મિક સત્યને આપણે ગળે લગાવીએ છીએ, તેનાં પર વિશ્વાસ કરીએ છીએ, તે પ્રમાણે જીવીએ છીએ અને અને તેનો અનુભવ પણ કરીએ છીએ.

તેથી, જ્યારે આપણે વચન વાંચીએ કે સાંભળીએ ત્યારે

આપણે આત્મિક સત્યના પ્રગટીકરણ અને સમજણ માટે અવશ્ય પ્રાર્થના કરવી જોઈએ. જ્યારે આપણે વચનનું પ્રગટીકરણ પ્રાપ્ત કરીએ છે તેનાં પર વિશ્વાસ કરીએ છીએ ત્યારે શેતાન તેને આપણાંથી છીનવી શકતો નથી. આપણે તેને જોઈએ છીએ. આપણે તેના પર વિશ્વાસ કરીએ છીએ. હવે તે વચનો આપણાં પોતાના બની જાય છે!

# 9
# કાપણી ના અવરોધકો: વચનનો વિરોધ

**માથ્થી 13:20,21**
**20 અને પથ્થરવાળી જમીન પર જે બી વાવેલું તે એ છે કે, તે વચન સાંભળીને તરત હર્ષથી તેને માની લે છે.**
**21 તોપણ તેના પોતામાં જડ નહિ હોવાથી તે થોડી જ વાર ટકે છે, અને જ્યારે વચનને લીધે વિપત્તિ અથવા સતાવણી આવે છે, ત્યારે તરત તે ઠોકર ખાય છે.**

**માર્ક 4:16,17**
**16 અને એમ જ જેઓ પથ્થરવાળી જમીનમાં વવાયેલાં તેઓ એ છે કે, જેઓ વચન સાંભળીને તરત હર્ખથી તે માની લે છે.**
**17 અને તેમના પોતામાં જડ હોતી નથી, પણ તેઓ થોડી વાર ટકે છે. પછી વચનને લીધે દુ:ખ અથવા સતાવણી થાય છે ત્યારે તેઓ તરત ઠોકર ખાય છે.**

**લૂક 8:13**
**પથ્થર પર પડેલાં તો એ છે કે, જેઓ વચન સાંભળીને હર્ષથી તેને માની લે છે, પણ તેઓને મૂળ ન હોવાથી તેઓ થોડીવાર સુધી વિશ્વાસ કરે છે, અને પરીક્ષણની વેળાએ પાછા હઠી જાય છે.**

બીને ફળ આપતું રોકવા માટે જે પરિબળ કામ કરે છે તેની તરફ પ્રભુ ઈસુએ જે ધ્યાન દોર્યું છે તેની હવે આપણે તપાસ કરીએ. બીમાં કોઈ ખામી નથી હોતી. બી તો ઈશ્વરનું વચન છે તેથી તે ક્ષતિરહિત અને શુદ્ધ છે. પરંતુ બહારના પરિબળો વચનરૂપી બીને ફળ પેદા કરતાં રોકે છે.

કાપણીને અવરોધતા બાહ્ય પરિબળોનો એક સમૂહ કે જેના વિષે પ્રભુ ઈસુ કહે છે તે વચનને લીધે થતી સતાવણી અને પરીક્ષણનો સમય.

## વચનના વિરોધમાં અડીખમ ઊભા રહો

જ્યારે આપણે ઈશ્વરના વચન સાંભળીએ અને ગ્રહણ કરીએ છીએ ત્યારે વિપત્તિઓ (મુશ્કેલીઓ, દબાણ), સતાવણી (માનવીય વિરોધ) અને પરીક્ષણ (મુશ્કેલીઓ, પાપની પ્રેરણા) વચનને લીધે આવે છે. આ અવરોધો ઘણીવાર એવા ક્ષેત્રોમાં હોય છે જ્યાં આપણે વચન સાંભળીએ છીએ અને ગ્રહણ કરીએ છીએ. ક્યારેક, શેતાનનું પરીક્ષણ શંકા કરવા પ્રેરે છે, સવાલો ઊભા કરીને અને વચનના સત્યને તર્કસંગત બનાવીને ભય અને અવિશ્વાસ પેદા કરે છે. વિરોધના પ્રકાર કે સ્રોત ભલે ગમે તે હોય, જેમ કે મુશ્કેલી, સતાવણી કે પરીક્ષણ, આપણે જે વચનો પ્રાપ્ત કર્યા છે તેનાં પર વિશ્વાસ કરીને અડીખમ ઊભા રહેવું પડશે. આપણે વચનને દ્રઢતાથી વળગી રહેવું પડશે અને આપણાં હ્રદયોમાં તેને ઊંડે સુધી મૂળિયાં નાંખવા દેવા પડશે ત્યારે જ તે વચન આપણાં જીવનોમાં ફળ પેદા કરશે.

દાખલા તરીકે, દિવ્ય સાજાપણાં અંગે આપણે વચન સાંભળીએ છીએ. દિવ્ય સાજાપણાંનું પ્રગટીકરણ આપણને આનંદ અને અતિ ઉત્સાહથી ભરી દે છે. ત્યારબાદ તરત જ, આપણે કોઈ બીમારીના ભોગ બનીએ છીએ. આપણે શું કરીશું? શું આપણે એવી દલીલ કરીને દિવ્ય સાજાપણાંના એ વચનને નકારી દઇશું કે, “એ વચન તો દરેકને માટે ન હતું,” કે “એ દિવ્ય સાજાપણાંની એ વાતો તો શરૂઆતની મંડળીમાં જ શક્ય હતું અને આજે તે શક્ય નથી”? કે એવી કોઈ બીજી દલીલ કરીશું? કે આપણે ઈરાદાપૂવક તે વચન તરફ પાછા વળીને, તેને ફરીથી વાંચીશું, સાંભળીશુ, તેના પર મનન કરીને આપણાં આત્માને તે વચન દ્વારા ભરી દઈને દિવ્ય સાજાપણાંની વાટ જોઈશું? અહીં આપણે જેમ ઉપરના વાક્યના પાછળના ભાગમાં લખેલું છે તે પ્રમાણે કરવું અતિ મહત્વનુ છે કે જેથી સાજાપણાં અંગેના સાંભળેલ વચન આપણામાં વધુ ઊંડાઈથી કાર્ય કરે.

## વચનને તમારામાં ઊંડા મૂળ નાખવા દો

આપણે અતિ આનંદ, ઉત્સાહ અને ઉમંગથી વચન ગ્રહણ કરતાં હોઈશું. જોકે, તેનો સાચો સ્વાદ તો ત્યારે જ ચાખવા મળે જે સમયની સાથે ટકી રહે કે જેથી વચન આપણામાં *"ઊંડા મૂળ"* નાખી શકે, આપણાં હ્રદયમાં ઊંડે સુધી ઉતરી શકે અને હ્રદયમાં મજબૂતાઈથી પકડ રાખે. જો વચનના મૂળ આપણામાં ઊંડે સુધી ઉતરતા નથી તો આપણે ઠોકર ખાઈને (નિરાશ થઈને, દુઃખી થઈને) વચનથી દૂર થઈ જઈએ છીએ.

વચન આપણામાં તેના મૂળ ઊંડે સુધી નાખે તે માટે આપણે વચનથી સતત પોતાને ભરતા રહેવાની જરૂર છે અને વચન અંગેના આપણાં પ્રગટીકરણને વધુ મજબૂત કરવું પડશે. જ્યારે સમય અનુકૂળ હોય અને વિરોધ થવાની કોઈ શક્યતાઓ ન હોય ત્યારે જ આપણે આ પ્રમાણે કરવું પડશે. સામાન્ય રીતે, કોઈ સંદેશો કે વચન વારંવાર સાંભળીએ છીએ ત્યારે તેના તરફથી મોં ફેરવી લેવાની આપણી માનસિકતા હોય છે. પરંતુ આપણે વચનને સાંભળવાની અને વારંવાર સાંભળવાની જરૂર છે કે જેથી આપણે આપણાં હ્રદયમાં તેના મૂળ ઊંડે સુધી નાખી શકીએ અને જ્યારે સતાવણીનો કે વિરોધનો સમય આવે ત્યારે તે વચન માટે આપણે અડગ ઊભા રહી શકીએ. હિબ્રૂઓને પત્ર 2:1 પ્રમાણે, *"તેથી જે વાતો આપણા સાંભળવામાં આવી, તે ઉપર આપણે વધારે કાળજીપૂર્વક લક્ષ રાખવું જોઈએ. રખેને આપણે [તેનાથી દૂર] ખેંચાઇ જઈએ."*

તમને જે સત્ય અને પ્રગટીકરણ પ્રાપ્ત થયું છે તે દ્વારા તમારા આત્માને સતત ભરતા રહો કે જેથી તે તમારામાં ઊંડા મૂળ નાખે. આનાથી એ સુનિશ્ચિત થશે કે મુશ્કેલ સમયોમાં તમે અડગ ઊભા રહી શકશો.

# 10
# કાપણી ના અવરોધકો: કાંટા જે વચનને ગૂંગળાવે છે

**માથ્થી 13:22**
**અને કાંટાનાં જાળાંમાં જે બી વાવેલું તે એ છે કે, તે વચન સાંભળે છે, પણ આ જગતની ચિંતા તથા દ્રવ્યની માયા વચનને દાબી નાખે છે, ને તે નિષ્ફળ થઈ જાય છે.**

**માર્ક 4:18,19**
**18 અને બીજાં જે કાંટાઓમાં વવાયેલાં છે તે એ છે કે જેઓએ વચન સાંભળ્યું!**
**19 પણ આ કાળની ચિંતાઓ તથા દોલતનો આનંદ તથા બીજી વસ્તુઓનો લોભ તેઓમાં પ્રવેશ પામીને વાતને દાબી નાખે છે, ને તે નિષ્ફળ થાય છે.**

**લૂક 8:14**
**જે કાંટાઓમાં પડ્યાં તે એ છે કે, જેઓએ વચન સાંભળ્યું અને પોતાને માર્ગે ચાલતાં ચાલતાં સંસારની ચિંતા, દ્રવ્ય તથા વિલાસથી દબાઈ જાય છે, અને તેઓને પાકું ફળ આવતું નથી.**

ફસલના અવરોધકોમાં બીજા અવરોધ જે છે તે કાંટાઓ કે જે વચનને દાબી દે છે તે અંગે પ્રભુ ઈસુ ઈશારો કરે છે. કાંટાઓ એટલે આ જગતની ચિંતાઓ, દ્રવ્યની લાલસા, અને બીજી બાબતોનો લોભ તથા વિલાસ દર્શાવે છે. આ બધી બાબતોની એક સામાન્ય અસર વિક્ષેપ છે. આ બાબતો વિક્ષેપ દ્વારા બીજી બાબતો તરફ આપણું ધ્યાન ભટકાવીને આપણને વચનથી દૂર રાખે છે. તેથી, આ બાબતો કાંટાની જેમ કાર્ય કરીને કુમળા છોડને પૂરતા પ્રકાશ, પાણી અને પોષણ મળતા અટકાવે છે અને આ રીતે ધીરે ધીરે તેનો નાશ કરે છે. આજ પ્રમાણે આપણી સાથે પણ બને છે. આપણે વિચલિત જઈને બીજી બાબતોથી પોતાને ઘેરાઈ દેવા જઈએ છીએ અને આપણાં હૃદયોમાં વચનનું રક્ષણ કરવામાં અને પોષણ આપવામાં બેદરકાર બનીએ છીએ. ધીમે

ધીમે વચન આપણામાં બીનઉત્પાદક બની જાય છે.

## વચનને દબાવી દેતા કાંટાઓ સામે પોતાને સુરક્ષિત રાખો

આ જગતની ચિંતાઓ, દ્રવ્યની લાલસા, બીજી બાબતોનો લોભ અને જીવનના વિલાસ અને વૈભવથી આપણે આપણાં હ્રદયોનું રક્ષણ કરવું પડશે. આપણ દરેકને ચિંતાઓ (જવાબદારીઓ જે આપણે પરિપૂર્ણ કરવી પડે છે), દ્રવ્યની લાલસા (નાણાં, ધન, સંપત્તિ), અને બીજી બાબતોમાં રસ તથા યોગ્ય આનંદ (સારી વસ્તુઓનો) માણવાની ઈચ્છા છે, પરંતુ આપણે એ સુનિશ્ચિત કરવું પડશે કે આ બધી બાબતો આપણાં હ્રદયને ઈશ્વર અને ઈશ્વરના વચનથી દૂર ખેંચી ન જાય.

અત્રે કાંટાઓથી રક્ષણ મેળવવાના કેટલાક વ્યવહારુ ઉપાયો છે.

1) ઈશ્વર અને ઈશ્વરના વચન પ્રતિ તમારા પ્રેમની પુષ્ટિ કરો.

2) તમારા પોતાનાં હ્રદયની રક્ષા કરો.

## *ઈશ્વર અને ઈશ્વરના વચન પ્રતિ તમારા પ્રેમની પુષ્ટિ કરો*

જેમ ગીતકર્તા, ગીતશાસ્ત્રના 119માં અધ્યાયમાં ઈશ્વર અને ઈશ્વરના વચનો પ્રતિ આપણાં પ્રેમ અને જુસ્સાની પુષ્ટિ કરે છે તે ખરેખર અદભૂત છે.

અહીં ગીતશાસ્ત્ર 119મા અધ્યાયમાથી કેટલાક વચનો પસંદ કરવામાં આવ્યા છે જે આપણને શીખવે છે કે ઈશ્વરના વચન પ્રતિ આપણો પ્રેમ કેવી રીતે પ્રગટ કરીએ.

**ગીતશાસ્ત્ર 119:16,36,37,47,72,97,127,162**

**16 તમારા વિધિઓ [પાળવા] માં મને આનંદ થશે; હું તમારું વચન વીસરીશ નહિ.**

**36 લોભ તરફ નહિ, પણ તમારાં સાક્ષ્યો તરફ મારું મન વાળો.**

**37 વ્યર્થતામાંથી મારી દષ્ટિ ફેરવો; તમારા માર્ગ વિષે મને આતુર કરો.**

**47 તમારી આજ્ઞાઓમાં હું આનંદ પામીશ; તેઓ પર મેં પ્રેમ કર્યો છે.**

**72 હજારો સોનારૂપા કરતાં તમારા મુખનો નિયમ મારે માટે વધારે મૂલ્યવાન છે.**

**97 હું તમારા નિયમ પર કેટલો બધો પ્રેમ રાખું છું! આખો દિવસ તેનું જ મનન કરું છું.**
**127 તેથી હું સોના કરતાં, ચોખ્ખા સોના કરતાં પણ તમારી આજ્ઞાઓ પર વધારે પ્રેમ રાખું છું.**
**162 મોટી લૂંટ મેળવનારની જેમ તમારા વચનથી મને આનંદ થાય છે.**

## *તમારા હૃદયની રક્ષા કરો*

આપણે આપણાં હૃદયોની લાગણીઓ અને જુસ્સા પર સતત નજર રાખવી પડશે. આપણે એ બાબતનું ધ્યાન રાખવું પડશે કે આપણો રસ કઈ બાબતોમાં છે અને તે શું છે. જ્યારે આપણને લાગે કે આપણે વિચલિત થઈ રહ્યા છીએ અને આપણે આપણાં પ્રથમ પ્રેમથી દૂર જઇ રહ્યા છીએ ત્યારે આપણે કબૂલ કરીને ઈશ્વરને આજીજી કરવી જોઈએ કે તેઓ આપણાં હૃદયોને તેઓની તરફ ફેરવે અને આપણને સાચા માર્ગે દોરે. આપણે સુનિશ્ચિત કરીએ કે આપણે ઈરાદાપૂર્વક અને વ્યવહારુ રીતે આપણાં જીવનોમાં ઈશ્વરને પ્રથમ સ્થાન આપીએ અને તેઓનું માર્ગદર્શન મેળવીએ (માથ્થી 6:33). વચનમાં, પ્રાર્થનામાં અને આરાધનામાં ઈશ્વરની સમક્ષતામાં ઈશ્વરની સાથે સમય ગાળવા માટે સમય અને સ્થાન નિશ્ચિત કરો. *"... જો ધન વધે, તો તે પર મન લગાડો નહિ"* (ગીતશાસ્ત્ર 62:10).

# 11
# ત્રણ ચાવીઓ: સમજો, મેળવો, જાળવી રાખો

પ્રભુ ઈસુએ આપણને પ્રગટ કર્યું છે કે આપણાં જીવનોમાં કઈ બાબતો વચનના બીને ફળ આપતી કરે છે. ત્રણ સુવાર્તાઓમાં આ અંગેની નોંધને જોતાં, જ્યારે આપણે વચનને સમજીએ (માથ્થી 13:23), ગ્રહણ કરીએ (માર્ક 4:20) અને આપણાં હ્રદયોમાં તેની જાળવણી કરીએ (લૂક 8:15), ત્યારે આપણાં જીવનોમાં ફળ જોઈ શકીએ છીએ.

## સમજો

**માથ્થી 13:23**
**અને સારી જમીન પર જે બી વાવેલું તે એ છે કે, તે વચન સાંભળે છે, સમજે છે, ને તેને નક્કી ફળ લાગે છે, એટલે કોઈને સોગણાં, તો કોઈને સાઠગણાં, અને કોઈને ત્રીસગણાં લાગે છે.**

પ્રગટીકરણની પ્રાપ્તિ અને આત્મિક સત્યની સમજણના મહત્વ વિષે આપણે અગાઉના પ્રકરણમાં અભ્યાસ કર્યો છે. આપણાં હ્રદયોમાં આત્મિક સત્યની સમજણનું પ્રગટીકરણ ઉત્તરોત્તર વધતું જાય છે. પવિત્ર આત્મા જેમ વધુ ને વધુ પ્રકાશ પાડે છે તેમ આપણે આત્મિક સત્યની સમજણ ઉત્તરોત્તર વધવી જોઈએ છીએ. ઈશ્વરનું વચન જે આપણને આપવામાં આવ્યું છે તેનું પ્રગટીકરણ વિવિધ ક્ષેત્રોમાં પ્રાપ્ત કરવાનું આપણે સતત ચાલુ જ રાખવું પડશે. આપણે સતત ઈશ્વરના જ્ઞાનને આપણામાં વધારતા જવાનું છે (કલોસીઓને પત્ર 1:10), ઈશ્વરના જ્ઞાન અને કૃપામાં સતત વૃદ્ધિ પામતા જવાનું છે (2 પિતરનો પત્ર 3:18), આપણાં જ્ઞાનમા નવીનીકરણ પામવાનું છે (કલોસીઓને પત્ર 3:10), ખ્રિસ્તના પ્રેમને સમજવાનો અને જાણવાનો છે (એફેસીઓને પત્ર 3:18,19), અને ઈશ્વરના દીકરાના જ્ઞાનની

સમજણ પ્રાપ્ત કરવાની છે (એફેસીઓને પત્ર 4:13). આપણાં ઈશ્વરના પ્રગટીકરણમાં, તેમના હેતુઓમાં, તેમણે જે ખજાનો આપણે માટે રાખી મૂક્યો છે તેમાં, અને ઈશ્વર આપણને જે સામર્થ્ય આપવા માંગે છે તેમાં સતત વૃદ્ધિ પામતા જવાનું છે.

તેથી, ઈશ્વરના વચન સાંભળવાનું ચાલુ જ રાખો. વચનનું મનન કરવાનું ચાલુ જ રાખો. પવિત્ર શાસ્ત્રનો અભ્યાસ કરવાનું ચાલુ જ રાખો. ખ્રિસ્તી વિશ્વાસ અને ખ્રિસ્તી જીવનયાત્રાના દરેક ક્ષેત્રોમાં નવી દ્રષ્ટિ પ્રાપ્ત કરવાનું અને પ્રગટીકરણ મેળવવાનું સતત ચાલુ જ રાખો. ગીતકર્તાની માફક આપણે સતત પ્રાર્થના કરીએ કે, *"તમારા નિયમશાસ્ત્રમાંની આશ્ચર્યકારક વાતોનું અવલોકન કરવા માટે મારી આંખો ઉઘાડ"* (ગીતશાસ્ત્ર 119:18).

## પ્રાપ્ત કરો

**માર્ક 4:20**

**અને જેઓ સારી જમીનમાં વવાયેલાં તેઓ એ છે કે, જેઓ વચન સાંભળે છે ને તેને ગ્રહણ કરે છે, ને ત્રીસગણાં તથા સાઠગણાં તથા સોગણાં ફળ આપે છે.**

આપણે વચનને ગ્રહણ કરવું પડશે, સ્વીકારવું પડશે અને તેને આત્મસાત કરવું પડશે એટલે આપણે વચન પર હૃદયથી વિશ્વાસ કરવો પડશે. આપણાં જીવનમાં અને હ્રદયમાં વચન તેનું કાર્ય કરે તે માટે આપણે આપણાં પૂર્ણ હ્રદયથી વચન પર વિશ્વાસ કરવો પડશે. હિબ્રૂઓને પત્ર 4:2 પ્રમાણે આપણને જે કહેવામા આવ્યું છે તે નોંધવું રસપ્રદ છે, *"કેમ કે જેમ તેઓને તેમ આપણને પણ સુવાર્તા પ્રગટ કરવામાં આવેલી છે. પણ સાંભળેલી વાત તેઓને લાભકારક થઈ નહિ, કેમ કે જેઓએ [ધ્યાન દઈને] સાંભળ્યું તેઓની સાથે તેઓ વિશ્વાસમાં એક થયા નહિ."* જ્યારે આપણે વચનને વિશ્વાસ સાથે એકરૂપ કરવામાં નિષ્ફળ જઈએ છીએ, ત્યારે વચન આપણને લાભકારક કે ફાયદારૂપ થતાં નથી. બીજી બાજુ, જ્યારે આપણે વચન પર વિશ્વાસ કરીએ છીએ ત્યારે આપણે તેને ફળ આપતું જોઈ છીએ અને આપણાં જીવનોમાં લાભકારક થાય છે. *"જેણે વિશ્વાસ કર્યો*

*તેને ધન્ય છે, કેમ કે પ્રભુ તરફથી જે વાતો તેને કહેવામા આવી છે તેઓ પૂરી થશે"* (લૂક 1:45).

જેમ આપણે અગાઉ ઉલ્લેખ કર્યો છે તે મુજબ, શેતાન અને તેનું આધિપત્ય શંકા, અવિશ્વાસ, ભય, વેગેરે દ્વારા આપણને વચન ઉપર વિશ્વાસ કરતાં રોકવા માટે તમામ પ્રયત્નો કરશે. પરંતુ આપણે વિશ્વાસમાં મજબૂત રહેવાનુ છે. વચન પર વિશ્વાસ કરવાનું ચાલુ રાખો. ઈશ્વરના વચન સત્ય છે (યોહાન 17:17).

## જાળવી રાખો

**લૂક 8:15**
**સારી જમીનમાં પડેલાં એ છે કે, જેઓ સાંભળીને ચોખ્ખા તથા રૂડા દિલથી વચન ગ્રહણ કરે છે, ને ધીરજથી ફળ આપે છે.**

ઉપરની કલમમાં "ગ્રહણ કરવું" શબ્દ માટે, ગ્રીક ભાષામાં મજબૂત રીતે પકડી રાખવું, જાળવી રાખવું, તેમાં જ ટકી રહેવું, ચોંટી રહેવું કે ચીપકી રહેવું અર્થ થાય છે. તેથી, સખત પ્રયત્નો સાથે ગમે તેવા સમય અને સંજોગોમાં પણ આપણે વચનને મજબૂત રીતે પકડી રાખવું પડશે. આ જ વચન આપણાં જીવનોમાં ફળ આપશે.

જો આપણે ઇચ્છતા હોઈએ કે વચન આપણાં જીવનોમાં વધુ સારું ફળ આપે તો આ ત્રણ ચાવી-વચનને સમજવું, વચનને ગ્રહણ કરવું અને અને વચનને જાળવી રાખવું-ખૂબ મહત્વની છે. શરૂઆતમાં જ્યારે આપણે વચનનું મનન કરીએ છીએ અને તેને ગ્રહણ કરીએ છીએ ત્યારે તે નાના ફળ આપે છે (ત્રીસગણાં). આપણે આ કદના ફળ સાથે વળગી રહીને વચનમાં લાગુ રહેવું પડશે. આપણે વચનના પ્રકટીકરણમાં, વિશ્વાસમાં અને જાળવણીમાં લાગુ રહીએ. ખૂબ ઝડપથી, આપણે મોટા કદવાળા ફળ પ્રાપ્ત કરી શકીશું, જેમ કે સાઠગણાં, સોગણાં ફળ.

## વચન દ્વારા જીવન જીવતા રહો

**યાકૂબનો પત્ર 1:22,25**

**[22] પણ તમે વચનના પાળનારા થાઓ, પોતાને છેતરીને માત્ર સાંભળનારા જ નહિ.**

**[25] પણ જે છૂટાપણાના સંપૂર્ણ નિયમમાં નિહાળીને જુએ છે, અને તેમાં રહે છે, જે સાંભળીને ભૂલી જનાર નહિ, પણ કામ કરનાર થાય છે, તે જ માણસ પોતાના વ્યવહારમાં ધન્ય હશે.**

છેવટે, વચનના પ્રગટીકરણ પ્રાપ્ત કરવાનો હેતુ એ છે કે આપણું અંતર નવીનીકરણ પામે અને આપણી જીવનશૈલી રૂપાંતરિત થાય (રોમનોને પત્ર 12:2). જે આત્મિક સત્ય આપણને પ્રગટ કરવામાં આવ્યું છે તેનાથી આપણી વિચારસરણી પર અસર થવી જ જોઈએ. આપણાં વિચારોની ઢબ, આપણી તાર્કિક દલીલો, આપણી સમજણ આત્મિક સત્યના પ્રગટીકરણથી પ્રભાવિત થવી જોઈએ અને તે મુજબ ચાલવી જોઈએ. આ પ્રક્રિયાને “મનનું નવીનીકરણ” કહે છે. જ્યારે આ પ્રમાણે થાય છે ત્યારે આપણે સતત ઈશ્વરના વચનના પ્રગટીકરણના પ્રકાશમાં ચાલીએ છીએ. આપણને જે પ્રાપ્ત થયું છે તે વચન પ્રમાણે આપણે કાર્ય કરનારા અને સત્ય દ્વારા જીવનારા બનવું પડશે. જ્યારે આપણે વચન મુજબ જીવીએ છીએ ત્યારે વચનની ખાતરી મુજબ આશીર્વાદોના હકદાર બનીએ છીએ.

પવિત્ર શાસ્ત્રના વચનો આપણને આપવા અંગેનો ઈશ્વરનો ઇરાદો એ છે કે આપણે સતત તે પ્રમાણે જીવીએ. ઈશ્વરના વચનોના મર્મો સમજવામાં મદદ કરવા માટે ઈશ્વરે તેમનો પવિત્ર આત્મા આપ્યો છે. અલબત્ત, વચનની ખાતરી મુજબના આશીર્વાદોનો અનુભવ કરવા માટે માત્ર વચનનું પ્રગટીકરણ જ પૂરતું નથી. ઈશ્વરે જે ખાતરી આપી છે તેની મહાનતામાં જીવવા માટે વ્યક્તિએ પ્રાપ્ત કરેલા પ્રગટીકરણને સતત કાર્યમાં રૂપાંતરિત કરવું પડે છે.

અમે તમને પડકાર આપવા માંગીએ છીએ તે કે પવિત્ર શાસ્ત્રની સમજણ પ્રાપ્ત કરવા માટે તમારે પવિત્ર આત્મા પર

આધાર રાખવો જોઈશે. ત્યારબાદ, તમને જે પ્રગટીકરણ પ્રાપ્ત થાય છે તે મુજબ તમારા મનને નવીનીકરણ પામવા દો. અને ત્યારબાદ, તમારા દૈનિક જીવનોમાં પ્રગટીકરણને શિસ્તબદ્ધ કાર્યમાં રૂપાંતરિત કરો. ત્યારપછી પવિત્ર શાસ્ત્ર કહે છે તેમ તમે એ વ્યક્તિ બનશો કે તે જે કઈ કરે છે તે સફળ થાય છે.

## સ્થિર રહેતું વચન

વચન આપણામાં રહે અને આપણે વચનમાં"રહીએ"તેના મહત્વનો ઉલ્લેખ પ્રેરિત યોહાન આપણે માટે નોંધે છે."સ્થિર રહેવું એટલે સામાન્ય રીતે વસવું, સ્થાયી થવું, રાખવું કે તેમાં સતત લાગુ રહેવું."સમયની સાથે સતત વચનને વળગી રહેવું અને વચનને દ્રઢતા પકડી રાખવું. ઈસુએ આપણને શીખવ્યું છે કે જ્યારે આપણે તેમના વચનોને વળગી રહીએ તે અભિવ્યક્તિ છે કે આપણે તેમના શિષ્યો છીએ. આમ કરવાથી આપણે સત્યમાં દોરવાઈએ છીએ જે આપણને છુટકારો અપાવે છે અને આપણું બદલાણ કરે છે (યોહાન 8:31,32). ઈશ્વરના વચનમાં રહેવું એ ઈશ્વર પ્રત્યેના આપણાં પ્રેમની અભિવ્યક્તિ છે. જે ઈશ્વરના વચન પાળે છે તે વ્યક્તિને ઈશ્વર પોતે પોતાની જાતને વધુ પ્રગટ કરે છે. જ્યારે આપણે ઈશ્વરના વચનમાં સતત રહીએ છીએ ત્યારે આપણે ઈશ્વરની સમક્ષતાનો અનુભવ કરીએ છીએ (યોહાન 14:21,23). આપણે ઈશ્વરના વચનમાં રહીએ અને તે વચન આપણામાં રહે તે આપણી પ્રાર્થનાઓનો ઉત્તર છે. ઈસુએ કહ્યું છે કે, *"જો તમે મારામાં રહો, અને મારાં વચન તમારામાં રહે, તો જે કંઈ તમે ચાહો તે માગો, એટલે તે તમને મળશે."* (યોહાન 15:7). અગાઉ અમે જણાવ્યુ તેમ, ઈશ્વરના વચનમાં રહેવા થકી જ શેતાન સામે આપણે વિજયવંત જીવન જીવીએ છીએ. *"પિતાઓ, મેં તમને લખ્યું છે, કારણ કે જે આરંભથી હતા તેમને તમે ઓળખો છો. જુવાનો, મેં તમને લખ્યું છે, કારણ કે તમે બળવાન છો, અને ઈશ્વરનું વચન તમારામાં રહે છે, ને તમે દુષ્ટને જીત્યો છે."* (1 યોહાનનો પત્ર 2:14)

## તમે ઈશ્વરની વાડી છો

અંતમાં, આપણે દરેક વ્યક્તિ, આપણી પોતાની જાતોને ઈશ્વરની વાડી સમાન દ્રશ્યમાન કરીએ. ઈશ્વરે આપણને તેમના શબ્દ-ચમત્કારિક બી-આપ્યાં છે જે બી આપણાં હ્રદયોમાં અને જીવનોમાં વવાય તેવી ઈશ્વરની ઈચ્છા છે. ઘણાબધાં બી છે જેમ કે આશીર્વાદ, વિજય, સાજાપણું, સમૃદ્ધિ, શાંતિ, પ્રેમ, પવિત્રતા, શુદ્ધતા, સામર્થ્ય અને બીજા અનેક જે બધાં આપણાં જીવનોમાં ફળ પેદા કરી શકે છે. આપણે આપણાં હ્રદયોમાં અને જીવનોમાં ઈશ્વરના શબ્દ વાવવાની શિસ્તતા કેળવીએ. ઈશ્વરના શબ્દના સામર્થ્ય થકી ઈશ્વર આપણાં જીવનોમાં તેમના પ્રયોજનો અને આનંદ ભરી દો.

# 12
# વચન બીજ

આ એ જ વિષયો અને થીમ અંગેનો પવિત્ર શાસ્ત્રના વચનોનો સંગ્રહ છે. તમને જેની અગત્યતા લાગે તેવા વિષયો અને થીમ અંગેના પવિત્ર શાસ્ત્રના વચનો તમે તેમાં ઉમેરી શકો છો કે ગોઠવી શકો છો. જ્યારે જરૂરિયાત અનુભવાય ત્યારે ત્વરિત સંદર્ભ તરીકે તમે આનો ઉપયોગ કરી કરશો. વારંવાર ઈશ્વરના વચનનું મનન કરો.

## સ્વર્ગદુતોનું રક્ષણ

•ગીતશાસ્ત્ર 34:7; ગીતશાસ્ત્ર 91:11,12; ગીતશાસ્ત્ર 103:20 •દાનિયેલ 6:22 •માથ્થી 18:10 •લૂક 22:41-43 •પ્રેરિતોનાં કૃત્યો 5:19,20; પ્રેરિતોનાં કૃત્યો 8:26; પ્રેરિતોનાં કૃત્યો 12:7-11; પ્રેરિતોનાં કૃત્યો 27:23,24 • હિબ્રૂઓને પત્ર 1:14

## અભિષેક

•નિર્ગમન 30:25-33 •1 શમુએલ 24:6 •1 કાળવૃત્તાંત 16:21,22 •ગીતશાસ્ત્ર 28:8; ગીતશાસ્ત્ર 45:7; ગીતશાસ્ત્ર 92:10 •યશાયા 10:27;યશાયા 61:1-3•મીખાહ 3:8•ઝખાર્યા 4:6,7 •માથ્થી 12:28 •લૂક 1:35;લૂક 4:14,18,19 લૂક 5:17; લૂક 6:19; લૂક 8:43-48; લૂક 24:49 •યોહાન 7:37-39 •પ્રેરિતોનાં કૃત્યો 1:8; પ્રેરિતોનાં કૃત્યો 4:33; પ્રેરિતોનાં કૃત્યો 5:12-16; પ્રેરિતોનાં કૃત્યો 6:8; પ્રેરિતોનાં કૃત્યો 10:38 •રોમનોને પત્ર 1:3,4; રોમનોને પત્ર 15:13,18,19 •1 કરિન્થીઓને પત્ર 2:4,5; 1 કરિન્થીઓને પત્ર 5:4 •2 કરિન્થીઓને પત્ર 1:21,22 •એફેસીઓને પત્ર 1:19,20; એફેસીઓને પત્ર 3:16,20,21 •1 થેસ્સાલોનિકીઓને પત્ર 1:5 •2 તીમોથીને પત્ર 1:7 •હિબ્રૂઓને પત્ર 2:3,4 •1 યોહાન 2:20,27

## પ્રાર્થનાનો ઉત્તર

•ગીતશાસ્ત્ર 37:4; ગીતશાસ્ત્ર 65:2; ગીતશાસ્ત્ર 84:11 •નીતિવચનો 10:24; નીતિવચનો 15:29b •માથ્થી 7:7-11; માથ્થી 18:18-20; માથ્થી 21:22 •માર્ક 11:22-24 •લૂક18:1 •યોહાન 14:13,14; યોહાન 15:7; યોહાન 16:23,24 •ફિલિપીઓને પત્ર 4:6,7 •યાકૂબનો પત્ર 1:5-7; યાકૂબનો પત્ર 5:14-16 •1 પિતર 3:12 • 1 યોહાનનો પત્ર 3:21,22; 1 યોહાનનો પત્ર 5:14,15

## ઈશ્વરનું બખ્તર

• રોમનોને પત્ર 13:12-14 • 2 કરિંથીઓને પત્ર 6:3-7; 2 કરિંથીઓને પત્ર 10:3-5 • એફેસીઓને પત્ર 6:10-18 • 1 તિમોથીને પત્ર 1:18

## ગર્ભમાનું બાળક

•ઉત્પત્તિ 20:17,18 •નિર્ગમન 23:25,26 •પુનર્નિયમ 7:12-15; પુનર્નિયમ 28:4 •અયૂબ 31:15 •ગીતશાસ્ત્ર 8:2; ગીતશાસ્ત્ર 71:5-7; ગીતશાસ્ત્ર 113:9; ગીતશાસ્ત્ર 119:73; ગીતશાસ્ત્ર 138:8; ગીતશાસ્ત્ર 139:13-17 •યશાયા 66:9 •યર્મિયા 1:5 •ગલાતીઓને પત્ર 1:15,16

## વિશ્વાસીનો અધિકાર

•માથ્થી 10:1,7-8; માથ્થી 16:18,19; માથ્થી 28:18-20 •માર્ક 3:14,15; માર્ક 9:38-40; માર્ક 16:17,18 • લૂક10:17-20 •પ્રેરિતોનાં કૃત્યો 3:6-9,16; પ્રેરિતોનાં કૃત્યો 4:9,10; પ્રેરિતોનાં કૃત્યો 16:16-18 • એફેસીઓને પત્ર 2:4-6 • ફિલિપીઓને પત્ર 2:9-11

## આશીર્વાદ અને આશીર્વાદિતો

•ઉત્પત્તિ 12:1-3; ઉત્પત્તિ 17:7; ઉત્પત્તિ 22:17-18; ઉત્પત્તિ 24:1,35; ઉત્પત્તિ 26:12-14 •ગણના 6:23-27 •પુનર્નિયમ 28:1-14 •ગીતશાસ્ત્ર 103:1-6; ગીતશાસ્ત્ર 112:1-10; ગીતશાસ્ત્ર 128:1-6 •નીતિવચનો 10:22 •ગલાતીઓને પત્ર 3:9,13,14,29 •એફેસીઓને પત્ર 1:3 •હિબ્રૂઓને પત્ર 8:6

## ઈસુનું રક્ત

•નિર્ગમન 12:13,23; નિર્ગમન 24:8 •લેવીય 17:11 •ઝખાર્યા 9:11 •માથ્થી 26:28 •પ્રેરિતોનાં કૃત્યો 20:28 •રોમનોને પત્ર 3:24-26; રોમનોને પત્ર 5:9 •1 કરિંથીઓને પત્ર 5:7; 1 કરિંથીઓને પત્ર 10:16 •એફેસીઓને પત્ર 1:7; એફેસીઓને પત્ર 2:13 •કલોસીઓને પત્ર 1:14,20-22; કલોસીઓને પત્ર 2:14,15 •હિબ્રૂઓને પત્ર 2:14,15; હિબ્રૂઓને પત્ર 9:12-14; હિબ્રૂઓને પત્ર 10:19-22,28,29; હિબ્રૂઓને પત્ર 12:22-24; હિબ્રૂઓને પત્ર 13:12,20,21; •1 પિતરનો પત્ર 1:1,2,18,19 •1 યોહાનનો પત્ર 1:7 •પ્રકટીકરણ 1:5,6; પ્રકટીકરણ 5:9,10; પ્રકટીકરણ 7:14,15; પ્રકટીકરણ 12:10,11

## નીડરતા

•ગીતશાસ્ત્ર 138:3 •નીતિવચનો 28:1 •પ્રેરિતોનાં કૃત્યો 4:13, 29-31; પ્રેરિતોનાં કૃત્યો 14:3 •2 કરિંથીઓને પત્ર 3:11,12 •ફિલિપીઓને પત્ર 1:20 •2 તિમોથીને પત્ર 1:7 •1 યોહાનનો પત્ર 4:17,18 (જુઓ પણ: હિંમત, આત્મવિશ્વાસ)

## હાડકાં

•ગીતશાસ્ત્ર 34:20 •નીતિવચનો 3:5-8; નીતિવચનો 14:30; નીતિવચનો 17:22 •યશાયા 58:11

## ભૂતોને કાઢવા

•માથ્થી 4:23,24; માથ્થી 8:16,17; માથ્થી 9:32,33; માથ્થી 10:1,7,8; માથ્થી 12:28,29; માથ્થી 17:18-21 •માર્ક 3:14,15; માર્ક 6:7,12,13; માર્ક 9:38-40; માર્ક 16:17,18 •લૂક 9:1,2; લૂક 10:17-20; લૂક 13:10-13 •યોહાન 14:12 •પ્રેરિતોનાં કૃત્યો 16:16-18; પ્રેરિતોનાં કૃત્યો 19:11,12

## બાળકો

•પુનર્નિયમ 4:9; પુનર્નિયમ 6:4-7; પુનર્નિયમ 28:4; પુનર્નિયમ 30:6; •ગીતશાસ્ત્ર 25:12,13; ગીતશાસ્ત્ર 37:25,26; ગીતશાસ્ત્ર

78:4-6; ગીતશાસ્ત્ર 90:16; ગીતશાસ્ત્ર 103:17; ગીતશાસ્ત્ર 112:1,2; ગીતશાસ્ત્ર 113:9; ગીતશાસ્ત્ર 127:1-5; •નીતિવચનો 13:22;નીતિવચનો 14:26;નીતિવચનો 20:7; નીતિવચનો 22:6; નીતિવચનો 31:28 •યશાયા 8:18; યશાયા 44:3,4; યશાયા 49:25; યશાયા 54:13; યશાયા 59:21 •માલાખી 4:5,6 •લૂક 1:17 • એફેસીઓને પત્ર 6:4 • કલોસીઓને પત્ર 3:21 •1 તિમોથીને પત્ર 3:4,5,12 •2 તિમોથીને પત્ર 1:5; 2 તિમોથીને પત્ર 3:15 •3 યોહાન 1:4

## આત્મવિશ્વાસ

• ગીતશાસ્ત્ર 65:5; ગીતશાસ્ત્ર 118:8,9 •નીતિવચનો 3:26; નીતિવચનો 14:26
(જુઓ પણ: હિંમત, નીડરતા)

## હિંમત

• પુનર્નિયમ 31:6 • યહોશુઆ 1:7,9 • 2 કાળવૃત્તાંત 32:7 • ગીતશાસ્ત્ર 27:14
(જુઓ પણ: નીડરતા, આત્મવિશ્વાસ)

## દેવામાંથી મુક્તિ માટે

• પુનર્નિયમ 15:6; પુનર્નિયમ 28:8,11,12 • 2 રાજાઓ 4:1-7 •ગીતશાસ્ત્ર 128:1,2 •નીતિવચનો 3:9,10; નીતિવચનો 22:7 •યશાયા 65:22 •માલાખી 3:10,11 •માથ્થી 17:24-27 •માર્ક 11:22,23 •લૂક 5:4-7 •રોમનોને પત્ર 2:11; રોમનોને પત્ર 13:8

## છુટકારો

• ગીતશાસ્ત્ર 18:1,2,17,19,43,48,50; ગીતશાસ્ત્ર 32:7; ગીતશાસ્ત્ર 34:4,7,17,19; ગીતશાસ્ત્ર 91:3,14,15; ગીતશાસ્ત્ર 107:20; ગીતશાસ્ત્ર 116:8 •માથ્થી 6:13 •કલોસીઓને પત્ર 1:12,13 •ગલાતીઓને પત્ર 1:4 •2 તિમોથીને પત્ર 4:18 •2 પિતર 2:9

## શોષણ

• યહોશુઆ 1:5 • ગીતશાસ્ત્ર 60:12 • યશાયા 45:1-3

• દાનિયેલ 11:32b • 1 કરિંથીઓને પત્ર 2:9,10 • એફેસીઓને પત્ર 2:10; એફેસીઓને પત્ર 3:20,21 • ફિલિપીઓને પત્ર 1:6; ફિલિપીઓને પત્ર 2:13 • હિબ્રૂઓને પત્ર 11:33,34

## વિશ્વાસ

• માથ્થી 9:28,29; માથ્થી 17:20; માથ્થી 21:21; •માર્ક 9:23; માર્ક 11:22,23 • લૂક 1:45; લૂક 17:5,6 • યોહાન 11:40 • પ્રેરિતોનાં કૃત્યો 3:16; પ્રેરિતોનાં કૃત્યો 6:8; પ્રેરિતોનાં કૃત્યો 27:25 •રોમનોને પત્ર 4:12,17-21; રોમનોને પત્ર 10:8-10; રોમનોને પત્ર 12:3 •2 કરિંથીઓને પત્ર 4:13; 2 કરિંથીઓને પત્ર 5:7 •ગલાતીઓને પત્ર 5:6 •એફેસીઓને પત્ર 6:16 • 2 થેસ્સાલોનિકીઓને પત્ર 1:3,11; •1 તિમોથીને પત્ર 6:12; •ફિલેમોને પત્ર 1:6 •હિબ્રૂઓને પત્ર 3:1; હિબ્રૂઓને પત્ર 4:2,14; હિબ્રૂઓને પત્ર 6:12; હિબ્રૂઓને પત્ર 10:22,23,35,36; •યાકૂબનો પત્ર 1:5-7; યાકૂબનો પત્ર 2:17,18,21,22,26

## તરફેણ અને સારા સંબંધો

• ઉત્પત્તિ 39:2-4,21 •નિર્ગમન 12:36 •1 કાળવૃત્તાંત 29:12 •ગીતશાસ્ત્ર 5:12; ગીતશાસ્ત્ર 30:5; ગીતશાસ્ત્ર 119:74 •નીતિવચનો 3:3,4; નીતિવચનો 4:7,8; નીતિવચનો 12:2; નીતિવચનો 16:7; નીતિવચનો 22:4; નીતિવચનો 29:23; •યશાયા 61:7; •1 તિમોથીને પત્ર 4:1

## ભવિષ્ય

• ગીતશાસ્ત્ર 31:15; ગીતશાસ્ત્ર 71:6,7,17,18; ગીતશાસ્ત્ર 138:8 • નીતિવચનો 3:5,6; નીતિવચનો 4:18 • યશાયા 46:3,4; યશાયા 64:8 •યર્મિયા 29:11 •માથ્થી 6:25-34 •રોમનોને પત્ર 8:28 • 1 કરિંથીઓને પત્ર 2:9,10 •એફેસીઓને પત્ર 2:10 • ફિલિપીઓને પત્ર 3:12-14; • ફિલિપીઓને પત્ર 4:6,7

## આત્માના દાનો

• પ્રેરિતોનાં કૃત્યો 2:22,43; પ્રેરિતોનાં કૃત્યો 5:12-16; પ્રેરિતોનાં

કૃત્યો 6:8; પ્રેરિતોનાં કૃત્યો 7:36; પ્રેરિતોનાં કૃત્યો 14:3 • રોમનોને પત્ર 12:6; રોમનોને પત્ર 15:18,19 •1 કરિંથીઓને પત્ર 2:4,5; 1 કરિંથીઓને પત્ર 4:20; 1 કરિંથીઓને પત્ર 12:1-11,31; 1 કરિંથીઓને પત્ર 14:1,3,12,26,31,39 •2 કરિંથીઓને પત્ર 12:12 •1 થેસ્સાલોનિકીઓને પત્ર 1:5 •હિબ્રૂઓને પત્ર 2:3,4

## ઈશ્વરનો મહિમા

• નિર્ગમન 24:16,17; નિર્ગમન 29:43; નિર્ગમન 33:18,19; નિર્ગમન 40:33-35 • ગણના 9:15-23; ગણના 14:21 • પુનર્નિયમ 5:24 • 1 શમુએલ 4:21,22 • 1 રાજાઓ 8:10,11 • 2 કાળવૃત્તાંત 5:13,14 • ગીતશાસ્ત્ર 24:7-10; ગીતશાસ્ત્ર 26:8; ગીતશાસ્ત્ર 63:1,2; ગીતશાસ્ત્ર 85:9; ગીતશાસ્ત્ર 90:16,17 • યશાયા 4:5,6; યશાયા 11:10; યશાયા 35:1,2; યશાયા 40:5; યશાયા 42:8; યશાયા 48:11; યશાયા 58:8; યશાયા 60:1-7 • હઝકિયેલ 1:28; હઝકિયેલ 3:12; હઝકિયેલ 10:4,18 • હબાકુક 2:14; હબાકુક 3:3,4; • હાગ્ગાય 2:7-9 • યોહાન 1:14; યોહાન 2:11; યોહાન 11:4,40; યોહાન 14:21-23; યોહાન 17:5,22,24 • પ્રેરિતોનાં કૃત્યો 7:55 • રોમનોને પત્ર 8:15-25 • 1 કરિથીઓને પત્ર 3:16; 1 કરિંથીઓને પત્ર 10:31 • 2 કરિંથીઓને પત્ર 3:7-18; 2 કરિંથીઓને પત્ર 4:6,7,16-18 • એફેસીઓને પત્ર 2:21,22 • કલોસીઓને પત્ર 1:26,27 • હિબ્રૂઓને પત્ર 1:3 • 1 પિતરનો પત્ર 4:14 • 2 પિતરનો પત્ર 1:16-18

## ઈશ્વરીય ઈચ્છાઓ

• ગીતશાસ્ત્ર 27:4; ગીતશાસ્ત્ર 37:4; ગીતશાસ્ત્ર 42:1,2; ગીતશાસ્ત્ર 84:1-3,10; ગીતશાસ્ત્ર 63:1-8; ગીતશાસ્ત્ર 145:19 • નીતિવચનો 10:24 • યશાયા 26:9 • માથ્થી 6:33 • માર્ક 12:29-31 •રોમનોને પત્ર 8:13 • 2 કરિંથીઓને પત્ર 5:14,15 • ગલાતીઓને પત્ર 2:20; ગલાતીઓને પત્ર 5:24; ગલાતીઓને પત્ર 6:7,8,14 •ફિલિપીઓને પત્ર 3:7-11; ફિલિપીઓને પત્ર 4:8 •કલોસીઓને પત્ર 3:1-3 • 2 તિમોથીને પત્ર 2:19-21 • યાકૂબનો પત્ર 4:4 • 1 યોહાનનો પત્ર 2:15-17

## આપણાં ઈશ્વરની મહાનતા

• ગીતશાસ્ત્ર 86:8-12; ગીતશાસ્ત્ર 121:2; ગીતશાસ્ત્ર 145:1-21; ગીતશાસ્ત્ર 147:4,5 • યશાયા 37:16; યશાયા 40:21-31; યશાયા 45:12,18 • યર્મિયા 32:17,27; યર્મિયા 51:15 • રોમનોને પત્ર 11:33-36 • 1 તિમોથીને પત્ર 6:14-16 • પ્રકટીકરણ 5:11-14; •પ્રકટીકરણ 7:9-12; પ્રકટીકરણ 19:4-6

## દોરવણી (માર્ગદર્શન)

• ગીતશાસ્ત્ર 25:12; ગીતશાસ્ત્ર 32:8,9; ગીતશાસ્ત્ર 37:23,24; ગીતશાસ્ત્ર 119:103-105,130,133 • નીતિવચનો 3:5,6; નીતિવચનો 4:18,26 • યશાયા 58:11 • રોમનોને પત્ર 8:14 •કલોસીઓને પત્ર 3:15

## સાજાપણું અને તંદુરસ્તી

• ઉત્પત્તિ 20:17 • નિર્ગમન 15:26; નિર્ગમન 23:25-26 • પુનર્નિયમ 7:15 • અયૂબ 33:19-28 •ગીતશાસ્ત્ર 30:2; ગીતશાસ્ત્ર 41:1-3; ગીતશાસ્ત્ર 91:5-10; ગીતશાસ્ત્ર 103:1-5; ગીતશાસ્ત્ર 107:20 •નીતિવચનો 3:7-8; નીતિવચનો 4:20-22; નીતિવચનો 12:18; નીતિવચનો 18:21,22 • યશાયા 6:10; યશાયા 53:4,5; યશાયા 58:8 • યર્મિયા 17:14 • હઝકિયેલ 34:4; હઝકિયેલ 47:8,9 • માથ્થી 4:24; માથ્થી 8:16,17; માથ્થી 12:15; માથ્થી 15:25-28 • માર્ક 5:34 • લૂક 4:40; લૂક 13:11-13,16 • પ્રેરિતોનાં કૃત્યો 10:38 • રોમનોને પત્ર 8:11 • 1 કરિંથીઓને પત્ર 6:19,20 • હિબ્રૂઓને પત્ર 11:11 • યાકૂબનો પત્ર 5:14,15 • 1 પિતરનો પત્ર 2:24 • પ્રકટીકરણ 22:1,2

## સાજાપણું અને માંદગી

• માથ્થી 4:23,24; માથ્થી 10:1,7,8; માથ્થી 15:29-31 • માર્ક 6:7,12,13; માર્ક 16:17,18 • લૂક 5:17; લૂક 6:17-19; લૂક 9:1,2,11; લૂક 10:1,9 • યોહાન 14:12 • પ્રેરિતોનાં કૃત્યો 10:38 •1 કરિંથીઓને પત્ર 12:7-11 •યાકૂબનો પત્ર 5:14-16 • 1 યોહાનનો પત્ર 3:8

## પવિત્રતા (પાપ પર વિજય, શુદ્ધતા)

• નિર્ગમન 15:11; નિર્ગમન 19:6 • પુનર્નિયમ 7:6; પુનર્નિયમ 23:14 • અયૂબ 31:1 •ગીતશાસ્ત્ર 1:1-3; ગીતશાસ્ત્ર 4:3; ગીતશાસ્ત્ર 15:1-5; ગીતશાસ્ત્ર 19:12-14; ગીતશાસ્ત્ર 24:3-5; ગીતશાસ્ત્ર 29:2; ગીતશાસ્ત્ર 96:9; ગીતશાસ્ત્ર 119:9-11 • નીતિવચનો 5:15-23; નીતિવચનો 6:23-25 • સભાશિક્ષક 7:26 • યશાયા 52:11 • ઓબાદ્યા 1:17 • માલાખી 3:1-3 • માથ્થી 5:29,30 • રોમનોને પત્ર 1:4; રોમનોને પત્ર 6:6-7,12-14; રોમનોને પત્ર 8:5-8,12,13; રોમનોને પત્ર 12:1,2; રોમનોને પત્ર 13:11-14 • 1 કરિંથીઓને પત્ર 3:16,17; 1 કરિંથીઓને પત્ર 6:12,13,17-20 • 2 કરિંથીઓને પત્ર 6:14-18; 2 કરિંથીઓને પત્ર 7:1; 2 કરિંથીઓને પત્ર 10:3-5 • એફેસીઓને પત્ર 4:20-32; એફેસીઓને પત્ર 5:1-5 • ફિલિપીઓને પત્ર 2:14,15; ફિલિપીઓને પત્ર 4:4-8 • 1 થેસ્સાલોનિકીઓને પત્ર 4:3-7 • 2 તિમોથીને પત્ર 2:19-22 •તિતસને પત્ર 2:11-14 • હિબ્રૂઓને પત્ર 10:26,27; હિબ્રૂઓને પત્ર 12:1-4,14-16 • યાકૂબનો પત્ર 3:8-10; યાકૂબનો પત્ર 4:4-8 • 1 પિતરનો પત્ર 1:13-17; 1 પિતરનો પત્ર 2:9-12; 1 પિતરનો પત્ર 4:1,2 • 2 પિતર 3:14,17,18 • 1 યોહાનનો પત્ર 2:15-17 • યહૂદાનો પત્ર 1:17-25

## ઘર અને કુટુંબ

• ઉત્પત્તિ 18:19; ઉત્પત્તિ 22:16-18; ઉત્પત્તિ 39:2-5 • પુનર્નિયમ 28:1-12 • યહોશુઆ 24:14,15 • 2 શમુએલ 6:12 • અયૂબ 5:24 • ગીતશાસ્ત્ર 68:5; ગીતશાસ્ત્ર 91:10; ગીતશાસ્ત્ર 101:1,2,7; ગીતશાસ્ત્ર 112:1-3; ગીતશાસ્ત્ર 118:15; ગીતશાસ્ત્ર 127:1-5; ગીતશાસ્ત્ર 128:1-4; ગીતશાસ્ત્ર 144:12-15 • નીતિવચનો 3:33; નીતિવચનો 12:7; નીતિવચનો 14:11; નીતિવચનો 15:6 • યશાયા 32:17-19; યશાયા 65:21-23 • યોહાન 14:23

## પતિ

• ઉત્પત્તિ 2:22-24 • ગીતશાસ્ત્ર 128:1-4 • નીતિવચનો 19:14; નીતિવચનો 31:10,11,23,28 • માલાખી 2:14-16 • માથ્થી 19:4-6 • 1 કરિંથીઓને પત્ર 7:3-5,10-11; 1 કરિંથીઓને પત્ર

11:3 • એફેસીઓને પત્ર 5:23-33 • કલોસીઓને પત્ર 3:19 • 1 તિમોથીને પત્ર 5:4 • 1 પિતરનો પત્ર 3:7

## આનંદ (દુ:ખ અને ઉદાસીનતા પર વિજય)

• નહેમ્યાહ 8:10 • ગીતશાસ્ત્ર 5:11; ગીતશાસ્ત્ર 16:11; ગીતશાસ્ત્ર 30:5; ગીતશાસ્ત્ર 32:11; ગીતશાસ્ત્ર 33:1,3,21; ગીતશાસ્ત્ર 35:9; ગીતશાસ્ત્ર 43:4; ગીતશાસ્ત્ર 126:5,6 • યશાયા 12:3; યશાયા 29:19; યશાયા 51:11; યશાયા 61:3,7 • હબાક્કુક 3:17,18 • માથ્થી 5:12 • યોહાન 16:22-24; યોહાન 17:13 • પ્રેરિતોનાં કૃત્યો 13:52 • રોમનોને પત્ર 14:17; રોમનોને પત્ર 15:13 • ગલાતીઓને પત્ર 5:22,23 • ફિલિપીઓને પત્ર 4:4 • કલોસીઓને પત્ર 1:11 • 1 થેસ્સાલોનિકીઓને પત્ર 1:6; 1 થેસ્સાલોનિકીઓને પત્ર 5:16-18 • હિબ્રૂઓને પત્ર 1:9 •યાકૂબનો પત્ર 1:2,3 • 1 પિતરનો પત્ર 1:8,9; 1 પિતરનો પત્ર 4:12-14 • 1 યોહાનનો પત્ર 1:4

## જમીન અને મિલકત બાબતે

• પુનર્નિયમ 28:8,11,12 • ગીતશાસ્ત્ર 16:5; ગીતશાસ્ત્ર 37:29; ગીતશાસ્ત્ર 125:3 • માર્ક 10:29,30

## કાયદાકીય પડકારો

• પુનર્નિયમ 10:18; પુનર્નિયમ 28:7 •ગીતશાસ્ત્ર 3; ગીતશાસ્ત્ર 12:5; ગીતશાસ્ત્ર 37:6,28; ગીતશાસ્ત્ર 72:14; ગીતશાસ્ત્ર 89:14; ગીતશાસ્ત્ર 103:6; ગીતશાસ્ત્ર 119:121; ગીતશાસ્ત્ર 140:12; ગીતશાસ્ત્ર 146:7 • યશાયા 28:5,6; યશાયા 54:14,17

## દીર્ઘાયુષ્ય

• ઉત્પત્તિ 6:3 • નિર્ગમન 23:25,26 • પુનર્નિયમ 34:7 • અયૂબ 5:26 • ગીતશાસ્ત્ર 34:12-14; ગીતશાસ્ત્ર 71:5-9,17,18; ગીતશાસ્ત્ર 90:10-12; ગીતશાસ્ત્ર 91:14-16; ગીતશાસ્ત્ર 92:12-15; ગીતશાસ્ત્ર 103:15-17; ગીતશાસ્ત્ર 128:1,6 • નીતિવચનો 3:1,2; નીતિવચનો 17:6 • યશાયા 46:4 • 2 કરિંથીઓને પત્ર 4:16-18; 2 કરિંથીઓને

પત્ર 5:1-9 • ફિલિપીઓને પત્ર 1:21 • 2 તિમોથીને પત્ર 4:7-8

## પ્રેમ

• માર્ક 12:29-31 • યોહાન 13:34-35 • રોમનોને પત્ર 5:5; રોમનોને પત્ર 12:9-21; રોમનોને પત્ર 13:8 • 1 કરિંથીઓને પત્ર 13:1-13 • ગલાતીઓને પત્ર 5:22,23 • એફેસીઓને પત્ર 4:31,32; એફેસીઓને પત્ર 5:1,2 • કલોસીઓને પત્ર 3:12-14 • 1 થેસ્સાલોનિકીઓને પત્ર 4:9,10 • 1 તિમોથીને પત્ર 1:5 • હિબ્રૂઓને પત્ર 6:10 • 1 યોહાનનો પત્ર 2:9-11; 1 યોહાનનો પત્ર 3:14-18; 1 યોહાનનો પત્ર 4:7-12,16-21 • યહૂદાનો પત્ર 1:20,21

## મન

• 1 કાળવૃત્તાંત 28:9 • અયૂબ 38:36 • ગીતશાસ્ત્ર 26:2; ગીતશાસ્ત્ર 19:7,14; ગીતશાસ્ત્ર 23:3; ગીતશાસ્ત્ર 35:9; ગીતશાસ્ત્ર 42:5,6,11; ગીતશાસ્ત્ર 62:1,5; ગીતશાસ્ત્ર 94:19; ગીતશાસ્ત્ર 103:1,2; ગીતશાસ્ત્ર 131:2; ગીતશાસ્ત્ર 138:3; ગીતશાસ્ત્ર 139:2 • યશાયા 26:3,9; યશાયા 55:7-9 • યર્મિયાનો વિલાપ 3:21-23 • માથ્થી 5:28; માથ્થી 15:18,19• માર્ક 12:30 • રોમનોને પત્ર 8:5-8; રોમનોને પત્ર 12:1,2,16; રોમનોને પત્ર 14:5 • 1 કરિંથીઓને પત્ર 2:16 • 2 કરિંથીઓને પત્ર 10:3-5 • એફેસીઓને પત્ર 4:23,24 • ફિલિપીઓને પત્ર 2:3,5-8,15; ફિલિપીઓને પત્ર 3:12-15; ફિલિપીઓને પત્ર 4:8 • કલોસીઓને પત્ર 3:2,3 • 1 થેસ્સાલોનિકીઓને પત્ર 5:23 • 2 તિમોથીને પત્ર 1:7 • હિબ્રૂઓને પત્ર 4:12; હિબ્રૂઓને પત્ર 8:10 • 1 પિતરનો પત્ર 2:11; 1 પિતરનો પત્ર 4:1 • યાકૂબનો પત્ર 1:21 • 3 યોહાન 2

## શાંતિ (ભય,ચિંતા અને અજંપા પર કાબૂ)

• ન્યાયાધીશો 6:23,24 • ગીતશાસ્ત્ર 4:8; ગીતશાસ્ત્ર 37:11,37; ગીતશાસ્ત્ર 119:165 • યશાયા 9:6,7; યશાયા 26:3,12; યશાયા 32:17,18; યશાયા 48:17,18; યશાયા 53:5; યશાયા 54:10,13;

યશાયા 55:12 • માથ્થી 5:9 • યોહાન 14:27; યોહાન 16:33 • રોમનોને પત્ર 5:1; રોમનોને પત્ર 8:6; રોમનોને પત્ર 12:18; રોમનોને પત્ર 14:17-19 રોમનોને પત્ર 15:13,33; રોમનોને પત્ર 16:20 • 1 કરિંથીઓને પત્ર 1:3; 1 કરિંથીઓને પત્ર 14:33 •2 કરિંથીઓને પત્ર 13:11 • ગલાતીઓને પત્ર 5:22,23 • ફિલિપીઓને પત્ર 4:6-9; • 2 થેસ્સાલોનિકીઓને પત્ર 3:16 • હિબ્રૂઓને પત્ર 12:14

## બઢતી

• પુનર્નિયમ 28:13 • અયૂબ 8:6-7 • ગીતશાસ્ત્ર 37:4,5; ગીતશાસ્ત્ર 75:6,7 • નીતિવચનો 16:3; નીતિવચનો 22:4,29 • યશાયા 1:19; યશાયા 48:17; યશાયા 54:1-3; યશાયા 60:22 • યોહાન 15:5 • 1 તિમોથીને પત્ર 6:17

## સમૃદ્ધિ અને સફળતા

• ઉત્પત્તિ 26:12; ઉત્પત્તિ 39:2,3,23 • પુનર્નિયમ 29:9; પુનર્નિયમ 30:5 • યહોશુઆ 1:7,8 • 1 રાજાઓ 2:3 • 2 કાળવૃત્તાંત 20:20; 2 કાળવૃત્તાંત 26:5; 2 કાળવૃત્તાંત 31:21 • નહેમ્યાહ 2:20 • અયૂબ 8:6,7; અયૂબ 36:10,11 • ગીતશાસ્ત્ર 1:1-3; ગીતશાસ્ત્ર 25:12,13; ગીતશાસ્ત્ર 35:27; ગીતશાસ્ત્ર 118:25 • નીતિવચનો 28:25 • ઝખાર્યા 8:12 • 3 યોહાન 1:2

(આશીર્વાદ અને આશીર્વદિત માટે)

## રક્ષણ

• ગીતશાસ્ત્ર 3:3-6; ગીતશાસ્ત્ર 27:1-5; ગીતશાસ્ત્ર 32:7; ગીતશાસ્ત્ર 34:4,7,17,19; ગીતશાસ્ત્ર 50:15; ગીતશાસ્ત્ર 91:10-12; ગીતશાસ્ત્ર 121:1-8 • નીતિવચનો 19:23; નીતિવચનો 21:31 • યશાયા 54:14,15,17; યશાયા 59:19

## જોગવાઈ

• ઉત્પત્તિ 22:13,14 • ગીતશાસ્ત્ર 23:1-6; ગીતશાસ્ત્ર 34:9,10; ગીતશાસ્ત્ર 37:25; ગીતશાસ્ત્ર 84:11 • માથ્થી 6:31-33

• 2 કરિંથીઓને પત્ર 9:6-8 • ફિલિપીઓને પત્ર 4:19

## શાંતિ (નિરાંત)

•ગીતશાસ્ત્ર 131:2 • યશાયા 30:15; યશાયા 32:17,18 • યર્મિયાનો વિલાપ 3:26 • સફાન્યા 3:17 • 1 થેસ્સાલોનિકીઓને પત્ર 4:11 • 2 થેસ્સાલોનિકીઓને પત્ર 3:11,12 • 1 પિતરનો પત્ર 3:3,4

## મરેલાને જીવતા કરવા

•1 રાજાઓ 17:17-24 • 2 રાજાઓ 4:32-37; 2 રાજાઓ 13:20,21 • માથ્થી 10:7,8; માથ્થી 11:4,5 • માર્ક 5:35-43 • લૂક 7:11-17 • યોહાન 11:38-45 • પ્રેરિતોનાં કૃત્યો 9:36-42; પ્રેરિતોનાં કૃત્યો 14:19,20; પ્રેરિતોનાં કૃત્યો 20:9,10; પ્રેરિતોનાં કૃત્યો 26:8 • રોમનોને પત્ર 4:17 • હિબ્રૂઓને પત્ર 11:35

## ઊંઘ

•ગીતશાસ્ત્ર 4:8; ગીતશાસ્ત્ર 16:7; ગીતશાસ્ત્ર 127:2 •નીતિવચનો 3:24; નીતિવચનો 6:22,23

## આત્માથી ભરપૂર અને આત્માથી પ્રેરિત

• માથ્થી 4:1 • યોહાન 16:13-15 • પ્રેરિતોનાં કૃત્યો 5:32; પ્રેરિતોનાં કૃત્યો 8:29; પ્રેરિતોનાં કૃત્યો 10:19,20; પ્રેરિતોનાં કૃત્યો 13:2,3; પ્રેરિતોનાં કૃત્યો 15:28,29; પ્રેરિતોનાં કૃત્યો 16:6-10; પ્રેરિતોનાં કૃત્યો 18:5; પ્રેરિતોનાં કૃત્યો 19:21; પ્રેરિતોનાં કૃત્યો 20:22-23; પ્રેરિતોનાં કૃત્યો 21:4,10,11 • રોમનોને પત્ર 8:1,2,13-17 • 2 કરિંથીઓને પત્ર 13:14 • ગલાતીઓને પત્ર 5:16-26 • એફેસીઓને પત્ર 4:30; એફેસીઓને પત્ર 5:17-21 • 1 થેસ્સાલોનિકીઓને પત્ર 5:19

## સામર્થ્ય

• નિર્ગમન 15:2 • પુનર્નિયમ 33:25 • 1 શમુએલ 30:6 • 2 શમુએલ 22:33 • ગીતશાસ્ત્ર 27:1,14; ગીતશાસ્ત્ર 31:24; ગીતશાસ્ત્ર 46:1-3;

ગીતશાસ્ત્ર 73:26 • યશાયા 11:2; યશાયા 28:5,6; યશાયા 40:28-31; યશાયા 41:10 • 2 કરિંથીઓને પત્ર 12:9 • એફેસીઓને પત્ર 3:16; એફેસીઓને પત્ર 6:10 • ફિલિપીઓને પત્ર 4:13 • કલોસીઓને પત્ર 1:11

## પત્ની

• નીતિવચનો 12:4; નીતિવચનો 14:1; નીતિવચનો 31:10-31 • 1 કરિંથીઓને પત્ર 7:2-4,10,11 • એફેસીઓને પત્ર 5:22-24,33 • કલોસીઓને પત્ર 3:18 • તિતસને પત્ર 2:1-5 • 1 પિતરનો પત્ર 3:1-6

## સમજણ અને જ્ઞાન

• ઉત્પત્તિ 41:38,39 • નિર્ગમન 31:1-5; નિર્ગમન 35:30-35; નિર્ગમન 36:1 • 1 કાળવૃત્તાંત 28:11,12,19 • 1 રાજાઓ 4:29 • અયૂબ 12:13; અયૂબ 28:20,28; અયૂબ 32:8 • ગીતશાસ્ત્ર 18:28; ગીતશાસ્ત્ર 25:14; ગીતશાસ્ત્ર 51:6; ગીતશાસ્ત્ર 111:10; ગીતશાસ્ત્ર 112:5; ગીતશાસ્ત્ર 119:97-99,130 • નીતિવચનો 2:6; નીતિવચનો 3:32; નીતિવચનો 4:5-9; નીતિવચનો 8:11-21; નીતિવચનો 20:27 • યશાયા 11:1,2; યશાયા 28:23-29; યશાયા 29:24; યશાયા 40:28 • યર્મિયા 51:15 • દાનિયેલ 1:17; દાનિયેલ 2:20-22,28; દાનિયેલ 5:12-14 • લૂક 24:45 • 1 કરિંથીઓને પત્ર 2:9-12 • યાકૂબનો પત્ર 1:5

# અમારી સાથે ઓનલાઇન જોડાઓ

## (JOIN US ONLINE)

**અંગ્રેજી**

**(ENGLISH)**

https://youtube.com/allpeopleschurchbangalore
https://instagram.com/allpeopleschurchbangalore
https://facebook.com/apcwo

https://youtube.com/apcbiblecollege
https://instagram.com/apcbiblecollege

https://youtube.com/APCMusicindia

https://www.youtube.com/@apc-free-christian-books

https://youtube.com/@chrysalislifecounseling
https://instagram.com/ChrysalisLifeCounseling

**હિન્દી**

**(HINDI)**

https://youtube.com/APCHindi

https://www.instagram.com/apc_bangalore_hindi

# શું તમે જાણો છો કે ઈશ્વર તમને પ્રેમ કરે છે?

આશરે 2000 વર્ષ અગાઉ, ઈશ્વર આ જગતમાં માનવ તરીકે આવ્યા. તેમનું નામ ઇસુ છે. તેઓ સંપૂર્ણપણે પાપરહિત જીવન જીવ્યા. જે રીતે ઇસુ દૈહિક રીતે ઈશ્વર હતા, તેથી તેમણે જે કહ્યું અને કર્યું તે આપણી સમક્ષ ઈશ્વરને પ્રગટ કરે છે. તેઓ જે શબ્દો બોલ્યા તે સાચે જ ઈશ્વરના શબ્દો હતા. તેઓએ જે બાબતો કરી તે દરેક ઈશ્વરના કાર્યો હતા. ઇસુએ પૃથ્વી પર ઘણાં ચમત્કારો કર્યા. તેમણે માંદાઓ અને દુ:ખીઓને સાજા કર્યા. તેમણે આંધળાઓની આંખો ખોલી, બહેરાઓના કાન ખોલી નાખ્યા, લંગડાઓને ચાલતા કર્યા અને દરેક પ્રકારની બીમારીઓ અને રોગ મટાડ્યા. તેમણે ચમત્કારિક રીતે થોડી રોટલીને અનેકઘણી કરીને ભુખ્યાઓને ખવડાવ્યું, તોફાનને શાંત કર્યું અને બીજી ઘણી અદ્દભુત બાબતો કરી.

**આ દરેક કાર્યો આપણને દર્શાવે છે ઈશ્વર ભલા ઈશ્વર છે જે ચાહે છે કે બધા જ લોકો સારું, સંપૂર્ણ, તંદુરસ્ત અને સુખી જીવન જીવે. ઈશ્વર ચાહે છે કે બધા જ લોકોની જરૂરિયાતો પૂરી પડાય.**

તો શા માટે ઈશ્વરે માનવ બનીને આ જગતમાં આવવાનું નક્કી કર્યું? શા માટે ઇસુ આવ્યા?

આપણે દરેકે પાપ કર્યું છે અને ઈશ્વર કે જેણે આપણું સૃજન કર્યું તેની સમક્ષ અસ્વીકાર્ય કાર્યો કર્યા છે. પાપના પરિણામો નક્કી જ છે. પાપ એ આપણી અને ઈશ્વરની વચ્ચે અભેદ દીવાલ સમાન છે. પાપ આપણને ઈશ્વરથી જુદા કરે છે અને જેમણે આપણું સર્જન કર્યું છે તેવા ઈશ્વરને પારખવાથી અને તેમની સાથે અર્થપૂર્ણ સબંધ રાખતા અટકાવે છે. અને તેથી ઘણાં લોકો આ ખાલી જગ્યાને અન્ય બાબતોથી ભરવા માટે પ્રયાસ કરે છે.

આપણાં પાપનું અન્ય એક પરિણામ ઈશ્વરથી અનંતકાળીક વિચ્છેદ છે. ઈશ્વરના ન્યાયાલયમાં, પાપની સજા મૃત્યુદંડ છે. મૃત્યુ-સદાને માટે નરકમાં ઈશ્વરથી વિચ્છેદ છે.

પરંતુ સુસમાચાર એ છે કે આપણે પાપથી છુટકારો મેળવી શકીએ છીએ અને ઈશ્વરમાં પુન: સ્થાપિત થઈ શકીએ છીએ. બાઇબલ કહે છે કે, ***"કેમ કે પાપનો મુસારો મરણ છે, પરંતુ આપણાં પ્રભુ ઇસુ ખ્રિસ્તમાં દેવનું***

*કૃપાદાન અનંતજીવન છે"* **(રોમનને પત્ર 6:23).** જ્યારે ઇસુ વધસ્તંભ પર મરણ પામ્યા ત્યારે તેમણે સમગ્ર જગતના પાપોને સારૂં ખંડણી ભરી દીધી છે. ત્યારબાદ ત્રણ દિવસ પછી તેઓ સજીવન થયા, ઘણાઓને પોતે જીવંત છે તે બતાવ્યુ અને ત્યાર પછી પાછા સ્વર્ગમાં જતાં રહ્યા.

ઈશ્વર પ્રેમ અને દયા કરવામાં ભલા છે. તેઓ એવું નથી ઇચ્છતા કે કોઈપણ વ્યક્તિ નરકમાં જાય. અને તેથી, તેઓ સમગ્ર માનવજાતને પાપથી છુટકારો પામવાનો રસ્તો અને એના અનંતકાળીક પરિણામો બતાવવા આવ્યા. તેઓ પાપીઓને બચાવવાને—તમારા અને મારા જેવા લોકોને પાપથી છોડાવવા અને અનંતકળીક મૃત્યુથી બચાવવા આવ્યા.

પાપોની આ મફત માફી મેળવવા માટે, બાઇબલ આપણને કહે છે કે આપણે કેવળ એક જ કામ કરવાનું છે—પ્રભુ ઇસુએ વધસ્તંભ જે કાર્ય કર્યું તેને સ્વીકારી લેવું અને તેમના પર પૂરા હ્રદયથી વિશ્વાસ કરવો.

***"... જે કોઇ તેના ઉપર વિશ્વાસ કરે છે તે તેના નામથી પાપની માફી પામશે."*** **(પ્રેરિતોના કૃત્યો 10:43).**

***"જો તું તારે મોઢે ઇસુને પ્રભુ તરીકે કાબુલ કરીશ, અને દેવે તેને મુએલામાંથી પાછો ઉઠાડયો, એવો વિશ્વાસ તારા અંત:કરણમાં રાખીશ તો તું તારણ પામીશ."*** **(રોમનોને પત્ર 10:9).**

જો તમે પ્રભુ ઇસુ ખ્રિસ્ત પર વિશ્વાસ કરશો તો તમે પણ તમારા પાપની માફી અને શુદ્ધતા પામી શકો છો.

અહીં નીચે એક સરળ પ્રાર્થના આપવામાં આવી છે જે તમને પ્રભુ ઇસુએ તમારે માટે વધસ્તંભ પર જે કાર્ય કર્યું તેના પર વિશ્વાસ કરવાનો નિર્ણય લેવામાં મદદરૂપ થશે. આ પ્રાર્થના તમને પ્રભુ ઇસુએ તમારે માટે જે કર્યું છે સ્વીકારવાની અભિવ્યક્તિમાં અને પાપોની માફી તથા શુદ્ધતા પ્રાપ્ત કરવા માટે મદદરૂપ થશે. આ પ્રાર્થના માત્ર એક માર્ગદર્શિકા છે. તમે તમારા પોતાના શબ્દોમાં પણ પ્રાર્થના કરી શકો છો.

*પ્રિય પ્રભુ ઇસુ, તમે મારે માટે વધસ્તંભ પર જે કાર્ય કર્યું તેને હું આજે સમજ્યો છું. તમે મારે માટે મરણ પામ્યા. તમે તમારૂં મૂલ્યવાન રક્ત મારે માટે વહેવડાવ્યું અને મારા પાપોની ખંડણી ભરી કે જેથી મને મુક્તિ મળે. બાઇબલ મને કહે છે કે જે કોઈ તમારા નામ વિશ્વાસ કરે છે*

તે તેના પાપોથી છુટકારો પામે છે.

આજે, મે તમારા પર વિશ્વાસ કરવાનું અને વધસ્તંભ પર મરણ પામીને તથા મરણમાંથી સજીવન થઈને મારે જે જે કાર્ય કર્યું છે તેને સ્વીકારવાનું નક્કી કર્યું છે. હું જાણું છું કે હું મારા સારા કર્મો વડે મારી જાતને બચાવવામાં અસમર્થ છું, અને અન્ય કોઈ મનુષ્ય મને બચાવી શકતો નથી કે મારા પાપોને માટે કિંમત ચૂકવી શકતો નથી.

આજે, હું મારા હ્રદયમાં વિશ્વાસ કરૂં છું અને મારે મોઢે કબુલ કરૂં છું કે તમે મારે માટે મરણ પામ્યા, તમે મારા પાપોને માટે ખંડણી ચૂકવી છે, તમે મરણમાંથી સજીવન થયા છો, અને તમારા પરના વિશ્વાસ થકી, મને મારા પાપોની ક્ષમા અને શુદ્ધિકરણ પ્રાપ્ત થાય છે.

પ્રભુ ઇસુ તમારો આભાર. તમને પ્રેમ કરવામાં, તમને વધુ પારખવામાં અને તમને વિશ્વાસુ બની રહેવા માટે મને મદદ કરો.

આમેન

# ઓલ પીપલ્સ ચર્ચ વિષે

ઓલ પીપલ્સ ચર્ચ ખાતે અમારું દર્શન છે કે અમે બેંગ્લોર શહેરમાં મીઠું અને પ્રકાશ બનીએ, દેશ અને વિદેશોમાં એક અવાજ બનીએ.

ઓલ પીપલ્સ ચર્ચ એ એક **ઇસુ પ્રેમી**, **વચન કેન્દ્રિત**, **આત્માથી ભરપૂર**, કૌટુંબિક મંડળી, સજ્જતાનું કેન્દ્ર, મિશન કેન્દ્રની સેવા આધારિત અને એક વિશ્વવ્યાપી સુવાર્તા સંગઠન છે.

- **કૌટુંબિક મંડળી તરીકે**, અમે ખ્રિસ્ત કેન્દ્રિત સંગત સમાજ તરીકે, ઈશ્વરની મંડળી તરીકે એકબીજાની કાળજી લઈને અને સેવા કરીને સાથે મળીને વૃદ્ધિ પામીએ છીએ.
- **સજ્જતાના કેન્દ્ર તરીકે**, અમે દરેક વિશ્વાસી વ્યક્તિને વિજયવંત જીવન જીવવા, ખ્રિસ્તસમાન ચારિત્ર્યમાં પરિપક્વ બનવા અને તેઓના જીવનોમાં ઈશ્વરના હેતુઓ પરિપૂર્ણ કરવા માટે સક્ષમ અને સજ્જ કરીએ છીએ.
- **મિશન કેન્દ્ર તરીકે**, અમારા શહેર, દેશ અને વિદેશોને ઈશ્વરના વચનો અને પવિત્ર આત્માના અલૌકિક પ્રકટીકરણ વડે ઇસુ ખ્રિસ્તની પૂર્ણ સુવાર્તા સાથે આશીર્વાદિત કરવા અમે અર્થપૂર્ણ સેવા કરવામાં લાગેલા છીએ.
- **વિશ્વવ્યાપી સુવાર્તા સંગઠન તરીકે**, અમે સ્થાનિક અને વૈશ્વિક સ્તરે ઈશ્વરના આગેવાનોને અને આત્માથી ભરપૂર મંડળીઓનું પોષણ કરીએ છીએ જે તેઓના વિસ્તારોને ઈશ્વરના રાજ્ય માટે પ્રભાવિત કરે.

ઓલ પીપલ્સ ચર્ચ ખાતે, અમે ઈશ્વરના પવિત્ર આત્માના અભિષિક્તપણામાં અને પ્રકટીકરણમાં ઈશ્વરના વચનને કોઈપણ જાતનું સમાધાન કર્યા વિના સંપૂર્ણપણે રજૂ કરવા પ્રતિબદ્ધ છીએ. અમે માનીએ છીએ કે સારું સંગીત, રચનાત્મક રજૂઆત, નિષ્ણાત બાઇબલ જ્ઞાન, સમકાલીન સેવાકીય તકનીકો, આધુનિક તકનીકી સાધનો, અને વિગેરે, પવિત્ર આત્માના સામર્થ્યમાં ચિન્હો, ચમત્કારો, આશ્ચર્યકારક કાર્યો અને કૃપાદાનો થકી ઈશ્વર દ્વારા અભિષિક્ત વચન પ્રગટ કરવાના અભિગમનું સ્થાન લઈ શકે નહિ (1 કરિન્થિઓને પત્ર 2:4,5; હિબ્રુઓને પત્ર 2:3,4). અમારો મુદ્રાલેખ ઇસુ છે, અમારી સામગ્રી વચન છે, અમારી પદ્ધતિ પવિત્ર આત્માનું સામર્થ્ય છે, અમારી ધગશ લોકો છે અને અમારો ઉદ્દેશ ખ્રિસ્તસમાન પરિપક્વતા છે.

બેંગલોર ખાતેના અમારા મુખ્ય મથકની સાથે, ઓલ પીપલ્સ ચર્ચની ભારતભરમાં અન્ય ઠેકાણે પણ મંડળીઓ છે. વર્તમાન યાદી પ્રાપ્ત કરવા માટે ઓલ પીપલ્સના સેવાના કેન્દ્રોનો સંપર્ક કરવા માટે, કૃપા કરી અમારી વેબસાઇટ apcwo.org/locations મુલાકાત લેશો અથવા અમને contact@apcwo.org. આ સરનામે ઇ મેઈલ પણ કરી શકો છો.

# વિનામૂલ્ય પ્રકાશનો

A Church in Revival
A Real Place Called Heaven
A Time for Every Purpose
Ancient Landmarks
Baptism in the Holy Spirit
Being Spiritually Minded and Earthly Wise
Biblical Attitude Towards Work
Breaking Personal and Generational Bondages
Change
Code of Honor
Divine Favor
Divine Order in the Citywide Church
Don't Compromise Your Calling
Don't Lose Hope
Equipping the Saints
Foundations (Track 1)
Fulfilling God's Purpose for Your Life
Gifts of the Holy Spirit
Giving Birth to the Purposes of God
God Is a Good God
God's Word—The Miracle Seed
How to Help Your Pastor
Integrity
Interpreting Scripture
Kingdom Builders
Laying the Axe to the Root
Living Life Without Strife
Marriage and Family
Ministering Healing and Deliverance
Offenses—Don't Take Them
Open Heavens
Our Redemption
Receiving God's Guidance
Revivals, Visitations and Moves of God
Shhh! No Gossip!
Speak Your Faith
The Conquest of the Mind
The End Times
The Father's Love
The House of God
The Kingdom of God
The Mighty Name of Jesus
The Night Seasons of Life
The Power of Commitment
The Presence of God
The Redemptive Heart of God
The Refiner's Fire
The Spirit of Wisdom, Revelation and Power
The Wonderful Benefits of Praying in Tongues
Timeless Principles for the Workplace
Understanding the Prophetic
Water Baptism
We Are Different
Who We Are in Christ
Women in the Workplace
Work—Its Original Design

નવા પુસ્તકો નિયમિત રીતે પકાશિત થાય છે. APC ખ્રિસ્તી પુસ્તકો PDF, ઓડિયો અને અન્ય સ્વરૂપે વિનામુલ્યે ડાઉનલોડ કરવા માટે કૃપા કરી અમારી વેબસાઇટ apcwo.org/books ની મુલાકાત લેશો. આ પૈકીના ઘણાં પુસ્તકો અન્ય ભાષાઓમાં પણ પ્રાપ્ય છે. વિનામુલ્યે ઓડિયો અને વિડીયો સંદેશાઓ, સંદેશાઓની નોંધ અને અન્ય સંસાધનો માટે કૃપા કરી અમારી વેબસાઇટ apcwo.org/sermons ની મુલાકાત લેશો.

# કેરિસલિસ કાઉન્સેલિંગ

કવચયુક્ત સલાહ વ્યક્તિગત સલાહ પૂરી પાડે છે જે લોકોને જીવનના પડકારોનો સામનો કરવા અને તેની પર વિજય પ્રાપ્ત કરવામાં મદદ કરે છે. કવચયુક્ત સલાહ એક વ્યાવસાયિક રીતે તાલીમબદ્ધ અને અનુભવી ખ્રિસ્તી સલાહકારોની ટીમ છે.

અમારી સેવાઓ દરેક વયજૂથના લોકો માટે છે અને જીવનના વિવિધ પડકારોને ઉદ્દેશીને આપવામાં આવે છે.

- **કિશોરાવસ્થા**
- **વ્યક્તિગત અનુકૂળતા**
- **સંબધોમાં પડકારો**
- **શૈક્ષણિક ઓછી સિદ્ધિ**
- **કામ સંબંધિત સમસ્યાઓ**
- **કુટુંબ / દંપતિ: લગ્ન પહેલા/ લગ્ન પછી**
- **માતા-પિતા / બાળકો / ભાઈ-બહેન/ સહકર્મી**
- **વર્તણૂક સબંધી વિકૃતિઓ**
- **વ્યક્તિત્વ સબંધી વિકૃતિઓ**
- **મનોવૈજ્ઞાનિક / ભાવનાત્મક પ્રશ્નો**
- **તણાવ / પ્રતિશોધ**
- **દારુ / માદક પદાર્થ અપરાધ**
- **આધ્યાત્મિક સમસ્યાઓ**
- **જીવન માર્ગદર્શન**

કવચયુક્ત સલાહની ફી વ્યાજબી છે અને અમારા કોઈપણ તાલિમબદ્ધ સલાહકાર સાથે અગાઉથી મુલાકાત નક્કી કરીને મેળવી શકાય છે.

**વેબસાઇટ** : **chrysalislife.org**
**ફોન:** +91-80-25452617 અથવા ટોલ ફ્રી (સંપૂર્ણ ભારતમાંથી) 1-800-300-00998
**ઈમેલ: counselor@chrysalislife.org**

કવચયુક્ત સલાહ કેન્દ્ર ઓલ પીપલ્સ ચર્ચ અને વર્લ્ડ આઉટરીચની એક સેવા છે.

# ઓલ પીપલ્સ ચર્ચ સાથે સહભાગીતા

ઓલ પીપલ્સ ચર્ચ એક સ્થાનિક મંડળી તરીકેની પોતાની સીમાઓની બહાર જઈને, વિશેષ કરીને, ઉત્તર ભારતમાં, ખાસ રીતે (1) આગેવાનોનું સશક્તિકરણ, (2) સેવાને માટે યુવાનોને સજ્જ કરવા, (3) ખ્રિસ્તના શરીર (મંડળી)નું બાંધકામ, સાથે ધ્યાન કેન્દ્રિત કરીને પોતાની સેવાઓ આપે છે. વર્ષ દરમ્યાન 'ખ્રિસ્તી આગેવાનો માટેની પરિષદ' અને યુવાનોની તાલીમ માટેના સંખ્યાબંધ સેમિનાર રાખવામાં આવે છે. વધુમાં, વિશ્વાસીઓને વચન અને આત્મામાં સજ્જ કરવાના હેતુસર હજારોની સંખ્યામાં અંગ્રેજી અને અન્ય ભારતીય ભાષાઓમાં વિવિધ પ્રકાશનોની નકલોનું વિનામૂલ્યે વિતરણ કરવામાં આવે છે.

અમે આપને એકવારના કે માસિક નાણાકીય દાનો માટે સહભાગીદારી કરવા આમંત્રણ આપીએ છીએ. સમગ્ર ભારતમાંથી આપનું કોઈપણ દાન જે આપ અમને સહાયરૂપ થવાના હેતુસર મોકલો છો તેની અમે પુષ્કળ કદર કરીએ છીએ.

આપ આપના દાનો અમને અમારી ઓફિસના સરનામે “ઓલ પીપલ્સ ચર્ચ”ની તરફેણમાં ચેક/બેન્ક ડ્રાફ્ટ સ્વરૂપે મોકલી શકો છો. અથવા તો, આપ આપના દાનો અમારા બેન્ક ખાતામાં સીધા જમા કરાવીને પણ આપી શકો છો. નીચે અમારા બેન્ક ખાતાની વિગતો આપેલી છે.

**અકાઉન્ટ નમ્બર**: All Peoples Church
**અકાઉન્ટ નમ્બર**: 50200068829058
**IFSC કોડ**: HDFC0004367
**બેંક**: HDFC Bank, 7M/308 80 Ft Rd, HRBR Layout, Kalyan Nagar, Bengaluru, Karnataka - 560043

***કૃપા કરીને નોંધ લેશો:*** *ઓલ પીપલ્સ ચર્ચ માત્ર ભારત ખાતેની બેન્કોના બેન્ક ખાતા દ્વારા નાણાકીય સહયોગ સ્વીકારી શકે છે. આપનો નાણાકીય સહયોગ આપતી વખતે જો આપ ઈચ્છો તો, અમારી કઈ ચોક્કસ સેવા માટે આપના સહયોગનો ઉપયોગ થાય તે આપ દર્શાવી શકો છો. વધુ માહિતી માટે કૃપા કરી અમારી વેબસાઇટ* **apcwo.org/give** *ની મુલાકાત લેશો.*

અને હા, કૃપા કરી અમારી સેવાઓ માટે જ્યારે પણ આપને અનુકૂળ હોય ત્યારે અવશ્ય પ્રાર્થના કરશો.

**તમારો આભાર અને ઈશ્વર તમને આશિર્વાદ આપે!**


## DOWNLOAD THE FREE APP!

*Search for*

"All Peoples Church Bangalore"
in the App or Google play stores.

Available on the App Store

ANDROID APP ON Google play







***A daily 5-minute video devotional.***
***A daily Bible reading and prayer guide.***
***5-minute Sermon summary.***
***Toolkit with Scriptures on various topics to build faith and information to share the Gospel.***
***Resources with sermons, sermon notes, TV programs, books, music and more.***

***IF YOU LOVE IT, TELL OTHERS ABOUT IT!***

## निःशुल्क ऐप डाउनलोड करें:

**ऐप स्टोर या प्ले स्टोर में खोजें**
**“ऑल पीपुल्स चर्च (APCWO)”/**
**All Peoples Church Hindi**

Available on the App Store

ANDROID APP ON Google Play




*विश्वास को मजबूत करने और सुसमाचार साझा करने के लिए विभिन्न विषयों पर आधारित वचनों के टूलकिट।*
*उपदेशों, टीवी कार्यक्रमों, पुस्तकों, संगीत और बहुत कुछ से भरे संसाधन।*
*अगर आपको यह पसंद आए, तो*
***दूसरों को भी इसके बारे में बताएं!***

# ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ

**apcbiblecollege.org**

ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ અને સેવાકીય પ્રશિક્ષણ કેન્દ્ર, બેંગલોર, ઇંડિયા, એક આત્માથી ભરપૂર, અભિષિક્ત, પ્રશિક્ષણની સાથે અનુભવ અને ઈશ્વરના વચનોને એક સૈદ્ધાંતિક રીતે શીખવામાં અને પવિત્ર આત્માના અલૌકિક સામર્થ્યમાં સેવા કરવામાટે શિક્ષણ આપે છે. અમે વ્યક્તિને સંપૂર્ણ રીતે સેવા કરવામાટે તેના વિકાસમાં એક દૈવીય ચરિત્ર, ઈશ્વરના વચનમાં ઊંડાણપૂર્વક સમજ અને ઇશ્વરી શક્તિદ્વારા તેના અજાયબ પરાક્રમો અને ચમત્કારોના પ્રદર્શનથી દરકે બાબતો ઈશ્વરસાથેના સંબદ્ધમાં ઘનિષ્ઠતા કેળવવામાં મદદરૂપ થઈએ છીએ.

ઓલ પીપલ્સ ચર્ચ બાઇબલ કોલેજ (APC-BC) માં, એક સૈદ્ધાંતિક શિક્ષણની સાથે અમે ઈશ્વરના પ્રેમને પ્રદર્શિત કરવો અને પવિત્ર આત્માના અભિષેક અને હાજરીનો અનુભવ અને ઈશ્વરના દૈવીય કાર્ય ઉપર ભાર મૂકીએ છીએ. ઘણા બધા જુવાનો અહીં પ્રશિક્ષણ પ્રાપ્ત કરીને ઈશ્વરના દર્શનને તેમના જીવનમાં પૂરું કરવાને માટે તૈયાર થયા છે.

અમે ત્રણ કાર્યક્રમ ચલાવીએ છીએ.

- એક વર્ષ માટે સર્ટિફિકેટ ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (C.Th.)
- બે વર્ષ માટે ડિપ્લોમા ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (Dip.Th.)
- ત્રણ વર્ષ માટે બેચલર ઇન થીઓલોજી અને ક્રિશ્ચિયન મિનિસ્ટ્રી (B.Th.)

ક્લાસ દર અઠવાડિયે લેવામાં આવે છે. **સોમવારથી શુક્રવાર સવારે 9:00 થી બપોરે 12:00 સુધી, ભારતીય સમય અનુસાર (UTC+5:30).** અમે ત્રણ રીતે પ્રશિક્ષણ માટેના પર્યાય આપીએ છીએ.

- **ઓન કેમ્પસ**: વ્યક્તિગત તમે કોલેજમાં આવીને હાજરી આપો
- **ઓનલાઇન**: ઓનલાઇન દ્વારા તમે ક્લાસમાં હાજરી આપો
- **ઇ-લર્નિંગ**: પોતાની રીતે અમારી વેબસાઇટ ઉપરથી તમે શિક્ષા પ્રાપ્ત કરો. apcbiblecollege.org/elearn

**ઓનલાઇન અરજી** કરવા માટે અને વધુ માહિતી જેમ કે કોલેજ, અભ્યાસક્રમ, પાત્રતા, પ્રશિક્ષણની ફી અને અરજી કરવામાટેના ફોર્મને ડાઉનલોડ કરવામાટે apcbiblecollege.org ની મુલાકાત લો.

આપણે જાણીએ છીએ કે ઈશ્વર પોતાનાં શબ્દ દ્વારા કાર્ય કરે છે. એ રીતે ઈશ્વરે પોતાના શબ્દના સામર્થ્યને વહેતું કરીને સઘળી સૃષ્ટિનું સર્જન કર્યું. ઈશ્વરના શબ્દ જીવન અને તેમના પરાક્રમના વાહક છે કે જે આપણાં જીવનના દરેક પાસાઓને સ્પર્શે છે. ઈશ્વરે પોતાનાં શબ્દ આપણને આપ્યાં છે અને ઈશ્વર ઈચ્છે છે કે તે શબ્દ તેમના સામર્થ્ય થકી આપણામાં કાર્ય કરે. શબ્દને કેવી રીતે ગ્રહણ કરવા તે પણ ઈશ્વરે આપણને પ્રગટ કર્યું છે કે જેથી તે શબ્દમાં સમાયેલા જીવન અને સામર્થ્ય આપણામાં વહેતા થાય અને ઈશ્વરનું અલૌકિક કાર્ય આપણામાં પ્રસ્થાપિત થાય. જોકે એ સત્ય હકીકત છે કે ઈશ્વર પોતાનાં પવિત્ર આત્માના સામર્થ્ય દ્વારા પોતાનું પરાક્રમ અદભૂત માર્ગો, ચિન્હો અને ચમત્કારો દ્વારા દેખાડશે, પરંતુ આપણે એ ન ભૂલવું જોઈએ કે ઈશ્વર પોતાનાં શબ્દ દ્વારા પણ કાર્ય કરે છે. ઈશ્વર પોતાનાં શબ્દ દ્વારા જે પ્રગટ કરવા માંગે છે તે અલૌકિક કાર્યને ઘણાં વિશ્વાસીઓ જોવાનું ચૂકી જાય છે, કારણ કે તેઓ ચિન્હો અને ચમત્કારો જ શોધ્યા કરે છે. ઈશ્વરના શબ્દ, ચમત્કારિક બીજનું અલૌકિક સામર્થ્ય જે આપણામાં પ્રગટ કરવામાં આવે છે તેને પ્રાપ્ત કરવા અને તેનો અનુભવ કરવાના સરળ સત્યને સમજવામાં આ પુસ્તક આપણી મદદ કરશે.

**All Peoples Church & World Outreach**
# 319, 2nd Floor, 7th Main, HRBR Layout,
2nd Block, Kalyan Nagar, Bangalore 560 043
Karnataka, INDIA

Phone: +91-80-25452617
Email: contact@apcwo.org
Website: apcwo.org